જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

હૃદય હૃદયના સ્વામી એવા પ્રમુખસ્વામી મહારાજની ચિંતા કરતાં સેવકોને સ્વામીશ્રીએ કહી દીધું : 'આપણું તો થઈ રહેશે, પણ આ ભક્તોનું કોણ છે?' હા! કાઢી મુખેથી કોળિયા મોંમાં દઈ મોટા કર્યા... એ પંક્તિઓ સૌના મનમાં રમતી થઈ ગઈ

પ્રમુખસ્વામી એટલે હૃદય હૃદયના સ્વામી !

માનવમાત્ર ઝંખે છે અમરત્વ, ઈચ્છે છે શાશ્વત અસ્તિત્વ. કોઈ મને ક્યારેય ભૂલે નહીં, બધા મને કાયમ માટે યાદ કરે, સૌ કોઈ મને ચાહે. આવી અનેક અપેક્ષાઓની પૂર્તિ માટે તે જીવનભર ઝઝૂમતો રહે છે. પ્રભાવ પાડવા મથતો રહે છે, અનેક કાવાદાવા કરતો રહે છે, પણ અંતે સમયના સુનામીમાં સત્તા, શક્તિ, શાણપણ અને સમૃદ્ધિના જોરે પાડેલી છાપ ભૂંસાઈ જાય છે.

આજે વાત કરવી છે એક અમર અલગારી મહાપુરુષની. જેમણે નામ, દામ કે ઠામ માટે આજીવન લેશ પ્રયત્ન કર્યો નથી. છતાં જેમનું નામ આજે લાખો હૃદયોમાં અમીટ છાપ મૂકી ગયું છે, શાશ્વત સ્થાન જમાવી ગયું છે. કોઈ તેમને ભૂલવા ચાહે તો પણ ભૂલી શકતું નથી.

બાળકો કહે છે, અમારી આંગળી પકડી અમને સંસ્કારયુક્ત શિક્ષણના પંથે દોરનાર વહાલા સ્વામીને અમે કેમ ભૂલી શકીએ? યુવાનો કહે છે, અમને વ્યસન અને દુરાચારોથી સુરક્ષિત રાખી ઉજ્જવળ કારકિર્દી દેનાર સ્વામીને અમે કેમ વીસરી શકીએ? વડીલો કહે છે, સંસારના સંઘર્ષોમાં સાચી સમજણ અને સાથ આપીને સ્થિર રાખનાર સ્વામી અમને કેમ યાદ ન આવે? હા! તેમના એક વાર પણ યોગમાં આવનાર આબાલવૃદ્ધ ચિરંતન એમના બનીને રહેતા.

લાખો લોકોના લોહીનો લય અને હૃદયનો ધબકાર એટલે સીધા, સાદા, સરળ અને શાંત એવા પ્રમુખસ્વામી. શિક્ષણ માત્ર છ ચોપડીનું, પણ સાક્ષરોને ય શીખવા મળે તેવા સુઆયોજિત સેવાકાર્યો. વાણીમાં આંજી દે તેવો પ્રભાવ નહીં, પણ હૃદયસોંસરવી ઊતરે તેવી વાતો. વિશ્વ આખાના માંધાતાઓ ચરણે ઝૂકે પણ મુખ પર મોટાઈનો કોઈ દોર-દમામ નહીં. અમેરિકાની મહેલાતો હોય કે આદિવાસીઓના કૂબા, ચહેરાની એક રેખા પણ બદલાય નહીં. તેમની ભાષા ન સમજનારા વિદેશીઓ પણ તેમના વહાલના દરિયામાં તણાયા વિના રહે નહીં. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ક્લિન્ટન અને ભારતના રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પણ સઘળી પ્રવૃત્તિ મૂકીને પણ તેમનો પ્રેમ પામવા અચૂક દોડી આવતા. જ્ઞાતિ, સંપ્રદાય કે ધર્મના ભેદ ભૂલીને એ સૌને ચાહે, એટલે જ સૌ કોઈ તેમને ચાહે.

કર્ણાટકના આદિ ચુનચુનગિરિ મઠના પ્રસિદ્ધ સંત સ્વામી બાલગંગાધરનાથજીએ બેંગ્લુરુ પધારેલા પ્રમુખસ્વામી મહારાજને તા. 19-8-2006ના રોજ કહ્યું હતું : જગતમાં આપ જ એક એવું ઉદાહરણ છો કે જેમણે આટલાં બધાં મંદિરો બાંધ્યાં હોય અને આવા સંતો કર્યા હોય. ભગવાનના અવતાર હોય એ જ આવું કાર્ય કરી શકે. સૌને માતૃપ્રેમ આપીને આટલા બધા માણસોને ખેંચવા એ બહુ જ મોટી વાત છે. આપના દર્શન કરું છું ત્યારે સાક્ષાત્ ભગવાનના દર્શન થતાં હોય એવું અનુભવું છું.

પ્રમુખસ્વામી મહારાજ ધામગમન

13 ઓગસ્ટ

જેમના પોતાના હજારો-લાખો શિષ્યો હોય તેવા ધર્મગુરુઓ પણ પ્રમુખસ્વામી મહારાજના પ્રેમ સામે નતમસ્તક બની જતા. આવા સૌના સ્વામી પ્રમુખ-સ્વામી



મહારાજની પાંચમી ધામગમન તારીખ આવતીકાલે 13 ઓગસ્ટના રોજ આવે છે. તેઓ સદેહે આપણી વચ્ચે નથી, પરંતુ તેઓનો સ્નેહાળ સ્વભાવ આજે પણ આપણી આંખો સામે તરવરે છે, આપણી આંખોને ભીની કરે છે, હૃદયને દ્રવિત કરે છે.

માનવમાત્રના ભલા માટે 18,000 ગામોના 2,50,000 ઘરોમાં જનાર અને 7,00,000 પત્રો લખનાર સ્વામીજીને એક રાજકીય અગ્રણીએ પૂછ્યું કે વૃદ્ધ વયે પણ આપ આટલા ભક્તોને શા માટે મળો છો? ત્યારે સહજ ઉત્તર આપતાં તેઓ બોલી ઊઠ્યા હતા : 'સાહેબ! સ્વામિનારાયણ ભગવાનના વખતથી અમારે ભક્તો સાથે એવો પ્રેમ ચાલ્યો આવે છે.' હા! સર્વ જીવો માટે સ્નેહ હતો એટલે તેઓ આવરદાના અંતિમ દિન સુધી બધાને મળતા રહ્યા, રાજી કરતા રહ્યા.

આજે જ્યારે લોહીના સગાં પણ આફતોની આંધીમાં લજામણીની જેમ મુરઝાઈ જાય છે, ત્યારે સ્વામીશ્રીએ વટવૃક્ષ બનીને અનેકને અભયછત્ર પૂરું પાડ્યું હતું.

કેટલાંક વર્ષ પૂર્વે યાત્રાએ નીકળેલા કાઠિયાવાડના વાવડી ગામના ભક્તોને પ્રયાગક્ષેત્રમાં પ્રવાસના આયોજકે ભોજન આપવાની ના પાડી દીધી. જમવાની ખરેખરી સમસ્યા સર્જાઈ, ત્યારે તેઓને તે સમયે જ પ્રયાગ પધારેલા પ્રમુખસ્વામી યાદ આવ્યા. પરિસ્થિતિ જોઈને સ્વામીજીએ દિલ્હીથી પોતાના માટે લીધેલું ભાથું ભાવિકોને અપાવી દીધું. 'પણ સ્વામી! પછી આપના માટે શું રહેશે?' પોતાની આવી ચિંતા કરતાં સેવકોને તેમણે કહી દીધું : 'અરે! આપણું તો થઈ રહેશે, પણ આ ભક્તોનું આપણા વિના બીજું કોણ છે?'

'હા! કાઢી મુખેથી કોળિયા મોંમાં દઈ મોટા કર્યાં...' એ સંત પુનિતની પંક્તિઓ ઉપસ્થિત સૌના મનમાં તે ક્ષણે રમતી થઈ ગઈ.

સ્વામીશ્રીના સ્નેહની અનુભૂતિ કરનાર ગુજરાતના એક અધિકારી કહે છે : 'હું સારંગપુર મંદિર દર્શને ગયો ત્યારે સ્વામીજીએ મારા જોડા સાચવવાની ભલામણ એક સંતને કરી. મને થયું બાપા ભક્તોની સંભાળ તો રાખે જ છે, પરંતુ ભક્તોના જોડાની સંભાળ પણ રાખે છે.'

આવા એક નહીં, અનેક હૃદયોમાં સ્વામીશ્રીની પ્રેમકહાણીઓ સુવર્ણ અક્ષરે શોભી રહી છે. તેમના અગ્નિસંસ્કારના પવિત્ર સ્થાને સારંગપુરમાં ભક્તો સુંદર સ્મૃતિમંદિર બનાવી રહ્યા છે, પણ લાખો સંતો-ભક્તોનાં હૃદયોમાં સ્મૃતિમંદિરનું નિર્માણ તો તેઓ સ્વયં જ કરી ગયા છે અને આજે એ સ્મૃતિમંદિરોમાં સ્વામીજીના સ્નેહની શરણાઈઓ નિશદિન ગુંજી રહી છે.

પદ, પૈસા કે પ્રતિષ્ઠાથી મન કે મસ્તિષ્ક પર પ્રભાવ પડે છે પણ હૃદય પર શાસન તો પ્રમુખસ્વામી મહારાજ જેવા સદ્‌ગુણી સંતો જ કરે છે અને યુગો સુધી કરતાં રહેશે.

વર્ષાની જેમ સૌને ભીંજવનારા, પવનની જેમ સૌને પ્રફુલ્લિત કરનારા અને ધરતીની જેમ સૌને ખોળે ધરનારા પ્રમુખસ્વામી મહારાજના પાંચમા સ્મૃતિ પર્વે હૈયું એક જ સૂર રેલાવે છે:

'માતા-પિતા, સુત-નારી બંધુ રે,
સ્વામીનો સ્નેહ સૌથી વેંત વધુ રે...'

પ્રમુખસ્વામી એટલે હૃદય હૃદયના સ્વામી!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જો તમને જીવવું ગમતું ન હોય તો દોષ પરિસ્થિતિનો નહીં, મનોસ્થિતિનો છે

શું આપને જીવવું ગમે છે?

શું આપને જીવવું ગમે છે? આ પ્રશ્ન સાંભળીને તમને થોડું આશ્ચર્ય થયું ને કે આવો તે કંઈ પ્રશ્ન પૂછતો હશે? વળી, મનમાં ઘણા જવાબ પણ તરવરવા લાગ્યા હશે કે જીવવું છે એટલે જ તો મન મારીને પણ માસ્ક પહેરીએ છીએ. ગમતું નથી છતાં ઉકાળો અને નાસ લઈએ છીએ. કંટાળો આવે છે છતાં કસરત અને વૉકિંગ કરીએ છીએ. અરે ભાઈ! આ કોરોનાકાળમાં તો જે કરીએ છીએ તે બધું જીવવા માટે જ તો કરીએ છીએ.

આપની વાત કેટલેક અંશે સાચી તો છે જ, પરંતુ જીવવું અને જીવવું ગમે તે બે વચ્ચે ઘણો ફેર છે, કારણ કે ઘણું ન ગમતું પણ આપણે કરતાં જ હોઈએ છીએ ને? ઘણી વાનગી ન ભાવે તોય મૌન રાખીને ખાતાં હોઈએ છીએ. ઘણાં કપડાં ન ગમે તોય ચહેરો હસતો રાખીને પહેરતાં હોઈએ છીએ અને ઘણા સંબંધો ન ગમે તોય આપણે તેલ પૂરી-પૂરીને ટકાવતાં હોઈએ છીએ. તેમ ક્યારેક જીવવું ન ગમે તો પણ આપણે દુઃખ-દર્દ ઢાંકીને સુખનો મુખવટો પહેરીને જીવતાં હોઈએ છીએ, પણ ક્યારેક આપણી એ છુપી વેદના આપણાં જ વચનોથી જગ છતરાઈ થઈ જતી હોય છે.

મને જીવવામાં હવે બિલકુલ રસ નથી રહ્યો. હું એક જીવતી લાશની જેમ જીવું છું. આ સંતાનો ન હોત તો ક્યારનોય મરી ગયો હોત. હું શા માટે જીવું છું તે મને જ સમજાતું નથી. હા! આ બળાપો છે આપણાં પૈકીનાં જ અનેક હતાશ હૈયાઓનો.

ભગવાન સ્વામિનારાયણના ધામરૂપ સંત અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે : કરોડ રૂપિયા આપતાં પણ મનુષ્યદેહ મળે નહીં. દેવો પણ જે દેહને ઝંખે તેવું અમૂલ્ય માનવજીવન શા માટે આમ અચાનક ભારરૂપ લાગવા લાગે છે? માનવની જીવવાની આશા અને ઇચ્છા મિટાવનારાં પરિબળો છે, આર્થિક કટોકટી, તો ક્યાંક શારીરિક રોગો, પારિવારિક વિખવાદો, તો ક્યાંક ભયંકર ભૂલો, અસહ્ય અપમાનો તો ક્યાંક આઘાતજનક નિષ્ફળતાઓ અને પરિણામે હસતી-ગમતી જિંદગી દોજખ બની જાય છે. એટલે જ એક કવિએ કહ્યું છે : જિંદગી સાવ નાની છે, તોય મજાની છે. જો આવડે જીવતાં તો, નહીંતર પરેશાની છે. We are born crying, we live complaining and we die disappointed. આપણે રડતાં જન્મીએ છીએ, ફરિયાદ કરતાં જીવીએ છીએ અને હતાશ થતાં મરીએ છીએ. જીવનથી હારીને કે કંટાળીને થતાં આપઘાતની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. મોતનો વિચાર આવ્યા પછી પગલું ભરવાની હિંમત ભેગી કરી રહેલાઓના આંકડા તો હજી ક્યાં બહાર આવે જ છે.

દરેકનાં ઘરમાં રસોઈ બનાવવા માટેનું સીધું-સામાન વગેરે બધું લગભગ સરખું જ હોય છે. છતાં અમુકની રસોઈ વારે-વારે યાદ આવે છે ને અમુકની રસોઈ ફરિયાદ લાવે છે, કેમ કે રસોઈ બરાબર કરતાં આવડતી નથી. તેમ ભગવાન પણ બધાંને જીવન લગભગ સરખું જ આપે છે, પણ જેને જીવતાં આવડતું નથી તે રડતાં-રડતાં જીવે છે અને જે જીવી જાણે છે તે હસતાં-હસતાં જીવે છે.

એક વાર તળાવમાં ડૂબતા એક બાળકને સજ્જને બચાવ્યો. બાળકે 'થેન્ક્યૂ' કહ્યું ત્યારે સજ્જને કહ્યું, 'આભાર શાના માટે?' બાળકે લાગણીભેર કહ્યું, 'મારું જીવન બચાવવા માટે.' આ સાંભળી સજ્જને મર્મની વાત કરતાં કહ્યું, 'બેટા! તું મોટો થાય ત્યારે આ બચાવેલું જીવન સાર્થક થાય તેવું કરજે.' કોરોનામાં આપણે બચી ગયાં. અનેકની મદદથી બચી ગયાં. આપણને બીમારીમાં દોડી-દોડીને ઑક્સિજન, બેડ, વેન્ટિલેટર, રેમડેસિવિર કે પૈસાની વ્યવસ્થા કરી બચાવનાર ડૉક્ટર, સગાં કે મિત્રોને ક્યારેય એવું ન થાય કે આને ન બચાવ્યો હોત તો સારું થાત! આપણું જીવવું આપણને અને બીજાને પણ સાર્થક લાગે તે જીવન જીવ્યાં કહેવાય.

એક વાર કોઈકે પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો કે આપને જીવનમાં ક્યારેય અફસોસ થયો છે? પંચાણું વર્ષના જીવનમાં અનેક સફળતા અને નિષ્ફળતા, સુખદ અને દુઃખદ પ્રસંગોના સાક્ષી રહેવા છતાં તેઓએ તત્ક્ષણ ઉત્તર આપતાં કહેલું, 'અફસોસ શાનો? આનું નામ જીવન જીવ્યાં કહેવાય.'

આજે આપણી પરિસ્થિતિ કેવી છે? ઊઠવા-સૂવામાં, ખાવા-પીવામાં, લેવા-દેવામાં, જોવા-બોલવામાં, નોકરી-ધંધામાં વાતે-વાતે અને વારે-વારે કંટાળો, અકળામણ, થાક, વેઠ અને આવી ફસ્યાંની જ અનુભૂતિ થતી હોય છે. શહેર કે ગામડાંઓમાં પાદરે કે ઓટલે બેઠેલા વૃદ્ધોને પૂછો કે શું કરો છો? તો ઉત્તર મળે છે : બસ, સમય પસાર કરીએ છીએ, તેમ કેટલાંક લોકો પણ ખાલી વર્ષોને જ વિદાય આપતાં હોય છે. વીતેલાં વર્ષનો સંતોષ પણ નહીં અને આવનારાં વર્ષનો આનંદ પણ નહીં. સ્વાદિષ્ટ રસોઈ ખાતી વખતે પણ જો તમને મજા ન આવતી હોય તો વાંક મસાલાનો નહીં, આપણાં મનનો છે. તેમ જો તમને જીવવું ગમતું ન હોય તો દોષ પરિસ્થિતિનો નહીં, આપણી મનોસ્થિતિનો છે. મોજથી એવું જીવન જીવો કે તમને જોઈને ભગવાન પણ વિચારે કે જે આનંદથી જીવન જીવે છે તે ભલે પૃથ્વી પર થોડાં વર્ષ વધુ રહ્યાં, જે ત્રાસી ગયાં છે, જે જીવનની ફરિયાદો જ કરે છે, તેને જ વહેલાં તેડી લો!! પસંદગી તમારા હાથમાં છે!!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

દુઃખનું કારણ શક્તિનો નહીં પરંતુ સહનશક્તિનો અભાવ છે. સહનશીલતા એ સજ્જનતણો શણગાર છે, સંઘર્ષમુક્ત જીવનની ચાવી છે

સહન કરે તે શાંતિ પામે

અભિમન્યુના પુત્ર પરીક્ષિતની માતા ઉત્તરાના ગર્ભમાં શ્રીકૃષ્ણ ભગવાને સ્વયં રક્ષા કરી હતી, પણ એ જ પરીક્ષિત એકવાર જંગલમાં થોડી ભૂખ-તરસ સહન કરી ન શક્યા, શમિક ઋષિનું અપમાન કરી બેઠા અને છેવટે શાપને કારણે તક્ષક નાગના દંશથી મૃત્યુ પામ્યા. દુઃખનું કારણ શક્તિનો નહીં પરંતુ સહનશક્તિનો અભાવ છે. જેમ રોગપ્રતિકારક શક્તિના અભાવે રોગનું આક્રમણ થાય તેમ સહનશક્તિના અભાવે આફતનું આક્રમણ થાય છે. ખાવા-પીવામાં વહેલું-મોડું થાય અથવા રેડ સિગ્નલ કે બંધ ફાટક આગળ ઊભાં રહેવું પડે કે કોઈ મજાક-મશ્કરી કરી જાય, અપેક્ષા મુજબ વસ્તુ કે વાતાવરણ ન મળે કે આપણને ગમે તેવું કોઈ વર્તન ન કરે. આવા સંજોગોમાં સહનશીલતા ન હોય તો ઉદ્દભવે છે વાતે-વાતે વિવાદો અને સહેજ સહેજમાં સંઘર્ષો. છેવટે આપણો સાચો રંગ ઉઘાડો થઈ જ જાય છે.

અમદાવાદમાં પુત્ર ધવલને સાઈકલ લેવાની ના પાડી તો કેરોસીન છાંટી લીધું. વડોદરામાં પુત્રીને મોબાઈલ આપવાની ના પાડી તો ગળે ફાંસો ખાઈ લીધો. રાજકોટમાં બટરવાળા પાઉં ન લાવી દીધા તો પત્નીએ ઝેરની ટીકડીઓ ખાઈ લીધી. પ્રત્યેક પરિવારમાં પતિ-પત્ની, સાસુ-વહુ કે માબાપ-સંતાનો વચ્ચે સર્જાતાં વિખવાદોના મૂળમાં સાધન-સામગ્રીનો નહીં પણ સહનશીલતાનો અભાવ જ નડે છે.

પ્રસિદ્ધ વિજ્ઞાની આઈન્સ્ટાઈન પણ કહેતાઃ Tolerance is the real test of civilization. સહનશીલતા જ સંસ્કૃતિની સાચી કસોટી છે. બોક્સિંગની રમતના જાણકારો કહે છે કે તમે બીજાને કેટલા મુક્કા મારી શકો છો તે કરતાં તમે બીજાના કેટલા મુક્કા સહન કરીને પણ ઝઝૂમી શકો છો તે વધારે અગત્યનું છે. જીવનમાંય કંઈક આવું જ છે. યુદ્ધમાં બીજા પર વાર કરવા માટે ખાલી તલવાર લઈને જ જવાનું હોતું નથી પણ સામેવાળાના વાર સહન કરી શકે તેવી ઢાલ પણ સાથે રાખવાની હોય છે. તો વળી વિશ્વવિખ્યાત અક્ષરધામ મંદિરના સંકલ્પકર્તા પ.પૂ. યોગીજી મહારાજ તો કહેતાઃ સહનશક્તિ એ જબરો ગુણ છે. કોઈ બે શબ્દ કહે તો ખમવું, આપણી ભૂલ ન હોય તો પણ ખમવું. સહન કરે તે એકાંતિક.

કેટલાંક માને છે કે સહન કરવું તે લાચારી અને કાયરતા છે. શબ્દ કોણ સહન કરે? બોલવાની તાકાત ન હોય તે. અગવડ કોણ સહન કરે? આક્રમક અવાજ ન કરી શકે તે. અન્યાય કોણ સહન કરે? નિર્બળ હોય તે. એટલે જ આજે જેમ-જેમ Intelligence Power વધે છે તેમ-તેમ Tolerance Power ઘટે છે.

હું શું કામ સહન કરું? દર વખતે મારે જ સહન કરવાનું? અમે કાંઈ હાથમાં બંગડીઓ નથી પહેરી. અમનેય બોલતાં આવડે છે. ઈંટનો જવાબ પથ્થરથી જ અપાય. પોચાં રહીએ તો બધાં દબાવે, માટે ફૂંફાડો તો મારવો જ પડે. આ છે નવી પેઢીની માનસિકતા. બુદ્ધિ, ધન, રૂપ, કુળ, સત્તા, શક્તિ અને આવડતનાં માનને લીધે શારીરિક કે શાબ્દિક, પારિવારિક કે આર્થિક સમસ્યાના થોડાક ઘા સહન કરવાની લેશ પણ તૈયારી હોતી નથી. પણ મિત્રો! અવતારો અને મહાપુરુષોએ અપાર સામર્થ્ય હોવાં છતાં કેટકેટલું અને કેટકેટલાનું સહન કર્યું છે તે શું તમે નથી જાણતા? શ્રીરામે વગર વાંકે કૈકેયીના વચને 14 વર્ષનો વનવાસ સહન કર્યો. લક્ષ્મણે વગર વાંકે ભાભી સીતાના શબ્દો સહન કર્યા તો સીતાએ વગર વાંકે રાજ્યત્યાગનો અન્યાય સહન કર્યો.

જન્મથી માતા-પિતાનો વિયોગ અને બાળવયે રાક્ષસોનો ત્રાસ, ગ્રામજનોની નાહક ફરિયાદો અને પરિવારજનોના આક્ષેપો, વહાલી ગોપીઓનો વિરહ અને કૌરવોના અવિરત કપટ બધું જ શ્રીકૃષ્ણ પ્રભુએ હસતે મુખે સહન જ કર્યું હતું ને! બદલો લેવા માટે સક્ષમ હોવા છતાં અનેકનું સહન કરનાર શ્રીકૃષ્ણ પણ અર્જુનને ગીતામાં કહે છેઃ હે અર્જુન! સુખ-દુઃખને તું સહન કર. કેમ કે કેટલીક સમસ્યાઓમાં સહન કરવા સિવાય કોઈ જ વિકલ્પ હોતો નથી.'

૯૨ વર્ષની વૃદ્ધ વયે સારંગપુરમાં બિરાજમાન પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને સંતોએ પૂછ્યું, 'આપને શરીર દુખે છે?'

આ સાંભળીને તેઓ કહે, 'શરીર હોય એટલે થોડો-ઘણો દુખાવો તો હોય જ.'

સંતોએ કહ્યું, 'દુખાવો હોય તો પછી અમને જણાવવું જોઈએ ને!'

હળવાશથી ઉત્તર આપતા સ્વામીજી બોલ્યા, 'બીજાને જણાવવાથી દુઃખ ઓછું થાય? ઉપરથી આપણું દુઃખ જાણીને બીજા પણ દુઃખી થાય તે કરતાં એકલા જ સહન કરવું શું ખોટું!'

લાગણીસભર ભાવથી સંતો કહે, 'પણ આપ ક્યારેય દુઃખની એક ફરિયાદ પણ કેમ કરતા નથી?'

આ પ્રશ્નનો ઉત્તર આપતા સ્વામીજીએ કહ્યું, 'દુઃખ આવ્યું જ છે તો તેને હસતાં-હસતાં સહન કરવું કે રડતાં-રડતાં. પસંદગી તમારા હાથમાં છે!'

પ્રતિ દિન દુઃખોના દસ્તાવેજ અને ફરિયાદોની ફાઈલો લઈને જીવતી માનવજાત માટે કેટલો સુંદર અનુભવસિદ્ધ સંદેશ છે. સહનશીલતા એ સજ્જનતણો શણગાર છે, સંઘર્ષમુક્ત જીવનની ચાવી છે અને સંસારની અનેક ઉપાધિ માટે અસરકારક ઔષધ છે. જો સહનશક્તિનો સદ્દગુણ કેળવી લેશો તો ગમે તેવાં અપમાનો કે અગવડો વચ્ચે તમે ક્યારેય ઈશ્વરને ફરિયાદ નહીં કરોઃ હે પ્રભુ! Why me? પણ ખુમારી અને કેફથી કહેશોઃ હે પ્રભુ! Try me.

તો ચાલો, જેલમાં જન્મ અને પારધીના તીરે મૃત્યુ ગ્રહણ કરનાર કૃષ્ણ પરમાત્માના જન્મદિને સહનશીલ વર્તનની ભેટ ધરીએ.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

મનની નિર્બળતા માટે દોષિત પણ માનવ જ છે. શરીરની સુંદરતા, સુડોળતા અને સ્વસ્થતા મેળવવા ઉત્સાહી માણસ મનના ઘડતર માટે બેફિકર રહે છે. કદાવર અને ખડતલ વ્યક્તિઓ પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં મનનું સંતુલન જાળવી શકતાં નથી

સાચી માવજત : તનની કે મનની ?

દ્રૌપદીના સ્વયંવરમાં અતિ કઠિન કસોટીમાં અર્જુન વિજયી થયા. ત્રાજવાંના બે પલ્લાંમાં પગ સ્થિર કરી મત્સ્યવેધ કર્યો. મનની આવી અસીમ એકાગ્રતાને વરેલા અર્જુને પણ શ્રીકૃષ્ણને કહ્યું હતું : 'ભ્રમતિવ ચ મે મનઃ', મારું મન ભમે છે, હું ચંચળ મનને સ્થિર કરી શકતો નથી. આ વેદના પાંચ હજાર વર્ષ પૂર્વેના એક પાર્થની જ નહીં, પણ આજે પૃથ્વી પર વસતા પ્રત્યેક પાર્થની છે.

માણસની અપાર શક્તિ અને સામર્થ્યની વંદના કરતાં કહેવાયું છે કે કાળા માથાનો માનવી ધારે તે કરી શકે. હજારો માણસોને ગોદમાં સમાવે તેવા પ્લેન બનાવી આભને આંબતો થઈ ગયો તો આકાશે આવાસ બનાવી ગગને વિહરતો થઈ ગયો. હજારો ટન સામગ્રી સાથે સમંદર પર સરકવા લાગ્યો તો પવન સાથે બાથ ભીડે તેવી બુલેટ ટ્રેનમાં મહાલવા લાગ્યો. દુનિયા આખીને મુઠ્ઠીભર મોબાઈલમાં માણતો થઈ ગયો તો પલકારે પરિવર્તન કરે તેવા મશીનોની માયાજાળ ગૂંથતો થઈ ગયો. મજબૂત મનના માનવીઓની સિદ્ધિઓ જોઈને એમ જ કહેવું પડે : 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.'

છતાં પર્વતને પડકારનારો માનવ આજે પોતાના મન સામે કેમ માયકાંગલો પૂરવાર થાય છે? જંગલી પશુઓને આંગળીને ઈશારે નચાવનારો માનવ આજે પોતાના મન આગળ કેમ નાચવા લાગે છે? ભૂકંપે અડીખમ રહે તેવા નિવાસો રચનારો માનવ આજે મનના એક ઝપાટે કેમ ભોંયભેગો થઈ જાય છે? આજના વિશ્વની સમસ્યા અસ્થિર અર્થતંત્ર નહીં, પણ અસ્થિર માનસતંત્ર છે.

સવારે વહેલાં ઊઠવાનું કે ઓછું ખાવાનું, નિત્ય કસરત કે વોકિંગ કરવાનું નક્કી કરું છું, પણ મન રોજ રમાડી જાય છે. સાયન્સ લેવું કે કોમર્સ, દેશમાં ભણવું કે વિદેશ જવું, નોકરી કરવી કે ધંધો કરવો મારું મન કોઈ નિર્ણય જ કરી શકતું નથી. ખરાબ વિચારો કે વ્યસનો સામે, કુટેવો કે ક્રોધી સ્વભાવ સામે મારું મન હંમેશાં હિંમત હારી જાય છે. અભ્યાસ કે સ્પોર્ટ્સમાં મળેલી નિષ્ફળતાને અને પ્રેમ કે પરિવારમાં થયેલ કટુ અનુભવને મારું મન ભૂલી જ શકતું નથી. હા! કોઈકનું મન સાવ ભાંગી ગયું છે, તો કોઈકનું સાવ થાકી ગયું છે. એટલે જ તો આજે મનોચિકિત્સકોના દરવાજે મોટી લાઈનો લાગે છે.

મનની નિર્બળતા માટે દોષિત પણ માનવ જ છે. શરીરની સુંદરતા, સુડોળતા અને સ્વસ્થતા મેળવવા માટે ઉત્સાહી માણસ મનના ઘડતર માટે બિલકુલ બેફિકર રહે છે. ઘણા સમયથી મંદિરે કે સત્સંગમાં ગેરહાજર રહેનાર યુવકને સંતોએ પૂછ્યું : 'સર્વિલ! સત્સંગમાં કેમ દેખાતો નથી?' 'સ્વામી! હવે હું જીમ્નેશિયમમાં મારી ફિટનેસ માટે સમય આપું છું એટલે મંદિરે આવવાની ફુરસદ રહેતી નથી.' નચિંત થઈને યુવકે પ્રત્યુત્તર આપ્યો. સંતોએ કહ્યું : 'જીમમાં જવાથી શું શું મજબૂત થાય?' છાતી, પેટ, બાવડા, જાંઘ તરફ નિર્દેશ કરતાં તેણે કહ્યું, 'જુઓ, ગમે તેવા પ્રહાર સામે ટકે તેવું મજબૂત થઈ ગયું છે ને બોડી!' તેણે ઉમંગ અને બહાદુરીપૂર્વક સ્વશરીરની પ્રશંસા કરી. મનને અવગણી કેવળ તનની સંભાળમાં લાગેલ તેની બુદ્ધિને ઢંઢોળવા સંતે પૂછ્યું : 'કોઈના અપશબ્દો કે અપમાનના ઘા સામે, કોઈની ટીકા કે બેવફાઈ સામે આ કસાયેલું શરીર ટકી શકશે ખરું?' 'ના ના સ્વામી! આવું કંઈ થાય તો તો ડિસ્ટર્બ થઈ જવાય છે. રુઝ ન આવે તેવી માનસિક ઈજા થઈ જાય છે.' હા! કદાવર અને ખડતલ શરીર ધરાવનાર વ્યક્તિઓ પણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં મનનું સંતુલન જાળવી શકતાં નથી.

હોકીની રમતમાં ભારતને પાંચ વાર ઓલિમ્પિક્સમાં સુવર્ણચંદ્રક જીતાડી આપનાર રમતવીર કુંવર દિગ્વિજયસિંહે બાવન વર્ષની વયે માથામાં ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી.

પોતાના ગીત, સંગીત અને નૃત્યની પ્રસ્તુતિથી વિશ્વના કરોડો લોકોના મન જીતનાર પોપ સિંગર માઈકલ જેક્સન પોતાના પુસ્તક 'ધ મેજિક એન્ડ મેડનેસ'માં લખે છે : 'People think they know me, but they don't. Actually, I'm one of the loneliest person on this earth. I cry sometimes, because it hurts.' (હું ઘણી વાર રડું છું. એકલતા મને પીડે છે. સાચું કહું તો, મારું અસ્તિત્વ જ મને પીડે છે.) દિવસ-રાત ચાહકોથી પૂજાતો હોવા છતાં મનનો ખાલીપો જ મૃત્યુનું કારણ બન્યો. મણિરત્નમાલામાં શંકરાચાર્ય કહે છે : 'જીતમ્ જગત કેન? મનો હિ યેન!' જેણે મન જીત્યું તેણે જ સર્વ જગત જીત્યું.

સર્વ સુખ કે દુ:ખમાત્રનું કારણ એવા અશાંત અને અસ્થિર મનને વશ કરવાનો ઉપાય બતાવતાં શ્રીકૃષ્ણ ભગવદ્ ગીતામાં કહે છે : 'મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે, પણ અભ્યાસ અને વૈરાગ્ય વડે તેને વશ કરાય છે.'

માનવમનની શુદ્ધિ અને સંવૃદ્ધિ તથા સ્થિરતા અને સલામતી માટે 1300 મંદિરોનું નિર્માણ કરનાર યુગવિભૂતિ સંત પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ કહેતા : 'મનને સ્થિર કરે તે મંદિર, મનને શાંત કરે તે મંદિર.'

ચાલો, આપણા મનને અસ્થિર કરનાર અનિષ્ટોથી દૂર રહીને મનને મજબૂત કરે તેવા મંદિરો અને સ્થિર કરે તેવા ગુણિયલ સંતોના સંગમાં રહી મનનું ઘડતર કરીએ, ફક્ત શરીરની જ નહીં, મનની પણ જાળવણી કરીએ, કેમ કે કવિ મિલ્ટને કહ્યું છે : 'Mind can make a heaven of hell, a hell of heaven.' મન જ નરકમાંથી સ્વર્ગનું અને સ્વર્ગમાંથી નરકનું નિર્માણ કરી શકે છે.

જીવન માંગલ્ય
સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પહેલાં શહેરે બિરાજનાર ગણપતિ હવે શેરીએ અને ઘરે-ઘરે બિરાજવા લાગ્યા છે

ગણતર શીખવે ગણપતિ

વિઘ્ન મૂરત અને મનભાવન સૂરત એટલે મંગલમૂર્તિ શ્રી ગણપતિ. હિન્દુત્વના રંગે રંગાયેલ કોઈ પણ વ્યક્તિ, જ્ઞાતિ, સમાજ, ધર્મ કે સંપ્રદાયના શુભ પ્રસંગે ગણપતિનું સ્થાપન અને સ્મરણ અચૂક હોય જ. કાયમી પૂજાતા દુંદાળા દેવ ગણેશચતુર્થીએ ધામધૂમથી રંગે-ઉમંગે પૂજાય છે.

પહેલાં શહેરે-શહેરે બિરાજનાર ગણપતિ હવે શેરીએ-શેરીએ અને ઘરે-ઘરે બિરાજવા લાગ્યા છે. ગણપતિના સ્થાપનના પાયામાં ક્યાંક અમીરોની રિદ્ધિ, તો રાજકીય પક્ષોની સિદ્ધિ, ક્યાંક ભાવિક ભક્તોની શુભભક્તિ, તો દ્રવ્યવાંછુકોની લાભવૃત્તિના દર્શન થતાં હોય છે. ગણપતિ પધરાવે એટલે રિદ્ધિ-સિદ્ધિ કે શુભ-લાભરૂપી તેમનો પરિવાર તો આવવો જ જોઈએ ને!

એક શહેરમાં ગણેશ મહોત્સવને વામનમાંથી વિરાટ સ્વરૂપે લઈ જનાર એક પ્રેમીએ જ દિલ ખોલતાં કહ્યું હતું : હું જેમ જેમ ગણપતિની સાઈઝ વધારતો ગયો, આરતી ઉતારવા માટે મહાનુભાવોની અને દર્શન-પ્રસાદ માટે સામાન્ય જનતાની સંખ્યા વધારતો ગયો, તેમ તેમ પાર્ટીમાં મારી સાઈઝ પણ વધતી ગઈ. વિનાયકનું તો સ્થાપન-વિસર્જન થાય, પણ તેમની દયાથી મારું કાયમી સ્થાપન થઈ ગયું છે.

બધાને ગણેશજી ગમે છે તેનું એક કારણ : તેઓ વિઘ્નહર્તા દેવ છે, પણ શું કોઈ ગણપતિની મોટી મૂર્તિ પધરાવી દારૂ કે જુગારનો ધંધો કરે એટલે વિઘ્ન ન આવે? વિદ્યાર્થી વર્ષ આખું મહેનત ન કરે અને પરીક્ષામાં ગણેશાય નમ: લખી નાંખે એટલે શું પાસ થઈ જાય? ગાડીમાં ગણપતિને આગળ રાખી રોંગ સાઈડમાં કે ઓવર સ્પીડમાં ચલાવે એટલે શું અકસ્માત ન થાય? ખેડૂત ખેતરમાં જરાય સંભાળ ન રાખે અને સવાર-સાંજ ગણપતિની આરતી ઉતારે તો શું પાક મબલખ થાય?

કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ માટે ગણપતિનું સ્મરણ તો જરૂરી છે, પણ તેમનું અનુસરણ તો વધુ જરૂરી છે. ગણપતિનું પૂજન તો લાભદાયી છે જ પણ તેમની જીવનશૈલીનું અનુકરણ તો વિશેષ ફળદાયી છે. આજે વિનાયકના વિવિધ અંગોમાંથી જ અનેરી પ્રેરણા પામીએ.

1) ઝીણી આંખો : ઝીણી આંખો સૂક્ષ્મ દૃષ્ટિનું પ્રતીક છે. તે ખરા-ખોટાનો ભેદ પારખી જાય છે. ગણપતિ કહે છે કે મળનાર માણસ લાખનો છે કે રાખનો તે ઓળખતાં શીખી લેજો. વસ્તુ કે વ્યક્તિનું ખાલી રૂપ નહીં, પણ તેનું સ્વરૂપ જોજો. જેથી પાછળથી પસ્તાવું ન પડે કે આવું નહોતું ધાર્યું.

2) લાંબી સૂંઢ : લાંબી સૂંઢ દૂરથી જ પરિસ્થિતિને પારખતાં શીખવે છે. સંભવિત સમસ્યાઓની પૂર્વ તૈયારી કરવી જ રહી. જેટલું કમાઈએ તેટલું વાપરવાની નહીં, પણ ભવિષ્યની આફત માટે સાચવવાની પણ વિચારધારા કેળવવી જોઈએ. જે માર્ગમાં આવનારાં ખાડાને દૂરથી નથી જોઈ શકતાં તેને જ વધુ રોડાં ખાવા પડે છે.

3) સૂપડાં જેવા કાન: સૂપડાં જેવા મોટા કાન સૌનું સાંભળવાનો સંદેશ આપે છે. જેમ ખખડતાં વાસણ પર હાથ મૂકવાથી શાંત થાય છે તેમ બબડતી વ્યક્તિને કાન આપવાથી શાંત થાય છે, પણ કાનમાં પ્રવેશેલી વાતોમાં સાર-અસારનો વિવેક કરતાં સૂપડું શીખવે છે. આ વિવેક ચૂક્યાં એટલે જ કૈકેયી દાસી મંથરાના શબ્દોમાં આવી ગયાં. કાચા કાનનાં બની રામને વનમાં ધકેલી દીધા. ગજાનન કહે છે અસત્યને અટકાવી શકે તેવું ફિલ્ટર કાનમાં જરૂર રાખજો.

4) વિશાળ ઉદર : મોટું પેટ કેવળ ઝાઝું ખાવાની ક્ષમતાનું જ નહીં, પણ ઝાઝું ખમવાની ક્ષમતાનું પણ દ્યોતક છે. સમુંદર જેવા મોટા પેટવાળા બની અનેકના સારા-નરસા જળ-મળને સમાવી લેવાનાં હોય છે. શરણે આવેલાંની ભૂલોને નભાવી લેવાની હોય છે. કોઈનું જોયેલું-જાણેલું બધું વાઈરલ કરવાનું નથી હોતું, પણ પાતાળસમા પેટમાં સમાવી દેવાનું ગણપતિ શીખવે છે.

5) એક દાંત : એક ખીલ કે એક ડાઘ, એક ખોડ કે એક ખામી વ્યક્તિને માનસિક વિકલાંગ કરી નાંખે છે. વ્યક્તિ પોતાની પાસે જે નથી તેની ચિંતામાં જે પાસે છે તેનો બિલકુલ આનંદ લઈ શકતી નથી. ગણપતિના જીવનમાં એક દાંત ગુમાવ્યાની વેદના નહીં, પરંતુ એક દાંતે દર્શાવેલ વીરતા જ દેખાય છે. ઉપર પશુનું અને નીચે માનવનું સ્થૂળ શરીર હોવા છતાં આજે ગણેશજી સર્વત્ર પૂજાય છે. આદરનું કારણ ખાલી સુંદરતા નહીં, પણ પવિત્રતા છે.

6) સામાન્ય વાહન ઉંદર : વિશ્વ આખું લંબોદરને પૂજે છે તોય તેઓ ઉંદર જેવા સામાન્ય વાહનથી ચલાવે છે. જ્યારે માણસ પહોંચ ન હોય છતાં પ્રભાવ પાડવા દિનરાત મથે છે. વ્યાજે પૈસા લાવીને પણ ઘર, ગાડી, લગ્ન કે રીસેપ્શન પાછળ મોટા ખર્ચ કરીને સ્ટેટસ જાળવે છે. હરિયાણામાં એક ઉદ્યોગપતિના દીકરા પાસે મોંઘીદાટ BMW કાર તો હતી જ. તેની ઈચ્છા મુજબ પિતાએ જગુઆર ગાડી લેવાની ના પાડી તો ગુસ્સે થઈ BMW ગાડી નહેરના પાણીમાં નાખી દીધી. જે મળે તેનાથી ચલાવી લેવાનો ગણપતિ ગુણ શીખ્યો હોત તો આ દુર્ઘટના ન સર્જી હોત.

એક નામાંકિત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર એક વાર બોલ્યા હતા : We are producing educated monkeys. અમે ભણેલાં વાંદરા જ તૈયાર કરીએ છીએ અને સંસ્કાર, સાહસ, સંયમ, શ્રમ અને સેવા વગર કેવળ સર્ટિફિકેટના આધારે ઊછરતી અને ઊછળતી યુવા પેઢીનાં પરાક્રમોને આપણે જાણીએ જ છીએ ને!

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ કહે છે : લક્ષણ વગરનું શિક્ષણ ભક્ષણ કરે છે. જો આજના આધુનિક ભણતરમાં ગણપતિનું ગણતર ઉમેરવામાં આવે તો ભણેલાં વાનર આદર્શ માનવ બની જશે. વિસર્જન પહેલાં આપણામાં ગણપતિ જેવા ગુણોનું વિશેષ સર્જન થાય તો તે વિસર્જન સાચું.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

હાર જીવનમાં પહેરવો ગમે છે, પણ હાર સ્વીકારવી કોઈને ગમતી નથી

હારીને જીતવાની કળા

જીવમાત્રને જીત ગમે છે, વ્યક્તિમાત્રને વિજય ગમે છે. એટલે જ You can win, જીત આપ કી, બનો નંબર વન, સફળતા તમારા શિરે જેવા વિજયની વરમાળા પહેરાવતાં પુસ્તકો ખૂબ વેચાય છે અને વંચાય છે. બુદ્ધિ, શક્તિ કે ક્ષમતા હોય કે ન હોય પણ વિજયી દરેકને થવું જ છે. માણસને વળગેલા જીતના આ વળગણનો ગેરલાભ લઈ મોટિવેશનલ સ્પીકરો હોશિયારીપૂર્વક સફળતાનાં મંત્રો અને સૂત્રો બોલી મોં માંગ્યા પૈસા લઈને સારી પેઠે સૌને ધુણાવે છે.

જીતવાની તમન્ના માણસના જનીન કે જીવમાં ધરબાયેલી છે. આ જાણવા છતાં વાત કરવી છે હારવાથી થતા લાભની! હાર જીવનમાં પહેરવો ગમે છે, પણ હાર સ્વીકારવી કોઈને ગમતી નથી એટલે જ જીતવા માટે છળ, કપટ, અન્યાય કે અનાચાર કરતાં અચકાટ થતો નથી.

વર્ષો પૂર્વેના શ્રેષ્ઠ રાજ્ય વલ્લભીપુરના શિલાદિત્ય રાજાની દીકરીને કાકુ નામે કરોડોપતિ શેઠની દીકરી પાસે રહેલી કાંસકી ગમી ગઈ. તેણે માંગી પણ શેઠની દીકરીએ આપવાની ના પાડી. રાજાએ પોતાની દીકરીની જીદ જોઈ શેઠ પાસેથી તે કાંસકી પરાણે છીનવી લીધી. ધનપતિ શેઠ રાજા સામે થયેલ પોતાની આ હાર પચાવી ન શક્યા. તેણે સિંધના રાજાને કરોડ રૂપિયાની સોનામહોર આપી વલ્લભીપુર તેડાવી પોતાના રાજા પર જ ચડાઈ કરાવી. કાકુ શેઠે કાંસકી પડાવી લેનાર રાજાને કપટ કરી હરાવ્યો અને જીતનો જશન મનાવ્યો, પણ સિંધના બાદશાહે કાકુ શેઠને દગાબાજ માની મોતને ઘાટ ઉતારી નાખ્યો. આમાં કોની જીત થઈ? સત્તાના જોરે કાંસકી પડાવી લેનાર રાજાની કે સંપત્તિના જોરે રાજાને હરાવનાર શેઠની?? આવી જીતમાં મેળવવા કરતાં ગુમાવવાનું જ વધુ હોય છે. અરે! વસ્તુ જીતવા માટે મોટે ભાગે વ્યક્તિ ગુમાવવી પડતી હોય છે.

જીતની ભાવના રમત કે પરીક્ષા પૂરતી મર્યાદિત રહે તો વાંધો નથી, પણ તે પરિવારમાં આવે છે ત્યારે પ્રશ્ન ઊભા કરે છે. ખાલી સ્પર્ધકો સામે જ નહીં, સ્વજનો સામે પણ મારી જીત જ થવી જોઈએ આ માનસિકતા અનેકને દુ:ખી કરે છે. ઘણા લોકો બડાશપૂર્વક બોલતાં હોય છે કે મારા ઘરમાં મારી સામે કોઈ ન બોલે, બધું મારું ધાર્યું જ થાય, બધા મારી સામે નમતું જોખી જ દે.

મુંબઈમાં એક ધનિક બાપ દીકરીને આગ્રહપૂર્વક પોતાનું ધાર્યું જ કરાવે. પોતાના બાપનો જીદરૂપી જીતનો નશો ઉતારવા માટે દીકરીએ એક ઘાટીના છોકરા સાથે લગ્ન કરી લીધા. કેવળ બાપને બતાવી દેવા માટે જ તે છોકરી 2 માળનો બંગલો છોડી બરાબર સામે આવેલ સામાન્ય ઝૂંપડીમાં રહે. બાપ જુએ તેમ રોડ પર બેસી વાસણ ઘસે. અંતે બાપે હાર સ્વીકારી, માફી માંગી પાછી આવવા વિનંતી કરી, પણ દીકરી ન માની. થોડા વર્ષ પછી અસહ્ય ગરીબી અને તકલીફોથી કંટાળી દીકરી બાપના બંગલામાં પાછી આવવા તૈયાર થઈ, ત્યારે બાપે ના પાડી દીધી. હવે હુંય તને દેખાડી દઉં છું કે જીત કોની થાય છે? કહો જોઈએ, આમાં કોની જીત કહેવાય? જાતને બરબાદ કરીને મળતી જીત કરતાં હાર સ્વીકારવી શ્રેષ્ઠ છે.

જીવનનું ગણિત જુદું છે. અહીં હારીને જીતાય છે. એક વાર પતિ-પત્ની પત્તા રમતાં હતાં. પતિ દર વખતે જાણીજોઈને હારી જતા અને પત્નીને જીતવા દેતા. આ જોઈ પત્નીએ કહ્યું : 'તમે દર વખતે કેમ બાજી હારી જાવ છો?'

પતિએ હળવે રહીને ઉત્તર આપતાં કહ્યું : 'હું બાજી હારી જાઉં છું, પણ તારું દિલ જીતી જાઉં છું.'

આપણે અનેક વાર જોયું અને અનુભવ્યું છે કે મોટી ઉંમરના અને વધુ આવડતવાળા વડીલો પણ નાનાં બાળક સાથે રમે, ત્યારે જાણીજોઈને પોતે હારે છે, પોતે આઉટ થઈને સંતાનોને નોટ આઉટ રાખે છે. જે પોતાના હોય તેની સામે જીતવાની મજા કરતાં હારવાની મજા વધુ હોય છે.એક વાર આણંદ શહેરમાં પધારેલ ભગવાન સ્વામિનારાયણ, સંતો અને ભક્તોનું ત્યાંના અજ્ઞાની લોકોએ અપમાન કર્યું. ગાળો, ધૂળ અને માટીનો વરસાદ વરસાવ્યો. વિના વાંકે થતી આવી ઉપેક્ષા જોઈ સાથે રહેલા શૂરવીર ભક્તોનું લોહી ઉકળી ગયું. તેઓએ જેવા તલવાર પર હાથ મૂક્યા. ત્યાં જ ભગવાન સ્વામિનારાયણે તેમને હસતે મુખે અનાદર સહન કરવાનો આદેશ આપી દીધો. શક્તિ અને ક્ષમતા હોવાં છતાં હડહડતું અપમાન ઝીલ્યાં પછી પણ શ્રીજી મહારાજ ભક્તો સામે જોઈ એમ બોલ્યા : આજે આપણે ઈડરિયો ગઢ જીત્યા. બીજાને મતે આ હાર હતી, પણ તેમના મતે આ જીત હતી અને ખરેખર જો સામસામે બાંયો ચઢાવી હોત તો ખૂન-ખરાબા થયા હોત, પણ શાંત રહ્યા તો અંતે અબુધજનોને પોતાની ભૂલ સમજાઈ. સામેથી આવી માફી માગી. સત્સંગનો સ્વીકાર કર્યો અને આજીવન સેવા કરતાં થઈ ગયાં. આને જ કહેવાય ને હારીને જીતવાની કળા!

એક ભાઈના લગ્નજીવનને 25 વર્ષ પૂરાં થયાં. સંતોએ જ્યારે તેમના સફળ ગૃહસ્થ જીવનનું રહસ્ય પૂછ્યું ત્યારે કહે : સ્વામીજી! હું સમયે સમયે અટકી ગયો એટલે આજ સુધી ટકી ગયો. નમી ગયો એટલે સંસાર નભી ગયો. લગ્નની ચોરીમાં જે ક્ષણે હાર સ્વીકાર્યો, ત્યારથી જ નક્કી કર્યું હતું કે હવે હાર સ્વીકારતા શીખીશ તો જ આ સંઘ કાશીએ પહોંચશે.

મિત્રો! દલીલથી દબાવવાનું કે ઝઘડીને જીતવાનું ભૂલી સ્વજનો સામે ઝૂકી જજો. ભલે તેમાં તમારી હાર લાગે, પણ આ જ તમારી સાચી જીત બની રહેશે!

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભગવાનની કોઈ પણ કથા હોય તે રસપૂર્ણ બની જાય છે અને રસપૂર્ણ કથા હોય એટલે તે ઉત્સવમય બની જાય છે

ભગવદ્ રસની અનુભૂતિ વ્યક્તિને ઉદાર બનાવે છે

યોગી બનવું હોય તો પ્રથમ ઉપયોગી બનો. ઉપયોગી બનવા માટે જીવનમાં પ્રેમ, ત્યાગ અને સેવા અપનાવવી પડે. ઉપયોગી બનવું હોય તો હરિ માટે ઉપયોગી બનો. વારંવાર ગીતામાં ભગવાન અર્જુનને કહે છે કે, 'તું યોગી બન, યોગી બન.' તો યોગી બનવા માટે શું કરવાનું? તો એમ કહેવાનું મન થાય કે ગામમાં ઉપસરપંચ હોય તે સરપંચ બને, ઉપરાષ્ટ્રપતિ હોય તે રાષ્ટ્રપતિ બને. ઉપમુખ્યમંત્રી હોય તો ક્યારેક તેના મુખ્યમંત્રી બનવાના ચાન્સ ખરા! એમ જે ઉપયોગી બને તે ક્યારેક યોગી બને. યોગી બનવા માટે શું કરવું? તો કહે, 'ઉપયોગી બનો.'

જે ઉપયોગી છે એની કિંમત છે સમાજમાં. જેણે પોતાની ઉપયોગિતા ગુમાવી એનો મહિમા ખતમ થયો. માણસે એવી રીતે જીવન જીવવું જોઈએ કે જીવનના અંતિમ શ્વાસ સુધી તેની ઉપયોગિતા ટકી રહે. એના વગર કોઈને ચાલે નહીં, આવું એનું વ્યક્તિત્વ થવું જોઈએ.

ભગવાન પ્રત્યે પ્રેમ એટલે સમર્પણ. જ્યાં વાસના હોય ત્યાં કંઈક પામવાની ઈચ્છાનો ભાવ હોય છે. જ્યારે પ્રેમમાં તો આપવાની-ત્યાગની ઉત્કટતા હોય છે. ભક્ત, સાધુ-સંતો દ્વારા જ સંસાર સુખી છે. સંસાર પણ શુભ ભક્તને લીધે જ છે. શ્રીમદ્ ભાગવત અને રામચરિતમાનસ ભક્તિનો મહિમા દર્શાવે છે એટલે ભક્તજનની સંહિતા છે. ભગવાન પણ ભક્તને વશ રહે છે.

આ સમગ્ર સૃષ્ટિ રસમય છે અને માટે જ આપણું મન સતત રસરૂપી શ્રીકૃષ્ણની ખોજમાં જ જોવા મળે છે અને જો શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય તો જીવનું ભ્રમણ બંધ થઈ જાય. ભગવાન મધુરાધિપતિ છે અર્થાત્ તેમનું જીવન મધુર છે. તેમનું હાસ્ય, તેમનું વદન અને તેમની ચાલ ખૂબ જ મધુર છે. નંદ એટલે કે જે રસાનુભૂતિનો અનુભવ કરે અને બધાને તેમાં સહભાગી બનાવે અને નંદની સાથે યશોદા એટલે કે બધાને યશ આપે, સારું કામ કરે તેની પીઠ થાબડે તે યશોદા. આવા નંદ અને યશોદાને ત્યાં શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય અવશ્ય થાય. રસસ્વરૂપ શ્રીકૃષ્ણ ત્યાં પધારે છે.

શ્રીકૃષ્ણની પ્રાપ્તિ, ભગવદ્ રસની અનુભૂતિ વ્યક્તિને ઉદાર બનાવે છે. મારું-તારું એવી સંકુચિતતા ભૂલી જવાથી તેનું જીવન ઉત્સવ બની જાય છે. નંદ બધાને ઉદારતાથી રસાસ્વાદ વહેંચે છે. કોઈ પણ વાત હોય પછી તે ઈતિહાસ, ભૂગોળ, ખગોળ કે ઉપદેશાત્મક હોય બધાનો સમાવેશ આ કથામાં થાય છે. 'ક'નો એક અર્થ બ્રહ્મ થાય છે. બ્રહ્મના રસનું જે પાન કરાવે છે, તે કથા છે. 'ક' એટલે રસ. એટલે કે જે રસમાં સ્થિત કરાવી દે તેનું નામ 'કથા' છે. કથામાં ઉપદેશ નિરૂપિત છે. શ્રીમદ્ ભાગવત પણ રસસ્વરૂપ છે. રસનું પ્રાગટ્ય એટલે જ શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય. આવો રસ પ્રગટ કરાવે અને તેમાં સ્થિત કરાવી દે એનું નામ 'કથા'.

પંચમહાભૂત તત્ત્વોમાં પૃથ્વીની વિશેષતા એ છે કે પૃથ્વી ગંધયુક્ત છે. ફૂલોના માધ્યમથી પૃથ્વી ઉપર વિવિધ રસ અને ગંધનું નિર્માણ કરે છે. આપણને ષડ્‌રસ એટલે કે છ રસની ખબર છે. આમ તો શ્રીકૃષ્ણ મધુરાધિપતિ છે, પરંતુ ભક્તોને તેમના મધુર રસનો અનુભવ થાય છે. જ્યારે કંસ જેવાઓને કડવો તો કેટલાકને ખાટો, તીખો, તૂરો એવો તેમની સ્થિતિ પ્રમાણેનો અનુભવ થાય છે.

ભગવાનની કોઈ પણ કથા હોય તે રસપૂર્ણ બની જાય છે અને રસપૂર્ણ કથા હોય એટલે તે સ્થાન ઉત્સવમય બની જાય છે. કથાને કારણે ઉત્સવમય બની જવાય છે. માટે જીવન હંમેશાં ભગવદ્-રસ યુક્ત બને તે માટે હરિનામ સ્મરણ કરતાં રહો. હરિનું સ્મરણ જીવનને પણ ઉત્સવમય બનાવે છે. કથા સાંભળવાથી પણ ઉત્સવનો અનુભવ થાય છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

કોઈ ભલે તમને ક્ષમા ન આપે, પણ તમે તો આપી જ દો.

માફ કરો ને મોજમાં રહો

કોઈક ખોટું કહી ગયું તો બદલો - કાંઈક સારું લઈ ગયું તો બદલો! - કોઈક સહેજ નડી ગયું તો બદલો!

જેવા સાથે તેવા, ટીટ ફોર ટેટ, ઈંટકા જવાબ પથ્થર સે. આ વિચારધારા સાથે જીવનારા માણસો આજે સર્વત્ર દેખાય છે. વિશ્વ બદલાયું છે, પણ બદલો લેવાની ભાવનામાં કોઈ બદલાવ આવ્યો નથી.

કોઈક ખોટું કહી ગયું તો બદલો - કાંઈક સારું લઈ ગયું તો બદલો! કોઈક સહેજ અડી ગયું તો બદલો - કોઈક સહેજ નડી ગયું તો બદલો! આગળ ન આવવા દે તો બદલો - ગમતું ન કરવા દે તો બદલો. પરિણામે ઉદ્ભવે છે અશાંતિ અને અજંપો. રાત-દિવસ સંભળાવી દેવાના કે સબક શીખવાડી દેવાના વિચારો. મનમાં ઘડાય છે, બતાવી દેવાના કે પતાવી દેવાના મનસૂબાઓ.

પોતાને થયેલા અન્યાયનો બદલો કોઈક શબ્દોથી લે છે, તો કોઈક શસ્ત્રોથી લે છે. બદલામાં મળે છે આભાસી સંતોષનો ચમકારો અને વાસ્તવમાં વધે છે અબોલા, આંટી કે વેર-ઝેરનો સવાયો વારસો. શું બદલો લીધા વગર શાંતિ શક્ય છે? વેરની વસૂલાત કર્યા વગર પણ અંતરની આગ ઠરે ખરી?

મહાભારતમાં વિદુરજી કહે છે : ક્ષમયા કિં ન સાધ્યતે। ક્ષમાથી શું સિદ્ધ નથી થતું? બદલો લેનારને દુનિયા ધિક્કારે છે, જ્યારે માફ કરનારને યુગો સુધી સંભારે છે અને સત્કારે છે. જરા નજર તો કરો, દરિયા જેવું દુઃખ દેનારને મલકાતે મુખે માફ કરનાર મહાપુરુષોના પ્રસંગો સામે.

વાંક વિના 14 વર્ષ સુધી વનવાસના અપાર દુઃખ દેનાર કૈકેયીને શ્રીરામે પગે લાગીને માફ કર્યાં હતાં અને ગળે લગાવ્યાં હતાં. એક વર્ષ સુધી અશોકવાટીકામાં ત્રાસ દેનાર રાક્ષસણીઓને સીતાએ હસતે મુખે માફ કર્યાં હતાં. પોતાના પાંચેય સંતાનોનો કપટ કરી વધ કરનાર અશ્વત્થામાને દ્રૌપદીએ ઉદાર દિલે માફી આપી હતી. ન કેવળ પૌરાણિક, પણ આધુનિક જગતના મહામાનવો પણ માફીના માર્ગે જ ચાલ્યા છે.

પોતાને 27 વર્ષ સુધી જેલમાં અસહ્ય ત્રાસ આપનાર જેલરને નેલ્સન મંડેલાએ પોતાની શપથવિધિમાં આમંત્રણ આપ્યું. જાહેરમાં તમામ ગોરા લોકોને માફ કરવાની સ્થાનિક પ્રજાને અપીલ કરી. તેમણે કહ્યું : જો હું મનમાં તેમના માટે નફરત રાખું તો તેઓ જેલની બહાર પણ કાયમ માટે મારી સાથે રહેશે. મારે સંપૂર્ણ સ્વતંત્ર થવું હતું. હું એ ઘટનાને ભૂલી ગયો. ક્ષમા કરવી એ શરીર અને મનને દુરસ્ત કરવાની યાત્રા છે. ક્ષમા કરો ત્યારે તમે મનમાં ચાલતી નકારાત્મક લાગણીના બોજાથી મુક્ત બની જાવ છો.

પરસ્ત્રી સાથે સંબંધ રાખી ગૃહસ્થજીવનમાં વિશ્વાસઘાત કરનાર અમેરિકાના પ્રમુખ ક્લિન્ટન માટે તેમનાં પત્ની હિલેરી ક્લિન્ટને લખ્યું છે : મેં ગુસ્સામાં આવી તેમને ક્યારેય માફ નહીં કરું તેવું કહ્યું હતું, પરંતુ તેમના પસ્તાવા અને સાફદિલીને કારણે હું બદલાઈ. સમગ્ર અમેરિકાના લોકોએ તેમને માફ કર્યા. હું પરિવારને બચાવી રાખવા માંગતી હતી. સુખ-શાંતિમય જીવન માટે માફી જ એક ઉપાય છે.

પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ તો ક્ષમાની મૂર્તિ હતા. પોતાને ગાળો દેનાર કે અપમાન કરનારને, માથે કેળાંની છાલ મૂકનારને કે ટોપીમાં કૂચ લગાવનારને, સળગતાં લાકડાંથી મારપીટ કરનારને કે સાણસીથી માંસનો લોચો કાઢી નાખનારને પણ તેઓ આજીવન માફ કરી શકતા હતા. એટલું જ નહીં, આપેલી પીડાની કોઈને જાણ પણ થવા દેતા નહીં. દુઃખ દેનાર જ્યારે દુઃખી હૃદયે ભૂલનો એકરાર કરે, ત્યારે તેઓ બોલી ઊઠતા, 'એ બધું ભૂલી જવું. સંભારવું જ નહીં. અમને એવું કંઈ યાદ જ નથી.' અરે! ગડદાપાટુનો માર મારી પીરસેલા ભોજન પરથી કાઢી મૂકનારને પણ તેઓ મુખમાં કોળિયા મૂકીને જમાડી શકતા. તેઓ હંમેશાં કહેતા : ક્ષમા કરવાથી પોતાના હૈયામાં શાંતિ આવે છે, આનંદના ફુવારા છૂટે છે.

આજે મેડિકલ વિજ્ઞાન પણ અનેક શારીરિક-માનસિક રોગો માટે બદલો લેવાની વૃત્તિને જ જવાબદાર ગણાવે છે. જે માફ નથી કરી શકતાં તેવા લોકો કાયમ માટે સ્ટ્રેસ અને નેગેટિવિટી સાથે જ જીવે છે. આજે દેશ-વિદેશમાં ક્ષમા પર સંશોધન થાય તે માટે ચાલીસ જેટલા રિસર્ચ સેન્ટરો શરૂ થયા છે. માફ કરવાની કળા વિષયક હજારો પુસ્તકો લખાય છે.

આજે આપણે ક્ષમા આપવાનો એક નમ્ર પ્રયાસ કરીએ. આ લેખ વાંચી લીધા પછી તમને અન્યાય કરનાર, ટીકા કરનાર, અહિત કરનાર કે અબોલા રાખનાર વ્યક્તિને આંખો બંધ કરી યાદ કરો. હવે તે ચહેરા સામે જોઈ મનમાં બોલો : 'હું તમને માફ કરું છું. મારા મનમાં હવે તમારા માટે કોઈ જ દ્વેષ નથી. હવેથી તમારું સારું બોલીશ, વિચારીશ અને વર્તીશ.' કદાચ અંદરથી હૈયું વલોપાત કરશે, આનાકાની કરશે કે ના-ના, આ જન્મે તો હું તને માફ નહીં જ કરું. હું પાકિસ્તાનને માફ કરી શકું, પણ આને તો નહીં જ. ધારો કે તમે તેને માફ ન કર્યા તો શું લાભ થયો? દ્વેષનો અગ્નિ તમને જ દઝાડશે. બુદ્ધિશક્તિ, સમય અને સંપત્તિનો દુર્વ્યય જ થશે. કોઈ ભલે તમને ક્ષમા ન આપે, પણ તમે તો આપી જ દો. જે સ્નેહી કે સાથીઓની ભૂલને લીધે તમને ખોટું લાગ્યું છે તેમને માફ કરવાનો પ્રારંભ કરો. જો આ ન કર્યું તો સુંવાળી સેજમાં હશો, વોટરપાર્કમાં પાણીના હોજમાં હશો કે સ્વાદિષ્ટ ભોજનવાળી લોજમાં હશો, પણ બદલાની દાઝમાં જ રહેશો. જો માફ કરી દેશો તો કાયમ માટે મોજમાં રહેશો. પસંદગી તમારા હાથમાં છે!

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધર્મના આચરણથી દ્વેષ, ક્લેશ, અવિશ્વાસ દૂર થાય છે. માયાનું આવરણ દૂર થઈ પ્રેમ પ્રગટે છે

ભક્તિ કરવાથી શોક, મોહ અને ભય દૂર થાય છે

વર્તમાન સમયમાં જરૂરિયાતમંદ લોકોની યથાશક્તિ સેવા કરીએ - એ રજોગુણનો સદુપયોગ છે, સમાજસેવા પણ છે અને ભક્તિ પણ છે અને આવું સેવાભાવી કાર્ય શ્રીહરિની સેવારૂપ અર્થાત્ નારાયણસેવાના ભાવથી કરવામાં આવે. આ રજોગુણનો સદુપયોગ છે. રજોગુણનો સદુપયોગ થાય તો તમોગુણ દ્વારા થનારા દુષ્પ્રભાવથી બચી શકાય છે. ત્યાગ કરવાથી સ્વયં માટે ઉપયોગી બની જવાય છે. ત્યાગ વગરની સેવા એ વેપાર બની જાય છે. સંસારમાં જેમ વિવાહિતા સ્ત્રી પતિનું શરણ સ્વીકારી લે, પછી તેના પોષણ અને રક્ષણની જવાબદારી પતિ ઉપાડી લે છે. તેવી જ રીતે ભગવાન પણ ભક્તના યોગક્ષેમની જવાબદારી ઉપાડી લે છે. ભક્ત સમર્પણ કરી દે છે એટલે ભગવાન તેની જવાબદારી લઈ લે છે. સ્ત્રી જેમ કપાળમાં ચાંલ્લો કરે એટલે ખબર પડે કે વિવાહિતા છે અને કોઈને સમર્પિત છે. એવી જ રીતે ભક્ત જ્યારે કંઠમાં માળા પહેરે અને તિલક કરે ત્યારે એનો અર્થ થાય છે કે તે શ્રીહરિને-ભગવાનને સમર્પિત બની ગયો છે. હવે સંસારના મોહપ્રપંચમાં ફસાય તેવો નથી.

કથાના શ્રવણમાત્રથી કૃષ્ણપ્રેમ થઈ જાય, તે ભક્તિ છે. એક માતા જેમ બાળકનું પોષણ અને રક્ષણ કરે છે, તેવી જ રીતે ભગવાન પણ ભક્તનું રક્ષણ અને પોષણ કરે છે. જ્ઞાન ભગવાનનો મોટો પુત્ર છે અને ભક્ત નાનો દીકરો છે. માટે તેના પ્રત્યે ભગવાન વિશેષ કાળજી રાખે છે. ભક્તિ કરવાથી શોક, મોહ અને ભય દૂર થાય છે.

ધર્મનો હેતુ ભગવાનનાં પ્રેમી બનાવવાનો છે. શોકવિહીન મનોસ્થિતિ અને પ્રેમ પ્રગટાવે નહીં તેને ધર્મ કહેવાય જ નહીં. ધર્મનું આચરણ કરવાથી દ્વેષ, ક્લેશ, અવિશ્વાસ દૂર થાય છે. માયાનું આવરણ દૂર કરીને પ્રેમ પ્રગટાવે તે ધર્મ છે. પૃથ્વીનું બીજું નામ છે, રસા એટલે કે રસથી યુક્ત. આપણું શરીર પૃથ્વીમાંથી બનેલું હોવાથી તે પાર્થિવ શરીર કહેવાય છે. આથી બધાની અંદર પ્રેમ ભરેલો છે. રાજા પરીક્ષિત પોતાની કથાયાત્રાની પ્રતીતિની વિગતો દર્શાવતા કહે છે કે જીવનની બધી સમસ્યાઓનો અંત ધર્માચરણ દ્વારા આવી જાય છે. જીવનમાં મધુરતા વ્યાપે અને હૃદયમાં પ્રેમ પ્રગટે એટલે સર્વાત્મભાવ પ્રગટે છે.

આપણે માત્ર શ્વાસ લેતો દેહ ધરાવીએ છીએ, પરંતુ જ્યાં સુધી અંદરથી ખાલી છીએ અને બાહ્ય ભૌતિક ચીજો પ્રત્યે આસક્તિ રાખીએ છીએ, ત્યાં સુધી આવી તમામ કોશિશ વ્યર્થ જવાની છે. જીવનનું સત્ત્વ ખોવાઈ ગયું છે. સાથોસાથ ભાગવત પ્રેમ બાહ્યપદાર્થો પ્રત્યે આસક્તિ રહિત બની જાય છે. ભક્તને કોઈ ઈચ્છા રહેતી નથી. પછી મીરાંબાઈની જેમ તન્મય થઈને કહે છે કે, 'મેરે તો ગિરધરગોપાલ દુસરો ન કોઈ...' ભગવાન સાથે આવા તાદાત્મ્ય ભાવમાં જીવન બોજ નથી લાગતું, પરંતુ પ્રત્યેક સમસ્યાઓના સમાધાન સાથેનું જીવન બની જાય છે.

રામાયણ કથા

પં. વિજયશંકર મહેતા

જીવનમાં રામચરિતમાનસને ઉતારો, તમારી માનવતા સાર્થક બનશે, દુષ્પ્રભાવ દૂર થશે

દુઃખ-દોષનું નિવારણ કરે છે રામચરિતમાનસ

'ત્રિબિધ દોષ દુખ દારિદ દાવન, કલિ કુચાલિ કુલિ કલુષ નસાવન'

રામકથા સાંભળવાથી, તેને જીવનમાં ઉતારવાથી પાંચ બાબતો જીવનમાં બને છે. એને સમજીએ.

માનવજાતમાં ત્રણ પ્રકારના દોષ હોય છે - મન, વચન અને કર્મના દોષ. પહેલી વાત એ કે રામકથા આ તમામ દોષો દૂર કરે છે. તેનાથી બચવાની શીખ અને સાર જણાવે છે. બીજી વાત, માનવના દુઃખ પણ ત્રણ જાતના હોય છે - જન્મ, જરા અને વ્યાધિ. આ દુઃખોનું શ્રી રામચરિતમાનસ નિવારણ કરે છે.

ત્રીજી વાત, રામકથા સાંભળવા-વાંચવાથી દરિદ્રતામાંથી મુક્તિ મળે છે. દરિદ્રતા આર્થિક જ હોય એવું નથી. મનુષ્યની ત્રણ પ્રકારની દરિદ્રતા હોય છે - શારીરિક, માનસિક અને આર્થિક. તન એટલે કે શરીરની પણ દરિદ્રતા હોય છે. અસ્વસ્થ વ્યક્તિ ધનાઢ્ય હોય, પણ એ શારીરિક રીતે દરિદ્ર હોય છે. એવી જ રીતે દરિદ્રતા હોય છે માણસની. જેમના જીવનમાં સારા માણસો સામેલ નથી હોતાં, તેમને પણ દરિદ્ર માનવામાં આવ્યા છે. આ સૂત્ર રામકથામાં રહેલા છે. એટલે કે તેનું શ્રવણ માણસની દરિદ્રતાનો વિનાશ પણ કરે છે.

ચોથી વાત, આપણા તમામ પાપનું નિવારણ કરવાના ઉપાયો પણ રામકથામાં છે. સંસારમાં ત્રણ પ્રકારના પાપ માનવામાં આવે છે - શારીરિક, દૈવિક અને ભૌતિક. શ્રી રામચરિતમાનસમાં આ ત્રણેય પાપોમાંથી મુક્તિના સૂત્રો સમાયેલાં છે.

પાંચમી વાત, કળિયુગની કુચાલનો પણ રામચરિતમાનસ અંત કરે છે. કળિયુગની ચાલ ઘણી જ ખરાબ છે. આપણા મનોમસ્તિષ્ક અને બુદ્ધિને ભ્રમિત થઈ જાય છે. સક્ષમ હોવા છતાં આપણે મુશ્કેલીઓમાં ફસાઈ જઈએ છીએ. માણસ સારી વાતો કરે છે, પણ મનમાં લાગણી નથી, એ જ કળિયુગ.

રામચરિતમાનસ સાંભળવા-વાંચવાથી કળિયુગના આ દુષ્પ્રભાવો દૂર થાય છે, માણસ ભ્રમિત નથી થતા. જીવનમાં રામચરિતમાનસને ઉતારો, તમારી માનવતા સાર્થક બનશે. 'રામકથા'ની સફર અહીં વિરમે છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સેવા પ્રવૃત્તિનો સઘળો યશ સંતો-ભક્તોને અર્પણ કરનાર સ્વામીજી જીવંત તીર્થ છે

સાધુતાના સુમેરુ મહંતસ્વામી મહારાજ

પ્રસિદ્ધ તત્વચિંતક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણને કહ્યું છે : Today we live in the society not because of scientific inventions but because of saints who live in the society. અર્થાત આજે આપણે સમાજમાં સુખશાંતિપૂર્વક જીવીએ છીએ એનું કારણ વૈજ્ઞાનિક આવિષ્કારો નથી પરંતુ એવા સંતો જ છે, જેઓ આપણી વચ્ચે વિચરે છે. પાણી અને ખોરાકની જેમ હવા દેખાતી નથી, પણ આપણાં અસ્તિત્વમાં મહત્તમ ફાળો તેનો જ છે ને? જેમના દર્શનમાત્રથી શારીરિક કુટેવો-દૂષણો દૂર થાય, આર્થિક સંકટોમાં સ્થિરતા રહે, પારિવારિક સમસ્યાઓના સમાધાન મળે, માનસિક મૂંઝવણોથી મુક્તિ મળે અને આધ્યાત્મિક સ્થિતિના શિખરો સર થાય તેવા સંત શિરોમણિ એટલે પ.પૂ. મહંતસ્વામી મહારાજ. ભાદરવા વદ નોમની આજની પવિત્ર અને મંગલકારી તિથિએ તેઓનું આ પૃથ્વી પર અવતરણ થયું હતું . આજથી 88 વર્ષ પૂર્વે તા. 13 સપ્ટેમ્બર, 1933નાં વર્ષે BAPS સંસ્થાના વડા પ.પૂ. મહંતસ્વામી મહારાજનો જબલપુર ખાતે જન્મ થયો હતો. (એ દિવસે ભાદરવા વદ નોમની તિથિ હતી, જે આ વર્ષે આજે એટલે કે 30 સપ્ટેમ્બરના રોજ છે.) પિતા મણિભાઈ અને માતા ડાહીબાના ખોળે જન્મ લેનાર બાળક વિનુ અતિ તેજસ્વી બુદ્ધિ પ્રતિભા ધરાવતાં હતા. શાળાના વર્ગો દરમિયાન જ બધું ભણતર હૈયે એવું કોતરી લે કે પછી પુસ્તકને અડવાની જરૂર જ ન પડે. બાળવયથી જ એમની સ્મરણશક્તિ અત્યંત તીવ્ર. શાળાના ત્રીજા-ચોથા ધોરણમાં ભણેલી કવિતાઓ આજે 88 વર્ષેય તેમને કંઠસ્થ છે. બાળવયે યાદ રહી ગયેલી પંક્તિઓ તેઓ આજે પણ જાહેરમાં ઉચ્ચારે છે. He that is down need fear no fall. He that is humble ever shall have God to be his guide.

શિક્ષણ, ચિત્રકામ અને રમતગમતમાં આગવો દેખાવ હોવા છતાં સૌ સાથે વિનમ્રતા અને પ્રેમથી વર્તતા વિનુભાઈને જોઈ તેમના પ્રિન્સિપાલ રોબિન્સન તો કહેતાં : તમે ભવિષ્યમાં ધર્મગુરુ બનશો. આણંદ કૃષિ યુનિવર્સિટીમાં સ્નાતક થયા બાદ યોગીજી મહારાજના પ્રેમથી પ્લાવિત થયેલ વિનુભાઈ 1957માં દીક્ષા લઈ પૂ. વિનુભગત બન્યા. યોગીજી મહારાજના ભણેલ-ગણેલ 51 યુવાનોને ત્યાગી કરવાના સંકલ્પમાં પ્રથમ સમર્પિત થનાર વિનુભગત 1961માં સાધુની દીક્ષા લઈ સાધુ કેશવજીવન દાસ બન્યા.

વર્ષો સુધી મુંબઈ મંદિરમાં વસતા સર્વે સંતોના પથદર્શક બનનાર તેઓ મહંતસ્વામીના હુલામણા નામથી ઓળખાવા લાગ્યા. પ્રમુખસ્વામી મહારાજના વચને દેશ-વિદેશમાં વિચરણ કરી પોતાના પવિત્ર વાણી, વર્તન અને વિચારોથી લાખો લોકોને તેમણે સદાચારના પંથે દોર્યા. તા. 20/7/12ના રોજ વિશ્વવંદનીય પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજે પોતાના ઉત્તરાધિકારી તરીકે મહંતસ્વામી મહારાજની નિમણૂક કરી, એક સમર્થ સુકાનીની ભેટ ધરી. પ્રમુખસ્વામી મહારાજના ધામગમન બાદ ગુરુપદે બિરાજી મહંતસ્વામી મહારાજે પોતાની સરળતા, સહજતા અને સાધુતાથી લાખો મુમુક્ષુઓના હૈયામાં ચિરંતન સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. સાધુતાનો કોઈ દાવો કે દોરદમામ એમના જીવનમાં ક્યાંય જોવા મળે નહીં. કોઈને આંજી દેવાની કે કોઈ પર પ્રભાવ પાડવાની લેશમાત્ર વૃત્તિ નહીં. આપત્તિમાં અકળાય નહીં ને સગવડોમાં હરખાય નહીં. કોઈના પ્રત્યે રાગ-દ્વેષ નહીં. સૌના પ્રત્યે અપાર આદર. પ્રેમ એ જ એમની કાયમની પરિભાષા. હોઠ હલાવ્યા વિના પણ હજારોના હૈયાને હલાવી દે તેવું ચુંબકીય વ્યક્તિત્વ. જૈન ધર્મગુરુ રાકેશભાઈ ઝવેરી કહે છે : 'મહંતસ્વામીની આંખો વિકારી, શિકારી, અહંકારી કે ઠગારી નહીં પણ સંસ્કારી અને પૂજારી છે. તેમનું અંતર શુદ્ધ છે. તેમની નિર્દોષતા અને નિસ્પૃહતા સામે જોઈ મારી અંદર તે ભાવનાની વૃદ્ધિ કરું છું.' Action speaks louder than words.

સ્વામીજી જ્યારે ભવ્ય હિંદુ મંદિરના શિલાન્યાસ માટે દુબઈ-અબુધાબી પધાર્યા, ત્યારે ત્યાંના શેખ અલ નહયાન એરપોર્ટ પર તેમને તેડવા પધાર્યા. પ્લેનને પહોંચવામાં થોડું મોડું થયું એટલે સ્વામીજીએ રાહ જોવી પડી તે માટે શેખની માફી માગી તો તેઓ કહે : તમારા માટે અઠવાડિયાં સુધી રાહ જોવા પણ હું તૈયાર છું. સ્વામીજીનો હાથ તેમણે સતત પકડી રાખ્યો. મુલાકાતમાં અતિ પ્રભાવિત થતા તેઓ સાત વાર સ્વામીજીને ભેટી પડ્યા. જાતે ગોલ્ફ ચલાવી મસ્જિદમાં લઈ ગયા અને હૃદય પર હાથ મૂકી કહે : 'You are a spiritual man. I can feel it here.' આવડતનો પ્રભાવ આંખ પર પડે, કુશળ કથાનો પ્રભાવ કાન પર પડે, મોડર્ન મેનેજમેન્ટનો પ્રભાવ મન પર પડે, પણ પવિત્રતાનો પ્રભાવ હૃદય પર પડે અને કાયમી પડે. એમને મળનાર પર દિવ્ય છાપ પડે છે, પણ તેમની નજરમાં આવનારનું પણ પરિવર્તન થઈ જાય છે.

મુંબઈ શહેરના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ રાજેન્દ્ર ચૌહાણ સ્વામીજીના દર્શને પધાર્યા. સ્વામીજીની પવિત્રતાનો એવો પ્રભાવ પડ્યો કે તેમણે પોતાની શરાબ પીવાની અને માંસાહારની કુટેવનો સદંતર ત્યાગ કર્યો. મહંતસ્વામી મહારાજ તો વર્તનનું વાઈફાઈ છે. જે રેન્જમાં આવે તેનામાં નિયમ-ધર્મનું નેટવર્ક પકડાય જ. **ગુણાઃ કુર્વંતી દુતત્વમ દુરે અપી વસતામ સતામ** ! મહાભારતના અનુશાસન પર્વમાં બાણશય્યા પર સૂતેલા ભીષ્મ યુધિષ્ઠિરને કહે છે : **તત્ત્વવિત તું અનહમબુદ્ધિસ તીર્થ પ્રવરમ્ ઉચ્યતે.** જેની બુદ્ધિમાં અહંકારનું નામ નથી તે શ્રેષ્ઠ તીર્થ કહેવાય છે.



સેવા પ્રવૃત્તિમાં અગ્રેસર હોવા છતાં સઘળો યશ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સંતો-ભક્તોને અર્પણ કરી સદા દાસભાવે વર્તનાર સ્વામીજી જીવંત તીર્થ છે. માનવમાત્રના હિત માટે પ્રયત્નશીલ રહેનાર મહંતસ્વામી મહારાજને 88મા જન્મદિને વંદન!

jivanmangalam
@gmail.com

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

કૃતકૃત્યતાનો અનુભવ એ એક એવો ભાવ છે, જે અંદરથી ઊઠે છે

સામે ઊભા શ્યામ

જ્યારે પોતાના પ્રતિ વ્યક્તિ અહોભાવથી તરબતર બનવા માંડે ત્યારે સમજવું જોઈએ કે એ પોતાના જીવનની ધન્યતાનો અનુભવ કરી રહ્યો છે

પ્રત્યેક વ્યક્તિએ સૌપ્રથમ પોતાની જાતને ધન્યવાદ આપવા જોઈએ. આ ત્યારે જ શક્ય બને કે જ્યારે વ્યક્તિ એવો અનુભવ કરવા માંડે કે 'અહો અહમ્ નમો મહ્યમ્' હું કેટલો સુંદર છું, હું મારી જાતને નમન કરું છું. જ્યારે પોતાના પ્રતિ વ્યક્તિ અહોભાવથી તરબતર બનવા માંડે ત્યારે સમજવું જોઈએ કે એ પોતાના જીવનની ધન્યતાનો અનુભવ કરી રહ્યો છે. કૃતકૃત્યતાનો અનુભવ એ એક એવો ભાવ છે, જે અંદરથી ઊઠે છે. વાહ રે વાહ! 'નમો મહ્યમ્' મને મારા નમસ્કાર! વ્યક્તિ પોતાની જાતને નિંદવાને બદલે વંદવા માંડે એવી ક્ષણો જીવનમાં બહુ ઓછી આવતી હોય છે.

ધર્મરાજ અને બધા પાંડવો સાથે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રના મેદાનમાં પહોંચ્યા ત્યારે યુદ્ધભૂમિ સંપૂર્ણ ખાલી હતી. આખું મેદાન ખાલી હતું. અઢાર અક્ષૌહિણી સેના, એ સેનાનું પાયદળ, હયદળ, અશ્વદળ કોઈ કરતાં કોઈ ત્યાં નજરે નહોતું ચડતું. જે મહારથી, અતિરથી રથ પર બેસીને યુદ્ધભૂમિ પર યુદ્ધના ટંકારવ કરતા હતા, તે યુદ્ધની વાત પૂરી થઈ હતી. 'સમવેતા યુયુત્સવઃ' પણ આ ક્ષણે યુદ્ધભૂમિ શાંત હતી.

જ્યારે જ્યારે સંસારમાં સમાજ બુદ્ધ પુરુષોની વાત કાને નથી ધરતો, તેમણે બતાવેલા માર્ગ પર આચરણ નથી કરતો ત્યારે ત્યારે સમાજમાં સંઘર્ષ જન્મે છે અને યુદ્ધનો સામનો કરવો પડે છે.

તો આ સમયે શાંતિ છે. ગણ્યાંગાંઠ્યા લોકો આમતેમ ફરી રહ્યાં છે. પિતામહ ભીષ્મ પાસે રડ્યું-ખડ્યું કોઈ કોઈ બેઠું છે અને જ્યારે હવે ઉત્તરાયણનો સમય નજીક આવ્યો અને ભીષ્મે મહાપ્રયાણ કરવાની તૈયારી કરી તો ઋષિમુનિ અંતિમ દર્શન માટે ઉપસ્થિત થયા. પાંચ પાંડવો અને દ્રૌપદી સાથે સારથિ બની ભગવાન દ્વારિકાનાથ જ્યારે કુરુક્ષેત્રમાં પધાર્યા ત્યારે જોયું તો ભીષ્મ પિતામહ બાણશૈયા પર સૂતા છે. એક પણ બાણ પાછળથી લાગેલું નથી.

છાતીના ભાગે આગળથી લાગેલા બાણ આખા શરીરને વીંધીને બહાર નીકળ્યા છે અને આરપાર વીંધાયેલા શરીર પર ચત્તાપાટ પડેલા પિતામહ ભીષ્મ જ્યારે યુદ્ધભૂમિ પર પડ્યા ત્યારે એ બાણ પર તેમની કાયા ટકેલી છે.

તો પિતામહ ભીષ્મની પથારી બાણની છે. એવું નહોતું કે તે ભૂમિ પર પહેલેથી જ બાણ ખોડેલા હતા. આજકાલ આપણે સરકસમાં ખેલાડીને ખેલ કરતાં જોઈએ છીએ કે ખીલાં લગાડેલી પથારી પર પહેલવાન સૂઈ જાય અને તેના પર બીજા બે-ચાર માણસો ઊભા રહે તો પણ તેને કંઈ ન થાય! આવો ખેલ જોઈ લોકો તાળીઓ પાડતાં હોય છે, પણ ના, આવો ખેલ ત્યાં નહોતો. લડતાં-લડતાં જે બાણ છાતીમાં વાગ્યા હતા એ શરીરને વીંધીને આરપાર નીકળ્યા છે અને પિતામહ ભીષ્મ ચત્તાપાટ પડી ગયા છે અને એ બાણની શૈયા તૈયાર થઈ છે, એ બાણ શૈયા છે. આ પથારી વિરોચિત છે. જરા વિચારો! આસપાસ ઋષિમુનિઓ ઊભા છે, જેમના પ્રતિ સ્નેહ છે એવો પરિવાર એકત્રિત થયો છે. રાજાની જ જો વાત કરીએ તો, યુધિષ્ઠિર રાજા બન્યા છે. નવનિયુક્ત રાજા છે. રાજસત્તાના માણસો છે, પરિવારના સભ્યો છે, ધર્મસંસ્થાના લોકો છે અને સૌથી મોટી વાત તો એ છે કે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં ઉપસ્થિત છે. હવે આ પ્રયાણ કેટલું અદ્ભુત ગણાય! સામાન્ય મનુષ્ય મરે ત્યારે કોણ આવતું હોય છે? પરિવારના લોકો પણ પૂરા નથી આવતા. અહીં પાંચ પાંડવ છે, દ્રૌપદી છે, બધા પરિવારજનો છે.

મેં તો ક્યારેક એવું પણ જોયું છે કે, બાપ મૃત્યુ પથારીમાં પડ્યો હોય અને અમેરિકા કે વિદેશમાં કે બહારગામ છોકરાઓ રહેતા હોય અને બાપ ફોન કરી કરીને કહે કે હવે તો હું થોડા દિવસોનો મહેમાન છું. બેટા, મનમાં એક એવી ઈચ્છા છે કે એક વાર તારું મોઢું જોઈ લઉં! દીકરા કહેતા હોય છે કે, 'બાપુજી, હું એટલો કામમાં વ્યસ્ત છું કે વાત ન પૂછો. મન તો એવું થાય છે કે ઊડીને તમારી પાસે આવી જાઉં, પરંતુ એટલો વ્યસ્ત છું કે આવવું શક્ય નથી.' એ પૈસા મોકલી દે છે, પણ પોતે નથી આવતો.

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

એક ટકા જેટલી ધીરજ ધરીએ તો ઘણી હોનારતોમાંથી બચી જઈએ

ધીરજ સમ નહીં ધન

દરેક વ્યક્તિ, વસ્તુ કે ઘટનાનું પરિમાણ માનવી સ્થૂળના કાટલે જ કાઢતો આવ્યો છે. થર્મોમીટરનો પારો ઊંચે ચડે તો જ વ્યક્તિને બીમાર ગણવાની પ્રથા પડી છે, તેથી થર્મોમીટરમાં ન મપાય તેવા ઝીણા તાવમાં કણસતા ઘણા દર્દીઓ યથાયોગ્ય સેવા સંભાવનાથી વંચિત રહી જાય છે. શરીરમાંથી લોહી નીકળે તો જ વ્યક્તિને ઘાયલ સમજવામાં આવે છે. આ ગેરસમજને લીધે શબ્દથી પડતા ઘેરા ઘા નજર બહાર છટકી જાય છે અને પરિવારમાં મહાભારત સર્જાતાં રહે છે. ઢીમચું થાય કે હાડકું ભાંગે તો જ માર વાગ્યો તેવું મોટે ભાગે ગણવામાં આવે છે. તેમાં જ મૂઢ માર ખાનાર પ્રત્યે સહાનુભૂતિ દાખવવાનું ચૂકાઈ જાય છે. આ જ રીતે કડકડતી નોટો અને ખણખણતા સિક્કા હોય તો જ પૈસાદારમાં પાનિયું પડે છે. કેટલો ઊંચો બંગલો છે અને કેટલી વધુ જમીન છે, તેમાંથી જ આપણને ધનવાનનું ટાઇટલ મળે છે. આવી લોકપ્રિય અને વ્યાપક અણસમજમાં ધન કરતાં વધુ મૂલ્યવાન એવી ઘણી બાબતો છટકી જાય છે. આવી એક બાબત તરફ આપણું ધ્યાન દોરતાં ઉત્તર મધ્યકાલીન ગુજરાતી કવિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી કહે છે : 'ધીરજ સમ નહીં ધન... આવે અર્થ એ દોહ્યલે દન વાઢે વિપત્તિનાં વન... ધીરજ સમ નહીં ધન.' આજના રઘવાટભર્યા યુગમાં નિષ્કુળાનંદે ચીંધેલું આ ધન વધુ ને વધુ પ્રસ્તુત અને પ્રાસંગિક થતું જાય છે.

આજના માનવીને જાણે ઉતાવળ નામનો મહારોગ લાગુ પડ્યો છે. ઇન્સ્ટન્ટ ચા, ઇન્સ્ટન્ટ કોફી, ફાસ્ટફૂડ જેવી ખાણી-પીણીએ માનવીય મનોવૃત્તિને પણ એવી ઘડી દીધી છે કે તે પળ પણ થોભવા તૈયાર નથી.

થોડાંક વર્ષો પહેલાં જ ચેન્નઈમાં પૂરરાહત કૂપનોનું વિતરણ થતું હતું. તેમાં લાઇનમાં ઊભા રહેલાએ એવી ધક્કામુક્કી મચાવી મૂકી કે પિસ્તાલીસ લોકો માર્યા ગયા. એક વાર ઉત્તર પ્રદેશમાં થઈ રહેલા વસ્ત્રવિતરણમાં લોકોએ કરેલી ઉતાવળે પચાસ જેટલા લોકોનો દમ તોડેલો. મંદિરોમાં પ્રસાદ વહેંચતી વખતે થતી ઉતાવળમાં પગ અને પ્રસાદ બંને કચરાતાં હોય છે. રેલવે-ક્રોસિંગ બંધ હોય ત્યારના દૃશ્યના સાક્ષી આપણે બધાં જ છીએ. રોડની ડાબી-જમણી બંને બાજુએ લોકો પોતાનાં વાહનો ઊભા રાખી દે છે. પરિણામે ક્રોસિંગ ખૂલે ત્યારે એવી ભીડ જામે છે કે કોઈ સરળતાથી આગળ વધી શકાતું નથી. આમ બનવાનું કારણ નાહકની ઉતાવળ જ હોય છે કે બીજું કાંઈ? આ ઉતાવળ એટલે જ ધીરજનો અભાવ!

વાતવાતમાં ધીરજ ખોઈને માણસ કેટલી અવનવી તકલીફો વહોરી લેતો હોય છે, તેનું એક સુંદર કથાનક પ્રમુખસ્વામી મહારાજના મુખે ઘણી વાર સંભાળવા મળ્યું છે. ભુંડકેરાળા ગામમાં એક ભાઈ કપડાં સીવવાનું કાર્ય કરતો. લવિયો તેનું નામ! લવિયો જેને ત્યાં કપડાં સીવવા જતો, તે શેઠે તેને રાજી થઈને સરસ કૂણાં રીંગણાં આપ્યાં. તે તેણે પત્નીને આપતાં કહ્યું : 'જો આ રીંગણાં આવ્યાં છે. હું કામકાજથી પરવારીને આવું ત્યાં સુધી તું હવેજ ભરેલું સુંદર શાક બનાવી રાખજે.' આટલું કહીને પત્નીને થેલી થમાવતાં તે ઊપડી ગયો. પત્નીએ આ સમયે આંધણ મૂકી દીધેલાં. તેથી તેણે વિચાર્યું કે, 'રીંગણાનું શાક કાલે કરીશું.' લવિયો પાછો આવ્યો અને સીધો જ ભાણે બેઠો, પણ થાળીમાં રીંગણાનું શાક ન જોયું. કારણ જાણ્યું ત્યારે તે ગુસ્સે થઈ ગયો અને રાડ નાખતા કહ્યું : 'મૂઈ! આના કરતાં તો તું સાંગાભાઈના કૂવામાં ડૂબીને મરી ગઈ હોત તો સારું થાત. હું કહીને ગયો'તો છતાં તેં શાક ન કર્યું?' તેની પત્નીએ પણ ધીરજ ખોઈ. તે દિવસે તેણે ગળે પથરો બાંધી સાંગાભાઈનો કૂવો સાચેસાચ પૂરી દીધો. પતિ-પત્નીની સહિયારી ધીરજના અભાવે કલ્લોલતું કુટુંબ અકાળે કડડભૂસ થઈ તૂટી પડ્યું.

રોજબરોજ આપણા જીવનમાં એવા કેટલાય પ્રસંગો બને છે, જેમાં આપણે જો એક ટકા જેટલી પણ ધીરજ ધરીએ તો ઘણી હોનારતોમાંથી બચી જઈએ. ધીરજના અભાવે પતિ-પત્ની એકમેકથી મોં ફેરવી લે છે અને સંતાનો 'બિચારાં તથા બાપડાં' બની જાય છે. થોડી ધીરજના અભાવે બાપ-બેટો એકબીજા સામે બાંયો ચડાવી બેસે છે અને ઘર, સંપત્તિ બધું ઉજ્જડ થઈ જાય છે. ક્યારેક વિપરીત સંજોગો આપણી ધીરજને ગળી જાય છે, પરંતુ તે વખતે જરા ધૈર્યનાં ડગ ભરીએ તો ઘણી હોનારતમાંથી બચી જવાય. સંવાદિતાનું રહસ્ય ધીરજ છે અને વિખવાદનું કારણ ધીરજનો અભાવ છે. ઘરમાં પરસ્પર સંવાદિતા અને સુમેળ હોય તો ગરીબી પણ કઠતી નથી. તે વિના સમૃદ્ધિ પણ સદતી નથી.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે માણસની સાચી પરીક્ષા વિપરીત સંજોગોમાં થાય છે. તે વખતે કોનામાં કેટલી ધીરજ અને સમજણ છે તે કળાઈ આવે. સને 1975માં એક વાર પ્રમુખસ્વામી મહારાજ ન્યૂયોર્કથી દસ માઈલ દૂર સાઉથમાં નુવર્ક શહેરમાં આઈ.વી. ટીલ કોર્ટ બિલ્ડિંગમાં પધરામણીએ ગયા. 14મા માળે લિફ્ટમાં જઈ રહ્યા હતા. આ લિફ્ટમાં છ સંતો હતા અને દસેક યુવકો પણ ભેગા આવવાનો મોહ ટાળી શક્યા નહીં. બટન દબાવતાં બારણું બંધ થયું અને લિફ્ટ બેઝમેન્ટમાં ચાલી ગઈ. બારણું ચોંટી ગયું. કોઈ રીતે ઊઘડે નહીં. સૌ મૂંઝાતા હતા. એક સ્વામી ધૈર્યથી ઊભા હતા. તેમણે શાંત ચિત્તે પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો. ઇમર્જન્સી બેલ વગાડવામાં આવ્યો. બહાર હરિભક્તો હતા. તે પણ લિફ્ટ ખોલવાની મથામણ કરતા હતા. લગભગ દસ મિનિટ બધા ગૂંગળાયા. બધાને અંતકાળ નજીક દેખાવા લાગ્યો હતો. પછી કેરટેકર આવી જતાં બારણું ઉઘડ્યું અને બધાએ છુટકારાનો દમ લીધો. આમ, પ્રમુખસ્વામી મહારાજની ધીરજે આ પ્રસંગમાં સૌને શીખવી દીધું કે વિપરીત સંજોગોમાં ધીરજ જાળવી સ્થિર રહી શકાય છે.

jivanmangalam@gmail.com

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS



ચિંતા ચિતા સમાન

ચિંતાની ખરાબ અસર દર્શાવતી આ પંક્તિઓ તમે સાંભળી હશે–

ચિંતા સે ચતુરાઈ ઘટે,
ઘટે રૂપ બલ જ્ઞાન,
ચિંતા બડી અભાગણી,
ચિંતા ચિતા સમાન.

ચિંતાને ચિતા સાથે સરખાવનાર આ લોકકવિએ ચિંતાની વિનાશક શક્તિનો સરસ પરિચય કરાવ્યો છે. વળી, કહેવાયું છે કે ચિંતા અને ચિતામાં માત્ર એક અનુસ્વારનો જ ભેદ છે, છતાં ચિતા જીવનમાં એક જ વાર બાળે છે, જ્યારે ચિંતા તો સતત બાળ્યા કરે છે.

આપણે આપણા વ્યક્તિગત જીવનની તપાસ કરીએ તો આ વાતનો તરત ખયાલ આવશે. એવી કઈ બાબત હતી કે જેના વિશે આપણે ચિંતા નથી કરી? એવી કઈ ક્ષણ આપણી ચિંતાવિહોણી ગઈ છે? જ્યારથી આપણે સમજણા થયા ત્યારથી વસ્તુ, વ્યક્તિ, વ્યાપાર કે વિકારના કારણે સતત ચિંતામાં ડૂબતા આવ્યા છીએ.

એક ગામમાં એક નગરશેઠનું અચાનક મૃત્યુ થયું. મૃત્યુ પછી એમના પુત્રે મુનીમને બોલાવી પૂછ્યું : 'આપણી પાસે કેટલું ધન છે?' મુનીમે કહ્યું : 'આપણી ત્રણ પેઢી સુધી ચાલે એટલું.' શેઠના પુત્રે કંઈ જવાબ ન આપ્યો, પણ એને એ દિવસથી પોતાની ચોથી પેઢી શું ખાશે એની ચિંતા થવા લાગી અને એ ચિંતાને લીધે એનું શરીર સુકાવા લાગ્યું. ઘણા વૈદહકીમોની દવા કરી, પણ કંઈ ફાયદો ન થયો.

એક વાર નગરમાં એક મોટા સંત આવ્યા. નગરશેઠનો પુત્ર એમની પાસે ગયો અને પોતાના મનની શાંતિ માટે એમને ઉપાય પૂછ્યો. સંતે કહ્યું : 'તમે રોજ સવારે કોઈ ગરીબને એક શેર અનાજ આપવાનું વ્રત લો.' નગરશેઠના પુત્રે રોજ સવારે કોઈ ગરીબને એક શેર અનાજ આપવાનું ચાલુ કર્યું. સંજોગવશાત્ એક સવારે કોઈ અનાજ લેવા ન આવ્યું. પોતાનું વ્રત તૂટવાના ભયથી શેઠનો પુત્ર ગભરાયો. એણે રસ્તે જતાં એક ગરીબ જેવા માણસને બોલાવી એક શેર અનાજ લઈ જવા કહ્યું. પેલા માણસે કહ્યું : 'ઊભા રહો, હું ઘરે જઈને જોઈ આવું કે મારે આજે અનાજની જરૂર છે કે નહીં?' થોડી વારે તેણે પાછા આવીને કહ્યું : 'શેઠ, આજે ચાલે એટલું અનાજ તો મારી પાસે છે; એટલે મારાથી આ નહીં લેવાય.' શેઠે કહ્યું, 'તો આવતી કાલ માટે લઈ જા.'

'આવતી કાલની ચિંતા હું આજે નથી કરતો.' પેલા માણસે કહ્યું અને ચાલવા માંડ્યો. શેઠનો પુત્ર ચોંકી ઊઠ્યો. એને થયું : 'આ ગરીબ માણસ આવતી કાલની ચિંતા કરતો નથી અને હું સો વર્ષ પછીની ચિંતાથી દૂબળો પડું છું!' અને એનું શરીર સુધરવા લાગ્યું. વધતાં-ઓછાં પ્રમાણમાં આપણે બધા આ શેઠના પુત્ર જેવા જ છીએ.

થૉમસ ફૂલર નામના એક અંગ્રેજ લેખક અને પાદરીએ લખ્યું છે – 'We are born crying; we live complaining and we die disappointed.' 'આપણે રડતાં જન્મીએ છીએ, ફરિયાદ કરતાં જીવીએ છીએ અને હતાશ થતાં મરીએ છીએ.'

શું આપણી આખી જિંદગી ચિંતામાં અને વિષાદમાં જ પૂર્ણ થઈ જશે? શું આનંદ અને ઉત્સાહયુક્ત જીવન એક સ્વપ્ન જ બની રહેશે? ના. આનંદ તો જીવનનો મૂળભૂત સ્વભાવ છે. તો પછી ચિંતાનું કારણ શું? ચિંતાનું કારણ છે દિશા વગરની દોટ!

માત્ર ભૌતિક પદાર્થોને આધારે ઘડાયેલું જીવન અંતે ચિંતા, તાણ અને હતાશામાં પરિણમે છે, જ્યારે આધ્યાત્મ સાથે સંકળાયેલ જીવન આત્યંતિક આનંદ તરફ ગતિ કરાવે છે, જેના પરિણામે આ લૌકિક ચિંતાઓ આપણને આપણા માર્ગમાંથી ક્યારેય વિચલિત કરી શકતી નથી.

આર્થિક ચિંતા હોય કે સામાજિક ચિંતા, સ્વાસ્થ્યની ચિંતા હોય કે સાથીદારની ચિંતા, સંતનું જીવન આ બધાથી પર થઈ જાય છે. આ જ રહસ્ય છે ચિંતામુક્તિનું. ભગવાન સાથે જોડાણ!

એટલે જ ભગવાન સ્વામિનારાયણ સારંગપુર પ્રકરણના પ્રથમ વચનામૃતમાં કહે છે કે, 'ભગવાનના એક રોમમાં જેટલું સુખ છે તેટલું સુખ અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહીં!' આવા ભગવાનના સુખે સુખિયા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને એક વાર પ્રશ્ન પૂછવામાં આવ્યો, 'તમને ક્યારેય અફસોસ થયો છે? સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો 'ક્યારેય નહીં.' બસ, આ જ રહસ્ય છે ચિંતામુક્તિનું. ભગવાન સાથે જોડાણ!

સંત તુકારામને આજીવન અનેક દુ:ખો આવ્યાં, પરંતુ તેમનું જોડાણ ભગવાન સાથે અતૂટ હતું તો આ દુ:ખો અને તેમાંથી જન્મેલી ચિંતાને તેઓએ હસતાં મુખે સહન કરી શક્યા. આર્થિક ચિંતા હોય કે સામાજિક ચિંતા, સ્વાસ્થ્યની ચિંતા હોય કે સાથીદારની ચિંતા, સંતનું જીવન આ બધાથી પર થઈ જાય છે, કારણ કે તેમનો નાતો સૌથી પર એવા પરમાત્મા સાથે જોડાયેલો હોય છે. તો ચાલો, આપણે પણ ચિંતા છોડીને ભગવત્ ચિંતન કરીએ.

jivanmangalam@gmail.com

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

પરિવર્તન ત્યારે જ આવે જ્યારે વ્યક્તિ પોતાની ભૂલને સ્વીકારે

દોષદૃષ્ટિ

કવિ દલપતરામ કહે છે,

ઊંટ કહે આ સમામાં વાંકા અંગવાળા,
ભૂંડા ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે.
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.

આવી ઊંટવૃત્તિ એટલે કે બીજાના દોષ જોવાની વૃત્તિ માનવમાનસમાં વિપુલ પ્રમાણમાં ફેલાતી નજરે ચડે છે. અમરેલીથી અમેરિકા સુધી શું બરાબર નથી થતું એની ચર્ચા કલાકો સુધી લોકો કરે છે, પણ પોતાના ઘરમાં શું તકલીફ છે, એનો વિચાર એક વાર પણ કર્યો હશે કે કેમ, એ પ્રશ્ન છે. આપણે પાડોશીથી લઈને પ્રધાનમંત્રી સુધી દરેકની દુઃખતી નસ હાથમાં લઈને બેઠા છીએ. ફક્ત પોતાના અંતરમાં શેની અશાંતિ છે એ ખબર નથી.

ઇતિહાસનાં પૃષ્ઠો પર દૃષ્ટિપાત કરતાં એક વાત ઊડીને આંખે વળગે છે કે જીવનમાં કંઈક શાંતિ, સ્થિરતા કે સફળતા મેળવનાર વ્યક્તિઓનું વલણ આનાથી સાવ ઊંધું હતું, એટલે કે સીધું હતું.

તુલસીદાસજી લખે છે,

બુરા દેખન મેં ચલા, બુરા મિલા ન કોઈ
દિલ મેં ખોજા આપના, મુઝસે બુરા ન કોઈ.

એમને બીજાના દોષ તો નથી દેખાતા, પણ સ્વયંમાં દોષ સિવાય કંઈ નથી દેખાતું. હા, આવી દૃષ્ટિ વ્યક્તિને પ્રશ્નમાંથી સમાધાન અને મૂંઝવણમાંથી શાંતિ તરફ લઈ જાય છે.

વિદ્યાનગરમાં, BVM કોલેજમાં પ્રોફેસર જુનારકર ખૂબ સારા શિક્ષક! ભણાવવાની રીત પણ વિદ્યાર્થીઓને અનુકૂળ! પણ એક પરીક્ષામાં બધા વિદ્યાર્થીઓ નાપાસ થયા. પ્રોફેસર ક્લાસમાં પ્રવેશ્યા. વિદ્યાર્થીઓ ગભરાયેલા કે હવે સાહેબ ખખડાવશે, પરંતુ સાહેબ સ્થિર હતા. પેપર ટેબલ ઉપર મૂક્યા અને ઊંડો નિસાસો નાંખતાં તેઓ બોલ્યા, 'There is something wrong with me' આટલું બોલતાં તેઓ ગળગળા થઈ ગયા. વિદ્યાર્થીઓ સ્તબ્ધ થઈ ગયા. મનોમન જાણે પ્રોફેસરની આંખમાંથી ટપકતા આંસુને હાથમાં લઈ સોગંદ લીધા કે હવે અમે પણ 100% પુરુષાર્થ કરીશું. કોઈ લેક્ચરબાજી નહીં, શિખામણના હથોડા નહીં અને પરિસ્થિતિ બદલાઈ ગઈ. વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભણવા લાગ્યા. તેના પરિણામે પછીની પરીક્ષાનું પરિણામ 100% આવ્યું. ખરેખર, પ્રોફેસરની ભૂલ તો 10% જ હતી, પરંતુ એમનું લક્ષ્ય પોતાની ખામી તરફ જ હતું. જાહેરમાં કરાયેલો પોતાની અલ્પ ભૂલનો સ્વીકાર વિદ્યાર્થીઓને ભીતરથી પ્રજાળી ગયો અને ત્યારથી જ સુધારો શક્ય બની શક્યો. તેથી જ કહેવાયું છે, બીજાની ભૂલો સુધારવી પૃથ્વી મઢાવવા જેવું કપરું છે, જ્યારે પોતાની ભૂલો સુધારવી એ પગમાં જોડા પહેરવા જેવું સુગમ છે.

એક વાર એક નિબંધ સ્પર્ધા યોજાઈ. વિષય હતો, 'How will you change the world?' બધાએ પાનાંઓ ભરી જાતજાતના સૂચનો લખ્યાં, પરંતુ માત્ર ત્રણ વાક્ય લખનાર બાળકનો પ્રથમ ક્રમાંક આવ્યો. એણે લખ્યું હતું, 1. I am mischievous boy, હું તોફાની છોકરો છું. 2. My parents want me to change, હું સુધરું એવી મારા માતાપિતાની ઇચ્છા છે, 3. I have decided to change, મેં નક્કી કર્યું છે કે મારે બદલાવું છે. પરિવર્તન ત્યારે જ શક્ય બને છે જ્યારે વ્યક્તિ પોતાની ભૂલને સ્વીકારે અને પોતાની ભૂલ ત્યારે જ દેખાય છે, જ્યારે વ્યક્તિ અંતઃદૃષ્ટિ કરે છે, આંતરખોજ કરે છે.

આવી જ વાત કરતાં ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, 'આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન, વૃદ્ધત્વને જુએ છે. એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી. તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે, મૂર્ખમાં અતિશય મૂર્ખ છે.'

ખરેખર અંતરમાં શાંતિ જોઈતી હોય, પ્રગતિના પંથે આગળ વધવું હોય, જીવનને ઉન્નત કરવું હોય તો પોતાની તપાસ કરવી અત્યંત આવશ્યક છે

પણ આજના Social mediaના જમાનામાં માણસ બીજાને જોવામાંથી જ ઊંચો આવતો નથી. લોકોના મેસેજ, ફોટા, સ્ટેટસમાં જ જેનાં દિવસ રાત વીતે છે, એને પોતાના અસ્તિત્વ માટે સમય ક્યાંથી હોય?

પણ જો ખરેખર અંતરમાં શાંતિ જોઈતી હોય, પ્રગતિના પંથે આગળ વધવું હોય, જીવનને ઉન્નત કરવું હોય તો પોતાની તપાસ કરવી અત્યંત આવશ્યક છે. પોતાના દોષો ક્યાં ઓછા છે?

એટલે અંતે દલપતરામ કહે છે -

સાંભળી શિયાળ બોલ્યો દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે.

પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ કહેતા કે, 'પોતાના દોષ દેખાય ત્યારે એમ જાણવું કે મને ભગવાનનાં દર્શન થયા.' સ્વદોષદર્શનને પ્રભુ-દર્શન તુલ્ય કહી દીધું. તો નિર્ણય આપણા હાથમાં છે. કેવળ લોકોની ખોડ-ખાંપણને જોવામાં, પોતે એવા ને એવા રહીને જીવન વેડફી નાંખવું છે કે પોતાની ભૂલો સુધારીને નવજીવન જીવી જવું છે?

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

સત્સંગનો આધાર હોય તો જ સાચી સમજણ કેળવાય છે અને દુઃખથી નિવૃત્તિ મળે છે. માટે જ ગુરુકૃપા, સંતોનો સંગ અને સત્સંગ જરૂરી છે

જેનામાં માનવતા જાગૃત છે, તેવા ભક્તો ભગવદ્કૃપાના અધિકારી બને છે

આદ્ય શંકરાચાર્યજીએ ત્રણ બાબતોને દુર્લભ ગણાવી છે. મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષનો સંગ - આ ત્રણ પ્રાપ્ત કરવા મુશ્કેલ છે. જોકે, જ્ઞાનમાર્ગમાં એકત્વની વાત કરવામાં આવી છે. જીવન્મુક્ત અવસ્થા તેમાં પ્રધાન છે.

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં ગંગાજીના તટે હરિદ્વાર ક્ષેત્રમાં મૈત્રેય ઋષિના આશ્રમમાં નારદજી કથા સંભળાવી રહ્યા હતા. તેમાં કૈવલ્ય મુક્તિની વાત કરાઈ છે. આમ તો આપણી બધી જ પ્રવૃત્તિ મુક્તિ માટે જ હોય છે. ભૂખથી મુક્તિ માટે ભોજન કરીએ છીએ. થાકથી મુક્તિ માટે ઊંઘ લઈએ છીએ. નિર્ધનતાથી મુક્તિ માટે આર્થિક પ્રવૃત્તિ કરીએ છીએ, પરંતુ વાસ્તવમાં મુક્તિ અને બંધન એ આપણી ટૂંકી સમજ એટલે કે વિવેકના અભાવને કારણે અનુભવાય છે. માટે જ અજ્ઞાનથી મુક્તિ માટે વિદ્યા-જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. પરમાત્માથી આત્મા ભિન્ન છે, માત્ર જે મિથ્યા આવરણ છે, તે દૂર કરવાનું છે, પરંતુ અજ્ઞાન થાય તો જ સાચું સ્વરૂપ ઓળખી શકાય તે માટે મહાપુરુષનો આશ્રય મળે તો જ કૈવલ્ય જ્ઞાનની પ્રાપ્તિ શક્ય બને છે.

જન્મ-જન્માંતરના સંસ્કારોને કારણે જડ અને ચેતન વચ્ચે જે ગ્રંથિ બંધાઈ ગઈ છે. તેના કારણે આપણે શુદ્ધ સ્વરૂપને ઓળખી શકતા નથી. જ્ઞાનમાર્ગમાં પરમાત્મા અને આત્માની અભિન્નતા સમજવાનો માર્ગ દર્શાવાયો છે. જ્યારે ભક્તિમાર્ગમાં સગુણ બ્રહ્મની ઉપાસના, સારુપ્ય, સાયુજ્ય જેવા પાંચ પ્રકાર દર્શાવાયા છે. અનેક જન્મોમાં ક્યારેક પુત્ર, ક્યારેક પિતા - એવા અનેક સંબંધોમાં જોડાઈને આસક્તિમાં બંધાઈ ગયેલો આત્મા જલદી ભગવદ્પ્રીતિ અને જીવનમુક્તિ માટે તત્પરતા દાખવતો નથી. જન્મ-જન્માંતરની શ્રદ્ધા અને ભક્તિ દ્વારા જ મહાપુરુષનો સંગ કરવાનો લાભ મળે છે. સદ્ગુરુ પાસે જવા માટે જિજ્ઞાસા થાય ત્યાર બાદ નમ્રતા રાખીને અહંશૂન્ય બનીને સમર્પણભાવ વ્યક્ત કરવાથી પ્રસન્નતા થાય છે. આવા મહાપુરુષના સત્સંગથી અહંકાર નષ્ટ થાય છે. જોકે, એ યાદ રાખવાનું છે કે સંસારની સમસ્યાઓ સામે દીન બનવાનું નથી, પરંતુ પડકારોનો સામનો દૃઢતાપૂર્વક, ભગવાન અને સદ્ગુરુમાં અખંડ વિશ્વાસ સાથે કરવાનો છે. સદ્ગુરુની કૃપાથી સંયમના માર્ગે આગળ વધવાનું છે.

બધા સુખની જ પ્રાપ્તિ કરવા ઇચ્છતા હોય છે, પરંતુ સંસારની ઘટમાળ ખૂબ વિચિત્ર છે. દુઃખને બોલાવવું પડતું નથી. એકાએક અને આપોઆપ તે આવી જાય છે. માટે સત્સંગનો આધાર હોય તો જ સાચી સમજણ કેળવાય છે અને દુઃખથી નિવૃત્તિ મળે છે. માટે જ બાહ્ય પરિસ્થિતિ ગમે તેવી વિકટ હોય તો પણ મનમાં ક્લેશ ઉત્પન્ન થતો નથી. માટે જ ગુરુકૃપા, સંતોનો સંગ અને સત્સંગ જરૂરી છે. જીવનમાં હંમેશાં ગુરુકૃપા હશે, સંતોનો સંગ હશે તો મનુષ્યત્વ કદી વિસરાશે નહીં અર્થાત્ માનવતા હંમેશાં જાગૃત છે અને વિવેકી પણ છે એટલે કે આવા જાગૃત, વિવેકી ભક્તો ભગવદ્કૃપાના અધિકારી બનતા હોય છે.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

ચંપકશ્રેષ્ઠીની ભાવના

શ્રેષ્ઠીને મહાત્માની વાતનો સરળતાથી ખ્યાલ આવી ગયો

ધન્યપુર નગરમાં ચંપક નામના શ્રેષ્ઠી રહે. તેઓ ખૂબ આરાધક. દિન-રાત ધર્મ-આરાધના કરે. મહાત્માને ગોચરી-ભિક્ષા વહોરાવવાની ખૂબ જ ભાવના. ઉપાશ્રયેથી મહાત્માને પરાણે ઘરે લઈ આવે. મહાત્મા જે વાનગી વહોરે તે જ તેઓ વાપરે.

એક દિવસ ઘરે મહાત્માને ગોચરી વહોરાવી રહ્યા હતા. પાત્રમાં ઘી વહોરાવતા હતા. ઘીની ધારા નીચે પડતી હતી અને ભાવની ધારા ઉપર ચડતી હતી. મહાત્માને ઉચ્ચ ભાવધારાનો ખ્યાલ આવતા ઘીની ધારાને ન અટકાવી. ઘીથી પાત્ર ભરાતું ગયું. આ બાજુ મહાત્મા ના પણ કહેતા નથી. સહજ સ્વભાવ અનુસાર ભાવધારા અચાનક તૂટી. વિચાર આવ્યો : 'આ સાધુ છે કે લોભી? આટલું વહોર્યા પછી પણ ના પાડતા નથી!' જ્ઞાની મહાત્માને ખ્યાલ આવી ગયો. વાત્સલ્યથી તેમણે કહ્યું : 'આમ ઉપર ચડ્યા પછી નીચે ન ઊતરો!' સાશ્ચર્ય તેમણે પૂછ્યું : 'હું તો આપની સામે જ છું. આમાં નીચે ઊતરવાની વાત ક્યાં આવી?' મહાત્માએ મર્માળું સ્મિત આપી પાત્ર લઈ લીધું. શ્રેષ્ઠીને ખબર પડી ગઈ કે મહાત્મા ભાવધારાથી ઊતરવાની વાત કરતા હતા. દાન પછી અહોભાવ થવો જોઈએ, અધોભાવ નહીં.

જીવન માંગલ્ય | સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

વિચારની વધતી આવૃત્તિઓ ક્રિયા નીપજાવવા માટે તત્પર બને છે

વિચારક્રાંતિ

આજે માનવની વિકાસકૂચ આભને આંબી રહી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિકાસની નવી ક્ષિતિજો ઉઘાડી રહી છે, પરંતુ આ વિકાસ, આ પ્રગતિ શેને આભારી છે?

ઉત્તર છે - વિચાર! પ્રાચીનકાળથી આજપર્યંત માનવની પ્રગતિનો ઇતિહાસ એ મનુષ્યમસ્તિષ્કના વિચારોની ગાથા તેમ જ વિચારોનું સર્જનાત્મક અનુસરણ અને પરિણામોની પ્રાપ્તિનો ઇતિહાસ છે.

મહાન વૈજ્ઞાનિક ન્યૂટન નાનો હતો ત્યારની વાત છે. એક દિવસ એ એક સફરજનના ઝાડ નીચે બેઠો હતો. અચાનક એણે જોયું કે ઝાડ ઉપરથી એક સફરજન નીચે પડ્યું. ન્યૂટન આ જોઈને વિચારમગ્ન થઈ ગયો. તે ઘણા દિવસો સુધી આ વિષય પર વિચાર કરતો રહ્યો કે બધી વસ્તુઓ નીચેની તરફ જ પડે છે, જરૂર આમાં કોઈક રહસ્ય હોવું જોઈએ. એ રહસ્ય ઉકેલવા મંડી પડ્યો અને જગતને ગુરુત્વાકર્ષણનો નિયમ આપ્યો. સફરજનને નીચે પડતાં તો ઘણાયે જોયાં હશે, પણ આવો વિચાર કેટલાયે કર્યો? જેણે વિચાર કર્યો તેનું નામ અમર થઈ ગયું. આ છે વિચારની શક્તિ!

તેથી જ જ્હોન રસ્કિન કહે છે, 'માનવ ઇતિહાસ મુખ્યત્વે કરીને વિચારોનો ઇતિહાસ છે.'

ડો. અબ્દુલ કલામ સાહેબ પોતાની આત્મકથામાં જણાવે છે કે, 'બાળપણથી જ મને આકાશના રહસ્યો અને પક્ષીનાં ઉડ્ડયનો પ્રત્યે ખૂબ આકર્ષણ હતું. મને રોજ તેના વિચાર આવતા. હું બગલાઓ તથા સીગલ પક્ષીઓને આકાશમાં ઊંચે ઊડતાં જોતો ત્યારે મને ઊડવાની તીવ્ર ઇચ્છા જન્મતી. ભલે હું સીધોસાદો ગામડાનો છોકરો હતો, પણ મને શ્રદ્ધા હતી કે એક દિવસ હું પણ આકાશમાં ઊડીશ અને ખરેખર, રામેશ્વરમાંથી આકાશમાં વિચરનાર હું પ્રથમ છોકરો બન્યો.'

એક સામાન્ય સાગરખેડુના બાળકને આકાશની ઊંચાઈએ અડવા માટે મુખ્ય પરિબળ હતું વિચાર! એટલે જ કહેવાયું છે કે, 'Sow a thought, reap an action' જ્યારે વિચારનું વાવેતર થાય છે ત્યારે તે ક્રિયામાં પરિણામે છે.

તદુપરાંત, વિચારની વધતી આવૃત્તિઓ ક્રિયાને નીપજાવવા માટે તત્પર બને છે. તેમાં વિશેષ શક્તિનો સંચાર થાય છે. તેથી જ વિશ્વની મહાશક્તિઓને પણ તણિયાઝાટક કરવાની શક્તિ વિચારમાં રહેલી છે.

ગાંધીજી કહેતા કે - 'મને તો બોલતાં કે લખેલા શબ્દની શક્તિ કરતાં વિચારની શક્તિ ચઢિયાતી લાગે છે. મને એમાં વધારે શ્રદ્ધા છે.'

દક્ષિણ આફ્રિકામાં એક વાર ગાંધીજી

ડર્બનથી પ્રીટોરિયા જવા માટે રેલ્વેની ફર્સ્ટ ક્લાસની ટિકિટ લઈને બેઠા. રાત્રે 9 વાગે મેરિત્સબર્ગ સ્ટેશને એક ગોરો અધિકારી ડબ્બામાં આવ્યો. ગાંધીજીને જોઈ તેણે કોઈ અમલદારને બોલાવી થર્ડ ક્લાસના ડબ્બામાં જવાનું કહેવડાવ્યું. ગાંધીજી પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ હતી, તેથી તેમણે જવાની ના પાડી. અમલદારે બળજબરીપૂર્વક ટ્રેનમાંથી નીચે ઉતાર્યા. તે સમયે તેમના મનમાં વિચાર વવાયો : 'મારે મારા હક માટે લડવું જોઈએ.'

24 વર્ષના એક યુવાન બિનઅનુભવી બેરિસ્ટરના આ વિચારોમાં સ્વરાજની હિલચાલના ભણકારા હતા. તેમના આ વિચારોએ માત્ર આફ્રિકન લોકોમાં જ નહીં, ભારતની 30 કરોડની જનતામાં સ્વતંત્રતાની ભૂખ જગાડી દીધી. ગાંધીજીના આ વિચારે એવો પ્રચંડ પવન ફૂંક્યો કે 150 વર્ષની અંગ્રેજોની ગુલામીની ગંઠાઈ ગયેલી જંજીરોને ઓગાળી દીધી. ટ્રેનના ડબ્બામાંથી બહાર ફેંકાયેલ વ્યક્તિના પ્રબળ વિચારે આખા સામ્રાજ્યને બહાર ફેંકી દીધું. આ વિચારની કરામત નહીં તો શું છે? હા, મહાન વિચાર મહાન કર્મ જન્માવે છે.

1855માં જન્મેલા કેમ્પ જીલેટ 21 વર્ષે ટ્રાવેલિંગ સેલ્સમેન બની ગયા. 38 વર્ષ સુધી સેલ્સમેનશિપ કરી, પરંતુ તેમનું મન કંઈક નવું કરવા સતત ઝંખતું હતું. બસ, ત્યાં જ એક પ્રબળ વિચારનું આરોપણ થયું અને વિશ્વમાં સૌપ્રથમ વાર સુરક્ષિત શેવિંગ બ્લેડ અને હોલ્ડરનો વિચાર ઊપસી આવ્યો. જીલેટના આ અદ્ભુત વિચારનું જ પરિણામ હતું કે છ વર્ષમાં 200 દેશોમાં 1.2 કરોડ બ્લેડ વેચાઈ ગઈ.

વિચારની આટલી શક્તિ અને સામર્થ્ય હોવા છતાં 'Thinking is hardworking' વિચારવું તે કઠિન કાર્ય છે. વિચારને અઘરું કાર્ય કહેવાનું કારણ એટલું જ છે કે વિચાર અને વિકાસ જેમ સાથે ચાલે છે, તેમ વિચાર અને વિનાશ પણ સહચારી છે. વિચાર બેધારી તલવારની જેમ કામ કરે છે. વિચાર યોગ્ય, નિયંત્રિત અને સર્જનાત્મક હોય તો ચોક્કસ વિકાસને નોંતરે છે, પરંતુ અયોગ્ય, અનિયંત્રિત અને વિધ્વંસાત્મક વિચાર વિનાશ સર્જે છે. કોઈની પ્રગતિમાં દાઝવાથી શરૂ થયેલી વૈચારિક પ્રક્રિયા આતંકવાદ સુધી પહોંચે છે, તેના મૂળમાં આ અવળો વિચાર છે. તેથી જ પ્રમુખસ્વામી મહારાજ સદા કહેતા, 'અવળા વિચારનો ત્યાગ કરવો અને સવળો વિચાર હોય તે જ ગ્રહણ કરવો.'

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન | ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધર્મનું અવલબંન કરનાર ભક્તો અલગ અલગ પ્રકારે ભગવાનની ભક્તિ કરે છે

અખંડ ભક્તિ ભક્તને શાંતિનો અનુભવ કરાવી શકવા સમર્થ છે

શ્રીમદ્ ભાગવતનું પઠન-શ્રવણ પરમ શાંતિની પ્રાપ્તિ કરાવે છે. વેદવ્યાસજીએ અનેક ગ્રંથોની રચના કરી, પરંતુ પરમ શાંતિની પ્રાપ્તિ થઈ નહીં. જેને કારણે તેમણે શ્રીમદ્ ભાગવતની રચના કર્યા બાદ વેદવ્યાસજીને પરમ શાંતિની પ્રાપ્તિ થઈ હતી. માટે મનુષ્યે ભાગવત બનવું જરૂરી છે. ભાગવત બનવું એટલે ભક્ત બનવું.

દુનિયાનાં કેટલાંક ધર્મ ભગવાનનો સ્વીકાર કરે છે અને કેટલાંક નિરીશ્વરવાદી છે. જોકે, પ્રત્યેક મનુષ્ય માટે ધર્મનો સ્વીકાર અનિવાર્ય છે, કેમ કે અન્ય પશુ પક્ષી વગેરે જીવો માટે ધર્મ નથી. તે માત્ર મનુષ્ય એવા બુદ્ધિમાન પ્રાણી માટે છે. આથી મનુષ્ય બનવા માટે ધર્મ જરૂરી છે. ધર્મસત્તા, સમાજસત્તા અને રાજ્યસત્તા ત્રણેનું પાલન કરવું જરૂરી છે. ધર્મસત્તા એટલે પાપ અને પુણ્યનો વિચાર કરીને પુણ્ય વધે તેવી પ્રવૃત્તિ કરવી. સમાજના રીતરિવાજનું પાલન કરવું જરૂરી છે. રાજ્યસત્તા કાનૂન અનુસાર જીવન જીવવાની આજ્ઞા કરે છે. સ્વચ્છંદ વિચરણ કરનારને કાનૂન નિયંત્રણમાં રાખે છે. રાજા સ્વચ્છંદી વ્યક્તિને દંડ આપે છે. ધર્મનું અવલબંન કરનાર ભક્તો અલગ અલગ પ્રકારે ભગવાનની ભક્તિ કરે છે અને તેમની અભિવ્યક્તિના પ્રકાર અલગ અલગ હોય છે. મુખ્યત્વે પાંચ ભાવથી ભક્તિ થાય છે. વાત્સલ્યભાવ, મધુર અથવા શ્રૃંગારભાવ, સખ્યભાવ, દાસ્યભાવ અને શાંતભાવ. નંદ-યશોદા શ્રીકૃષ્ણની વાત્સલ્યભાવથી ભક્તિ કરે છે. ગર્ગાચાર્યજીએ તેમને આદેશ કર્યો હતો કે આ બાલગોપાલની રક્ષા કરજો.

માતા-પિતા બાળકનું લાલનપાલન વાત્સલ્યભાવથી કરે છે. ભગવાનની વાત્સલ્યભાવે ભક્તિ કરનારે બે નિયમ પાળવા પડે છે. પ્રથમ બાળક પાસે કોઈ માંગણી કરાય નહીં. બાળકની ઇચ્છા મુજબ તેને ભોગ ધરાવવા પડે છે. બાળકને શું આપી શકો? બીજું છે, બાળક આગળ રુદન કરાય નહીં. આપણી સાંસારિક મુશ્કેલી હોય તે બાબતે બાળક સામે રુદન કરવાથી બાળક મુંઝાઈ જાય છે અને તે પણ રડવા લાગે છે. આથી, બાળક આગળ રોવાય નહીં. વળી, જો શોક આવી જાય તો વ્યક્તિ અશૌચ બની જાય છે અને અશૌચ અવસ્થામાં હરિભજન થાય નહીં. આથી, મરણ જેવા પ્રસંગે સૂતક પાળવાનું હોય છે. એટલે કે પ્રત્યેક ભક્ત પોતપોતાની ક્ષમતા, યોગ્યતા મુજબ ભગવાનને ભજતો હોય છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે જે કોઈ પણ કાર્ય કરો, તે ભગવાનની સ્મૃતિ સાથે કરતા રહો. ઉદાહરણ તરીકે, જેમને ભગવાનને સ્નાન, પ્રક્ષાલન, શણગાર, ભોગ ધરાવતી વખતે સતત પ્રભુના સાંનિધ્યમાં-સેવામાં રહેવાનું હોય છે, તેમણે વિશેષ નિયમોનું પાલન કરવું પડતું હોય છે અને એ સેવા દરમિયાન પણ તેઓ નિરંતર ભગવાનની સ્મૃતિ, સ્મરણ કરતા રહેતા હોય છે. જો મનુષ્ય પોતાના પ્રત્યેક કાર્ય દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણ કે પોતાના ઇષ્ટનું સતત સ્મરણ કર્યા કરે તો તે આધ્યાત્મિકતાની ઉચ્ચ દશા તરફ આગળ વધે છે. અખંડ ભક્તિ સાચા અર્થમાં ભક્તને પરમ શાંતિનો અનુભવ કરાવી શકવા સમર્થ છે.

જીવવું ગમે નહીં, ને જીવ્યા વિના ચાલે નહીં!!

મોતીચારો | પૂ. પંન્યાસ ઉદયરત્ન વિજયજી મ.સા.

આ અંકથી શરૂ થતી નવી કોલમ

ચાલો, આપણે જિંદગી-જિંદગી રમીએ. રુટિનથી કંટાળીને કંઈક રમવું તો પડશે. રમવામાં આનંદ છે એવો જીવવામાં ગોતવો છે. માટે જ રમતનું નામ આપી દઈએ : જિંદગી જિંદગી! સૌથી પહેલાં તો ટીમ પાડવી પડશે... પણ યાર, ટીમ પાડીએ એટલે મારા-તારાની વાતો શરૂ થઈ જાય. મારું-તારું, આપણું-બીજાનું, પોતાનું-પરાયું કર્યા વિના ગેમ રમાય જ નહીં શું? જો આ જ કરવાનું હોય તો રમવાનો મતલબ શો? આવું તો રુટિનમાં પણ કરીએ જ છીએ. તો શું કરીશું? રમીશું તો ખરા જ. રમતનાં નિયમો બનાવીશું. એલાર્મ વિના જાગવાનું, પણ ઝઘડવાનું નહીં. જે ઝઘડે તે આઉટ! જે પ્રેમ કરી શકે એ જીતે. જીત્યા પછી વળી શરત વિના પ્રેમ કરતાં રહેવાનું.

ચાલુ રમત છોડીને નહીં જવાનું. જીવવાનું છોડી દે એ તો બહુ ખોટું. આપણો દાવ આવે તો આપવો તો પડે જ. રડવાની છૂટ, પણ કોઈ હસાવે તો હસી પડવાનું. આંસુથી ખરડાયેલા ગાલ સાથે કે ભીની-છલકાયેલી આંખો સાથે જે હસી પડે તેને બોનસનાં પોઇન્ટ મળે!

ગુસ્સો કરવાની કે રિસાઈ જવાની છૂટ, પણ ગુસ્સો રાખવાની કે રિસામણાં લંબાવવાની મનાઈ! Time is overની બૂમ પડે એ પહેલાં... 'તુબ્ભે જાણહ...અહં ન જાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં' બોલી જાય તો નોટ આઉટ! ખોટું લગાડવાનું, સંભળાવી દેવાનું ને એવું નહીં રાખવાનું. લાગણીની બાઉન્ડ્રીની બહાર જવાનું જ નહીં.. મર્યાદામાં રહીને જે કરવું હોય તે કરવાની છૂટ!

હા, વચ્ચે વિશ્રામ લેવો હોય તો 'ટેમપ્લીઝ' (Time Please) કહીને દેવાનું. થોડું આપણા પર હસી લેવાનું. પડી જઈએ તો જાતે ઊભા થઈને ધૂળ ખંખેરી નાખવાની. રિસેસ તો જોઈએ જ ને? માંગીને લઈ લેવાની. દેખાડાથી નહીં જીવવાનું, દેખાવડા થઈને જીવવાનું. રિસેસમાં બધા ભેગા ને રમતમાંય બધા ભેગા. એકલા રમવાનું તો આપણને ફાવે જ નહીં. ભેગા રહેવાનું. ભેગા થઈને રહેવાનું. આપણે સાથીદારોનાં હેવાયા બનવાનું. કોઈની ફરિયાદ કરવી, બેઇજ્જતી કરવી. કોઈના પર ગંદા-જૂઠા આરોપો લગાવવા એ કેટલાક માટે 'રમત-વાત' છે, પણ આપણી રમતની બહારની વાત છે. બીજી રમત આપણને નહીં ફાવે... ચાલો, આ રમત રમી લઈએ : જિંદગી જિંદગી! જીવવાનું ગમે નહીં અને જીવ્યા વિના ચાલે નહીં. આમ મરતાં મરતાં ક્યાં લગી જીવીશું? ચાલ ને દોસ્ત! આજે ધોધમાર જીવી લઈએ. જીવતાં જીવતાં રમી લઈએ ને રમતાં રમતાં જીવી લઈએ.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

આધ્યાત્મિકતાને અપનાવી જીવનને આનંદભર્યું બનાવીએ

કંઈક રહી જાય છે

'મીયર ક્રિશ્ચિયાનિટી' (Mere Christianity) પુસ્તકના લેખક સી. એસ. લુઇસ અમેરિકાના એક અતિ ધનાઢ્ય ઉદ્યોગપતિ થોમસ મોનાહનનો ઉલ્લેખ કરતાં વર્ણવે છે કે અનાથાશ્રમમાં ઊછરેલા થોમસે 1960માં 'પિત્ઝા હટ'ની શરૂઆત કરી. 1989માં પાંચ હજાર દુકાનો ધરાવતો અને દર વર્ષે 250 કરોડ ડોલરનું ટર્નઓવર કરતો અમેરિકાનો મોટામાં મોટો ફાસ્ટફૂડ બિઝનેસ થઈ ગયો. તેની પાસે પોતાની એક અબજ ડોલરની સંપત્તિ હતી. થોમસ ચાર લાખ ડોલરની રોલેક્સ ઘડિયાળ પહેરતો; પોતાનું ખાનગી હેલિકોપ્ટર, ખાનગી વિમાન અને ખાનગી બોટ; બાર કરોડ રૂપિયાથી વધુ મોંઘા અને અતિ વૈભવી મકાનમાં તેનું રહેવાનું; છતાંય થોમસ કહે છે : 'આમાંથી એકેય વસ્તુએ મને સુખ આપ્યું નથી. બીજાનું ધ્યાન ખેંચવા હું આ ખરીદતો. મારા અહંને પોષવા જ પરિગ્રહ વધારતો. હવે બધાને તિલાંજલિ આપું છું.'

હા, ટોની બ્લેર પણ કહે છે, 'આધ્યાત્મિકતા વગર આપણા જીવનમાં જે ખાલીપો છે તે સગવડ ને સંપત્તિ પૂરી શકવાનાં નથી.' જ્યારે થોમસે બધું છોડીને પ્રભુસ્મરણમાં જીવન વિતાવવાનું શરૂ કર્યું, ત્યારે કંઈક સંતોષ લઈ શક્યો.

નિઃસંદેહ, જેમ એકડા વગરનાં મીંડાનું કોઈ મૂલ્ય નથી, તે જ રીતે આધ્યાત્મિકતા વગર અન્ય સાધનો પણ વ્યર્થ જ સિદ્ધ થાય છે.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાક્રિશ્નન કહે છે, 'The soul of our progress is the progress of our soul.' આત્મિક કે આધ્યાત્મિક વિકાસ જ સાચો વિકાસ છે. જો જીવનમાં આધ્યાત્મિકતા રહી ગઈ તો ખાલીપો અને અજંપો જ રહી જાય છે.

અહીં એક બાબત ધ્યાન ખેંચે એવી છે. આ મહાપુરુષો, ચિંતકો કે કવિઓને પ્રગતિનાં સાધનો કે સોપાનો સિદ્ધ કરવા સાથે કશો જ વિરોધ નથી. હા, તેમનો અભિપ્રાય એટલો જ છે કે આ સાધનો પણ મૂલ્યવાન બની જાય જો તેને આધ્યાત્મિકતાની સાથે જોડવામાં આવે.

તા. 30-6-2001ના રોજ દિલ્હી ખાતે વિશ્વવિખ્યાત અણુવિજ્ઞાની અને અંતરિક્ષવિજ્ઞાની અબ્દુલ કલામસાહેબ પ્રમુખસ્વામી મહારાજની મુલાકાતે પધાર્યા હતા. ભારતને વિકસિત દેશોની પંક્તિમાં લાવવા દેશના 500 બુદ્ધિશાળીઓએ (Intellectual giants) ભેગા થઈને પાંચ વિકાસનાં ક્ષેત્રો નક્કી કર્યાં હતાં. 1. શિક્ષણ અને સ્વાસ્થ્ય 2. કૃષિ અને તેને લગતાં ક્ષેત્રો 3. ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન 4. ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને 5. ક્રિટિકલ ટેક્નોલોજી. આ વાત તેમને સ્વામીશ્રીને કરી. ત્યારે પ્રમુખસ્વામી મહારાજે તરત જ કહ્યું, 'પાંચ મુદ્દાની સાથે છઠ્ઠો મુદ્દો ઉમેરો - ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતા. એ રીતે લોકો તૈયાર થાય તે પણ ખૂબ અગત્યનું છે. આધ્યાત્મિક સંપત્તિ જેટલી મજબૂત હશે એટલી આ લૌકિક સંપત્તિ તેની મેળે જ આવી જશે.'

કલામસાહેબે પણ આ માર્ગદર્શનને સહર્ષ સ્વીકારીને ફરી પૂછ્યું, 'પહેલાં માણસોને ધાર્મિક કરીને પછી આ પ્રમાણે કાર્યનો આરંભ કરવો કે પછી બંને સમાંતર કરવું?'

સ્વામીજીએ કહ્યું, 'બંને સમાંતર કરવું, વિકાસનું કાર્ય પણ ચાલુ રાખવું. આપણી સંસ્કૃતિ પરા અને અપરા વિદ્યા બંનેને સ્વીકારીને આગળ ચાલે છે.' આમ, આધ્યાત્મિકતાના દિવ્ય સ્પર્શ સાથેની જીવનશૈલી પૂર્ણ અને સંતુલિત વિકાસ લાવે છે.

વળી, અહીં એક વાત સમજવા જેવી કે આધ્યાત્મિકતા જીવનની વાસ્તવિક આવશ્યકતા છે, માત્ર સકારાત્મક સૂચન તેનું સ્થાન ન લઈ શકે. આ વાતની પ્રતીતિ લંડનના જાણીતા મનોવૈજ્ઞાનિક ડૉ. હેડફિલ્ડના વર્ષોના અનુભવના તારણ પરથી થાય છે. તેઓ લખે છે કે, 'માનસિક દુર્બળતાથી પીડાતા દર્દીઓને શાંતિ અને વિશ્વાસનાં સૂચનો આપી સાજા કરવાની મારી કોશિશ ત્યાં સુધી નિષ્ફળ જ રહી, જ્યાં સુધી મેં આ સૂચનો ભગવાનમાં શ્રદ્ધા અને ભગવાનના સામર્થ્ય સાથે સાંકળ્યા નહીં.'

વિજ્ઞાનનો વિલય માનવને ઔદ્યોગિક વિકાસ, ભૌતિક સમૃદ્ધિ અને ધન સંચય તરફ વાળે છે, પરંતુ સાચું આધ્યાત્મિક ચિંતન તેને આંતરવિકાસ તરફ લઈ જાય જાય છે, જ્યાં સર્વજીવહિતાવહની ભાવના ટકે છે.

મહાન વૈજ્ઞાનિક ચાર્લ્સ સ્ટાઇન્મેટ્સ કહે છે - 'હું માનું છું કે હવે સૌથી મહાન શોધખોળો આધ્યાત્મિક દિશામાં જ થશે. એક દિવસ એવો આવશે, જ્યારે લોકોને એવું અનુભવાશે કે ભૌતિક વસ્તુઓ સુખ આપી શકતી નથી, માણસોને અત્યંત પ્રભાવશાળી અને રચનાત્મક બનાવવામાં તે બહુ વામણી લાગશે.

જ્યારે વૈજ્ઞાનિકો પોતાની લેબોરેટરીને ભગવાન અને પ્રાર્થનાના ઊંડાણ તરફ - અભ્યાસખંડમાં ફેરવી નાખશે ત્યારે વિશ્વ, પાછલી ચાર પેઢીઓમાં જેટલી પ્રગતિ કરી શક્યું છે તેના કરતાંય વધુ પ્રગતિ એક જ પેઢીમાં કરશે.' એટલે જ કહેવાયું છે આધ્યાત્મિકતા આત્માની પરમ સંતુષ્ટિ છે. તેને રોજિંદા જીવનમાં અપનાવીને જીવનની પ્રત્યેક પળને આનંદોત્સવભરી બનાવીએ.

jivanmangalam@gmail.com

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ધર્મનું અવલંબન કરનાર ભક્તો અલગ અલગ પ્રકારે ભગવાનની ભક્તિ કરે છે

ઉત્સવમાં પણ ધર્મ સમન્વિત છે, જે ભયથી માનવને બચાવે છે

ભારતીય પરંપરામાં પર્વ, ઉત્સવમાં પણ ધર્મનું અંગ સમન્વિત છે. જે માનવને શ્રેષ્ઠ માનવ તરફ દોરી જાય છે. સાચા અર્થમાં માનવતા તેનામાં આવે છે. પ્રેમ, અનુકંપા, સેવા જેવા ગુણોનું નિર્માણ થાય છે. માટે જ કહેવાય છે કે - માનવશરીર મળ્યા પછી માનવે ભક્તિ, સદાચારને આત્મસાત્ કરી લેવાના છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન કહે છે કે, 'આ માનવશરીર સ્વયંના ઉદ્ધાર માટે મળ્યું છે.' માટે ભગવાનની તરસનું નામ જ ભક્તિ છે. ભક્તિ અખંડ રહે તે માટે નિયમિત સત્સંગ કરો, સ્વાધ્યાય કરો.

પ્રકૃતિ એ તો ગતિશીલ છે. ગતિ એ પ્રકૃતિનો પરિચય છે. ક્રિયા એ પ્રકૃતિનો સ્વભાવ છે. ક્રિયામાં અને કર્મમાં પણ અંતર છે. પ્રકૃતિના સ્વભાવરૂપ ક્રિયામાં જ્યારે જીવને કર્તાપણાનું અભિમાન થાય ત્યારે એ ક્રિયા મટીને કર્મ બને છે. ક્રિયા બાધક નથી, કર્મ બાધક છે. ક્રિયા સાથે પાપ-પુણ્ય શબ્દ નથી. કર્મ સાથે પાપ-પુણ્ય શબ્દ પણ લાગે છે.

પાપ બાંધે છે અને પુણ્ય પણ બાંધે છે. પાપ લોઢાની સાંકળથી બાંધે છે. પુણ્ય સોનાની સાંકળ છે. સાંકળ બંનેને બાંધે છે, પણ પાપ એ જેલ છે અને પુણ્ય એ તમારા ઘરનો ઓરડો છે. જેલની કોટડીને બહાર જ આગળિયો હોય, અંદર નહીં. જેલની કોટડીનો કેદી તેને અંદરથી બંધ કરવા માટે સ્વતંત્ર નથી.

બહારવાળો ફાવે ત્યારે બહારથી તાળું મારી દે, ફાવે ત્યારે ખોલે, ફાવે ત્યારે અંદર આવે, ફાવે ત્યારે કેદીને અંદરથી બહાર લઈ જાય. કેદી તો કેદી જ છે, તે પરતંત્ર જ રહેવાનો છે. ત્યારે તમારા ઘરના ઓરડાને બહારથી પણ બંધ થાય છે અને અંદર પણ સ્ટોપર છે. તમે અંદરથી બંધ કરવા પણ સ્વતંત્ર છો અને અંદરથી દરવાજો ખોલીને બહાર નીકળવા પણ સ્વતંત્ર છો. આ રીતે પાપ એ જેલની કોટડી છે અને તેની સજા તો ભોગવવી જ પડે છે. જ્યારે પુણ્ય એ ઘરનો ઓરડો છે. તેના બંધનમાંથી તમારે છૂટવું હોય તો છૂટી શકાય છે. તમારા બધા જ પુણ્યકર્મો પરમાત્માને સમર્પિત કરો છો.

કેટલીક વાર તો એવું જોવામાં આવે છે કે ઘડપણમાં રાગનો રંગ ઘેરો થવા માંડે છે. જીવનની ચોથી અવસ્થા આવી પહોંચી છે. જીવનની સંધ્યા ઢળી છે, ઘરમાં બેઠાં બેઠાં ઘડપણ આંબી ગયું છે છતાં જીવનમાં હજુ સુધી વિરાગ આવ્યો નથી. ભગવાન જો કદાચ તમારા જીવનમાં એવી ઘટનાઓનું નિર્માણ કરે અને ઈશ્વરની ઇચ્છાથી રાગ છૂટી જાય અને તમે કદાચ વિરાગી બની જાવ તો જ્ઞાનનું અમૃત તમને અવશ્ય મળશે. આ માટે પણ જીવનમાં સત્સંગ અનિવાર્ય છે. દિવસમાં થોડો સમય પણ ધર્મ માટે ફાળવો તો જે અનેક પ્રકારના ભયથી તમારું રક્ષણ કરશે.

એક નહીં લખાયેલી ડાયરીનું પાનું

મોતીચારો

આચાર્ય વિજય ઉદયરત્ન સૂરિ મ.સા.

ઓહ ઈશ્વર! મેં એમને પહેલી વાર જોયા ત્યારે મને કંઈનું કંઈ થઈ ગયું હતું. હું ખોવાઈ ગઈ હતી. જોકે મેં એમને જોયા પહેલાં જ મારા કાન ભાગ્યશાળી થઈ ગયા હતા. એમનું ગુણ-વર્ણન, રૂપ-વર્ણન, બાહુબળ, સત્ત્વ-બધું સાંભળી હું એમને ઓળખતી થઈ ગઈ હતી. ઓળખવા માટે મળવું જરૂરી થોડી છે?!

એક દિવસ પિતાજી માનાં ખંડમાં આવ્યા, ત્યારે ખૂબ પ્રસન્ન હતા. એમણે મારી સામે જોયું ને ફરી મારી મા સામે જોઈને કહ્યું : 'દેવી! આપણી રાજુલનાં ભાગ્ય ઊઘડી ગયા. નેમિકુમારે હા પાડી છે!' મારો ચહેરો લાલ થઈ ગયેલો. હું ત્યાંથી દોડી ગઈ, પણ મૂઆ મારા ઝાંઝર! એના રણઝણવાથી જ મહેલની દીવાલોને ખબર પડી ગઈ. 'એટલે... 'એમણે' મારા માટે હા પાડી હશે?! એ તો ના પાડતા હતા, મારું નામ સાંભળીને હા પાડી હશે...?

મેં અનુભવી નહોતી એવી સુખદ પીડા થતી રહી. એ શું હતું? મારો સમય કે મારું નસીબ. કેવી રીતે લખું બધું? મારા વસ્ત્રો, આભૂષણો, મારી શોભા. રાજમહેલની રોશની, પ્રસંગોની તૈયારી અને સખીઓનો વિનોદી ઉપહાસ. દિવસો જતાં વાર લાગે છે?

'એ' મારા માટે શું હતા, નહીં સમજાવી શકું, કિંતુ એમનું સ્મરણ, એમની યાદ, જોયા વિના પણ એમની સાથે જોડાયેલી પ્રીતિ ભિન્ન હતી. શુદ્ધ-પરિશુદ્ધ પ્રેમ સિવાય એક પણ સંવેદન મને સ્પર્શ્યું નથી!

એ દિવસ આવી ગયો. મારા દીર્ઘ શ્યામલ કેશ સંવારતી સખી કાનમાં ગણગણી : 'એમનો રંગ આવો જ છે હોં!' મારા કેશમાં ગૂંથેલી વેણીના પુષ્પો લાલ, પાનેતર લાલ, પાનીનો રંગ લાલ, મહેંદી રંગ્યા હાથ લાલ, હું શરમથી લાલ લાલ! મને ખબર નહોતી કે થોડી પળોમાં મારી આંખો રડીને લાલ થવાની છે.

એ આજે આવવાના છે. મારો પ્રસાધનકક્ષ રાજમાર્ગ દેખાય ત્યાં રાખ્યો હતો. એમના આગમનની ઘડી ઊડતી ધૂળ પોકારતી હતી. આકાશ ઝાંખું થવા લાગેલું. એ આવ્યા. ભારે કોલાહલના અવાજો મારા કાન સુધી પહોંચતા નહોતા. મેં એમને જોયા. શ્યામ કેશાવલિથી આવૃત્ત ભુવનવિમોહન રૂપ! મારો તાપ, સંતાપ, અવાજો બધું જ જાણે શમી ગયું. 'એ' સારથી સાથે વાત કરતા હતા. મેં એમને જોયા. 'એમણે' સારથીને કંઈક ઇશારો કર્યો કે મારા મહેલ તરફ જોયું. મારી જમણી આંખ ફરકી અને રથ પાછો વળ્યો. આટલું મારાથી જોવાયું ને હું મૂર્છિત!

જાગી ત્યારે હાહાકાર હતો, વિલાપ હતો, અશ્રવણીય વચનો હતા અને આંસુ, હીબકાં અને ડૂસકાં. મારા મુખમાંથી શબ્દો સરી પડ્યા : 'ધુતારા! શું કર્યું તેં આ?' એ રોષ નહીં, પ્રેમ જ હતો. પ્રિયતમા પોતાના પ્રિયને ધુતારા-કપટી કહે એમાં રોષ શાનો?

અમારો તન્મની ભાવ સિદ્ધ થયો. સાચા-નિર્દોષ અને નિઃસ્વાર્થ પ્રેમમાં એકાત્મભાવ હોય. શરીર બે અને હૃદય એક જ હોય. બે શરીરો ભેગાં થવાનું ન ઇચ્છે, હૃદયસંધાન ઇચ્છે. મારા મસ્તકે એમણે હાથ ધર્યો. મારું નામ કાયમ એમની સાથે જોડાયું. અમારો આત્મિક પ્રેમ આધ્યાત્મિક પ્રેમની ઊંચાઈને પામ્યો. એક નહીં લખાયેલી ડાયરીનું પાનું આપણા પ્રેમને પરમ સાથે જોડી આપે. બસ, આટલી મંશા છે!

| **જીવન માંગલ્ય** | જે લોકો મુસીબતો સામે ઝઝૂમ્યા છે, તેઓ જ સૌના આદર્શ બન્યા છે

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

નૂતન વર્ષે નૂતન અભિગમ

દીપાવલીનું પર્વ એ અંતઃદૃષ્ટિનું પર્વ છે. ગયા સમગ્ર વર્ષ દરમિયાન આપણે ઘણાં કાર્યો કર્યાં, જીવનમાં ઘણું પરિવર્તન લાવ્યાં અને પામ્યાં. તેના કારણે એક વર્ષ પહેલાંનું આપણું જીવન અને આજનું જીવન કંઈક જુદું છે. છેલ્લા એક વર્ષમાં આપણા વ્યક્તિગત તથા પારિવારિક જીવનના પરિપ્રેક્ષ્યમાં આગળ વધ્યા કે નહીં? તેની તપાસ કરવી રહી, કારણ પ્રગતિને પૂર્ણવિરામ નથી અને સુધારાને સરહદ નથી. કહેવાય છે કે માણસ પ્રગતિશીલ પ્રાણી છે. એટલે તે દરેક ક્ષેત્રમાં આગળ ને આગળ વધતો જ રહે છે. પ્રગતિ પામવા માટે મુખ્યત્વે વ્યક્તિને ધ્યેયની સ્પષ્ટતા, ધ્યેય પાર પાડવા માટેની લગની, અતૂટ હિંમત તથા અપ્રતિમ પુરુષાર્થની જરૂર પડે છે, પણ તેની સાથે સાથે પ્રગતિ પામવા માટે એક મહત્ત્વનું પાસું છે અંતઃદૃષ્ટિ અર્થાત્ સ્વનું અવલોકન. વ્યક્તિ પોતાના નિર્ધારિત લક્ષ્ય તરફ કેટલી ગતિએ જઈ રહી છે, તેનો ખ્યાલ અંતઃદૃષ્ટિ દ્વારા જ આવી શકે. વર્ષ દરમિયાન કરેલાં સારાં-નરસાં કર્મોનું સરવૈયું કાઢી, આવતું વર્ષ પવિત્ર, શાંત અને નિર્મળ વીતે, તેવી શુભ ભાવનાઓ વ્યક્ત થાય છે.

કાકાસાહેબ કાલેલકરે એમનો બાળપણનો એક પ્રસંગ નોંધ્યો છે. એક પરીક્ષામાં દસમાંથી આઠ પ્રશ્નના જવાબ લખવાના હતા. એમાંનો એક સૌથી અઘરો પ્રશ્ન તમામ વિદ્યાર્થીએ છોડી દીધો જેમાં જ્ઞાનની ખરી કસોટી હતી. કાકાસાહેબે ખૂબ જ વિચાર કરીને એનો પદ્ધતિસર જવાબ લખ્યો, પરંતુ તે પ્રશ્નમાં વધારે સમય વ્યતીત થતા આઠને બદલે સાતના પ્રશ્નના જવાબ એમણે લખ્યા. પરંતુ બધાનાં આશ્ચર્ય વચ્ચે સોમાંથી પંચાણું માર્ક્સ સાથે કાકાસાહેબનો પહેલો નંબર આવ્યો. શિક્ષકે એનો ખુલાસો કરતાં કહ્યું, 'તમામ વિદ્યાર્થીઓએ એક અઘરો સવાલ છોડી દીધો હતો, જેનો જવાબ ફક્ત દત્તાત્રેયે (કાકાસાહેબનું બાળપણનું નામ) જ ખૂબ જ સરસ રીતે લખ્યો.' આગળ જણાવતા કહ્યું કે, 'દત્તાત્રેયે આઠને બદલે સાતના જ જવાબ લખ્યા છે, છતાં અઘરા સવાલનો જવાબ એણે સુંદર રીતે લખ્યો હોવાથી મેં એને પૂરા માર્ક્સ આપ્યા છે.' હવે આપણે અંતર્દૃષ્ટિ કરવી રહી કે ગયા સમગ્ર વર્ષ દરમિયાન આપણા અભ્યાસ તેમ જ પરીક્ષાને લગતી અઘરી બાબતો પ્રત્યે આપણે કેવું મનોવલણ દાખવ્યું હતું?

સાંપ્રત કાળે દુનિયાનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે જે લોકો મુસીબતોની સામે હિંમતભેર ઝઝૂમ્યા છે, તેઓ જ સૌના આદર્શ અને પ્રેરણાપાત્ર બન્યા છે. માટે સંકલ્પ કરીએ કે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ સ્થિર-ધીર રહીને તેમનો સામનો કરવો જ છે, પણ ક્યારેય આવી પરિસ્થિતિમાં નાદારી નથી નોંધાવવી.

એક કૂવા ઉપર ચાર સ્ત્રીઓ પાણી ભરવા માટે ગઈ. ત્યાં વારાફરતી દરેક સ્ત્રી કૂવામાંથી પાણી ખેંચતી. એક પાણી ખેંચે તે દરમિયાન બીજી સ્ત્રીઓ પોતપોતાના છોકરાઓની પ્રશંસા કરતી. એક કહે કે મારા છોકરાનો સ્વર એટલો બધો મીઠો છે કે એને કોઈ રાજદરબારમાં સ્થાન મળશે. બીજી કહે કે મારા છોકરાએ તો શરીર એટલું બધું મજબૂત બનાવ્યું છે કે મોટો થઈને ભલભલા પહેલવાનને પછાડશે. ત્રીજી કહે કે મારો છોકરો તો એટલો બધો બુદ્ધિશાળી છે કે હંમેશાં પહેલો નંબર જ લાવે છે. તે સમયે ચોથી સ્ત્રીએ પાણી ખેંચતાં ખેંચતાં એટલું જ કહ્યું કે મારો છોકરો તો ગામના બીજા છોકરાઓ જેવો સામાન્ય છે. એટલામાં તેમના છોકરાઓ શાળાએથી ઘર તરફ જવા ત્યાંથી જ નીકળ્યા. એક ગાતો ગાતો આવતો હતો, બીજો મસ્તી કરતો અને ત્રીજો ખુલ્લા પુસ્તકો સાથે. તે સમયે ચોથી સ્ત્રીનો છોકરો દરેકને પગે લાગી પોતાની માના હાથમાંથી ભરેલો પાણીનો ઘડો લઈને ઘેર જવા લાગ્યો. આ જોઈ કૂવા પાસે બેઠેલા એક વયોવૃદ્ધ સજ્જને કહ્યું, 'આ ચોથો છોકરો સૌથી સારો છે. એનો શિષ્ટાચાર જોયો? ખરેખર, દરેકનું ભવિષ્ય એના શિષ્ટાચારથી નક્કી કરી શકાય છે.'

આવા પ્રસંગોના આધારે આપણે આપણી જાતનું અવલોકન-મૂલ્યાંકન કરવાનું છે. જ્યારે જ્યારે આપણે આવા વિચારોનું પાન કરીએ ત્યારે આપણને એમ લાગતું હશે કે હજુ તો મારે ઘણું-ઘણું કરવાનું અને સુધારવાનું છે. કદાચ મનના કોઈ ખૂણે નિરાશાનો વિચાર પણ ઝબકી રહ્યો હશે કે આટલું બધું કેવી રીતે થઈ શકે? ક્યાંથી, કેવી રીતે મારે શરૂ કરવું? પણ નજર હંમેશાં સમાધાન તરફ રાખવી જોઈએ પ્રશ્ન તરફ નહીં. કહેવાયું છે કે 'slow & steady wins the race.' હા, ધીમી અને સાતત્યપૂર્ણ આપણી દોટ આપણને જરૂર વિજય અપાવશે.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે લોકમાં વાત થાય છે કે, 'રામજી ચોપડા ચોખ્ખા રાખે.' પણ રામજીના ચોપડા તો ચોખ્ખા જ છે. આપણે આપણા ચોપડા ચોખ્ખા રાખવાના છે. અને જીવનનો ચોપડો ચોખ્ખો ત્યારે જ રહે, જ્યારે સદ્‌ગુણોની કમાણી ચાલુ હોય.

તો નિર્ણય આપણા હાથમાં છે કે આપણે નવું વર્ષ કેવું જીવવું છે?

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન | સાચા હૃદયથી ભક્તિ થાય અને ભાગવત સહિતનાં શાસ્ત્રોના શ્રવણ કરવામાં આવે તો ભવરોગથી મુક્તિ મળે છે

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

કથાનું શ્રવણ તર્કથી નહીં, શ્રદ્ધાપૂર્વક કરવું જોઈએ

ભક્તિ પવિત્રતા, પ્રસન્નતા સાથે કરો. જો સાચા હૃદયથી ભક્તિ થાય અને ભાગવત સહિતનાં શાસ્ત્રોનું શ્રવણ, કથા-શ્રવણ થાય તો ભવરોગથી પણ મુક્તિ મળે. ભક્તિમાં દંભ ન હોવો જોઈએ. નહીં તો ભગવાન રાજી ન થાય. દંભથી બચવા કોઈ સંતના સાંનિધ્યમાં રહેવું. આપણે જેવા હોઈએ એવા ભગવાનની આગળ પ્રામાણિક બનીએ. નિષ્કપટ થઈએ એટલે આપણી ખામી કબૂલ કરીએ. આપણે શરણાગત થઈએ, આપણે સાચા ભાવથી સમર્પિત થઈએ તો ભગવાન આપણા દુર્ગુણરૂપી એક-એક અસુરને મારતા જશે અને ભગવાન જ ભગવાનની પ્રાપ્તિ માટે આપણામાં યોગ્યતાનું નિર્માણ કરશે.

સાંસારિક રોગ અને ભવરોગ

હવે આપણે એક સાંસારિક રોગ અને ભવરોગ અંગેની વાત કરીએ. આ રોગ સામાન્ય નથી. તેને દૂર કરવા કોઈ દવા કે ઈન્જેક્શન પણ કારગત નથી, પરંતુ તેને માટે ઓપરેશન જ કરવું પડે તેમ છે. ડોક્ટરનું ઓપરેશન થિયેટર અને કથાની વ્યાસપીઠ બંનેની સરખામણી કરવા જેવી છે. એકમાં શસ્ત્રક્રિયા થાય છે, બીજામાં શાસ્ત્રક્રિયા. જેમાં મેજર ઓપરેશન થાય છે, તો કથા પણ માઈનોર નહીં, પણ મેજર ઓપરેશન જ કરે છે, કેમ કે કથામાં જે રોગ છે તે સામાન્ય નહીં, પરંતુ ભયંકર રોગ છે. આમ, આ કથા એ નવ દિવસનું ઉપચાર સત્ર છે.

ઓપરેશન થિયેટરનું વાતાવરણ સ્વચ્છ અને જંતુમુક્ત હોવું જોઈએ. તમે બૂટ-ચંપલ પહેરીને અંદર જઈ શકો નહીં. એ જ રીતે મંદિરમાં કે કથાના સ્થળે પણ તમે બૂટ-ચંપલ પહેરીને જઈ શકો નહીં. કથાના પ્રારંભમાં સંકીર્તનથી સમગ્ર વાતાવરણ જંતુમુક્ત બને છે. બુદ્ધિના બે જોડા છે. એક છે, અહંકાર અને બીજો છે, અભિમાન. આ બંનેને બહાર કાઢીને જ કથામાં આવજો. અહંકાર અને અભિમાનના બૂટ બહાર કાઢવામાં સફળ રહ્યા, તો બીજો જોડો હોય છે, તર્કનો. તર્ક એ બુદ્ધિનો સ્વભાવ છે. કથાનું શ્રવણ તર્કથી નહીં, પરંતુ શ્રદ્ધાથી કરજો.

ઓપરેશન ટેબલ ઉપર દર્દી પહેલાં આવે અને ડોક્ટર પછી. એવી જ રીતે શ્રોતાજનો પણ કથામાં વક્તા કરતાં પૂર્વે આવી જતાં હોય છે. ઓપરેશન થિયેટરમાં એનેસ્થેસિયા આપી દર્દીને બેભાન કરવામાં આવે છે. અહીં ઓપરેશન તમારી પૂર્ણ જાગૃતિમાં જ થશે. ઓપરેશન પૂરું થાય ત્યારે ડોક્ટર ટાંકા લે છે. અહીં કથાના અંતમાં સંકીર્તન કરાવવાં આવે છે અને તેમાં પણ ટાંકા લેવાની વાત આવે છે. જેવી રીતે ડોક્ટર ટાંકા લે છે ત્યારે દર્દી ઊઠીને ભાગી જાય તો શું થાય? એ જ રીતે કથાના અંતમાં જે સંકીર્તન કરાવવામાં આવે છે ત્યારે અથવા તે પહેલાં કોઈ ઘરે ભાગવા માંડે તો શું થાય? દવાખાનાં અને ઓપરેશન થિયેટર જેવાં ચોખ્ખાં હોય છે, એવી જ ચોખ્ખાઈ કથામંડપમાં પણ રાખજો. જે પ્રાર્થના કરતો હોય એ ગંદકી કરે? કથા એ ઉપદેશ નથી, પરંતુ ઉપચાર છે અને તે જીવનશુદ્ધિનો યજ્ઞ છે.

બહતા જલ નિર્મલા, બંધા સો ગંદા હોવ

ઋણાનુબંધ

આચાર્ય વિજય ઉદયરત્ન સૂરિ મ.સા.

આવતીકાલે પૂનમ છે... વિહાર તો અમારા જીવનનું સુખ! *બહતા જલ નિર્મલા... બંધા સો ગંદા હોવ...*

પાણીની નિર્મળતા એના પ્રવાહ થકી છે - એ બંધાઈ જાય તો ગંધાઈ જાય. બિલકુલ સાધુની જેમ! વિહાર કરતાં કરતાં આંખોને ઉત્સવ મળતો રહે. સામાન્ય પ્રવાસી અને સાધુના પ્રવાસ વચ્ચે સ્થિરતા અને ગતિશીલતાનો તફાવત રહેવાનો. વહેલી પરોઢનો નિઃસ્તબ્ધ વિહાર અજવાળાના અવતરણનો સાક્ષી બને છે. વિહારોથી ગામ-નગર માત્ર પગ તળે નથી થતા. એનો ઇતિહાસ, વર્તમાન, એની દંતકથા, ભાવ પ્રધાનતા જીવંત બને છે.

આવતીકાલે પૂનમ છે. સ્થગિત થયેલો વિહાર આરંભાશે. સાધુને મન ઓચ્છવ. ક્યાંય એક સ્થળે નહીં રહેવાની ભગવદાજ્ઞાને સાચવવાની તમન્ના અને વિચરણ માટે થનગનતા ચરણોનો ઉલ્લાસ એ ઓચ્છવમાં છલકાતો રહે. તમે ચાંદની રાત જોઈ છે? ચંદ્રને નીરવ રાત્રિનાં એકાંતમાં માણવા માટે શહેર ત્યજવું પડે. કોઈ ગ્રામ્ય પરિવેશમાં કે કોઈ નેસમાં, કોઈ નદીકિનારે કે મંદિરનાં મિનારે જવું પડે.

ચાર-ચાર માસથી વિરમી ગયેલી સાધુની વિહારયાત્રાની જેમ શત્રુંજય તીર્થની યાત્રા પણ ચાર માસની આળસ મરડે છે. શત્રુંજયનાં 3500 પગથિયાં કાલથી ધબકતા થઈ જશે. પુનઃ એક વાર શત્રુંજય તીર્થની આસપાસનાં 700 ગામડાના વિદ્યાર્થીઓના ચહેરાઓ હસી ઊઠશે. જાણીને સુખદ આશ્ચર્ય થશે કે ઈ.સ. 2017 અને 2018થી 67262 કિલોની શુદ્ધ ઘીની મીઠાઈ અને 1,45,646 કિલો ફળ આદિશ્વર દરબારમાં ચઢાવવામાં આવેલા. જૈનોની પરમાત્મભક્તિની સાથે માનવ સેવા-કરુણા ભાવના અને જીવાનુકંપા કેવી શાલીન છે કે આ તમામ ફળ વલભીપુર, ભાવનગર, શિહોર, પાલિતાણા જેવાં ગામોની હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક પહોંચાડવામાં આવ્યાં. આ ફળમાં શ્રીફળની ગણતરી કરવામાં નથી આવી. લાખો નંગનાં હિસાબે આવેલાં શ્રીફળ તો અનાથ બાળકોનાં માથાંમાં નાખવા કોપરેલ માટે વપરાય છે. 35 હજાર લીલા નારિયેળનું પાણી હોસ્પિટલમાં રુગ્ણ મનુષ્યોનાં મુખમાં શીતળતાનો અહેસાસ કરાવે છે. આ આખી વ્યવસ્થા માટે કમર કસતા નિઃસ્વાર્થ પ્રભુભક્ત યુવાનો માટે આનંદની ચરમસીમા હશે.

સાધુનાં વિહારનું આ સુખ છે. આ બધું વિહાર વિના, વિચાર વિના જાણવા ન મળે. જીવવા કરતાં જોયું ભલું. કારતક પૂનમથી વિહારનો આરંભ છે!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સંતના સમાગમરૂપી ખાતર-પાણી લઈ શ્રદ્ધારૂપી ફળને પામી શકાય

શ્રદ્ધા છે સુખકારી

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જેમ્સ ગારફિલ્ડ જ્યારે એક સ્કૂલના પ્રિન્સિપાલ હતા ત્યારે તેમના એક સંબંધી તેમને મળવા આવ્યા. તેણે પૂછ્યું, 'મુરબ્બી, મારો દીકરો જલદી પૂરો કરે, એવો કોઈ કોર્સ આપની જાણમાં છે?' 'હા, પણ એનો આધાર તમારા પુત્રને શું બનાવવાનો છે તેના પર છે.' ગારફિલ્ડે કહ્યું, 'એટલે?' ગારફિલ્ડે કહ્યું, 'ઈશ્વર ઓકના ઝાડને બનાવતા 100 વર્ષ લે છે અને ભીંડા માટે થોડાં જ અઠવાડિયાં.' ગારફિલ્ડના આ સબંધીની જેમ મફત, તરત અને સરસ જેવી કાનામાત્ર વગરની સરળ અને લોભામણી વૃત્તિ આજે વ્યાપક સ્વરૂપે સમાજમાં ફેલાયેલી જોવા મળે છે, પરંતુ કોઈ પણ મહાન કાર્ય શ્રદ્ધા વિના સાકાર થતું નથી. સર્વ સફળતાની જન્મદાત્રી માતા શ્રદ્ધા છે. **'શ્રદ્ધા સર્વેષાં માતા'**, સંત ઓગસ્ટિન (ખ્રિસ્તી તત્ત્વચિંતન અને ધર્મશાસ્ત્રી) એટલે જ કહે છે કે : 'Faith is to believe what we do not see, and the reward of this faith is to see what we believe.' અર્થાત્ 'શ્રદ્ધા એટલે જે દેખાતું ન હોય તેમાં વિશ્વાસ મૂકવો અને શ્રદ્ધાનું ફળ એ કે જેમાં વિશ્વાસ મૂક્યો હોય તે દેખી શકાય.'

સ્વામી વિવેકાનંદ કહેતા કે, 'The greatest source of strength of any society is it's faith in God.' અર્થાત 'વિશ્વની કોઈ પણ શક્તિનો મુખ્ય સ્રોત, તેમની ભગવાનમાં શ્રદ્ધા જ રહી છે.' લૌકિક કે પારલૌકિક સિદ્ધિ માટે શ્રદ્ધા એ અનિવાર્ય જરૂરિયાત છે.

પ્રસિદ્ધ રશિયન ચિંતક લિયો ટોલ્સ્ટોયને કોઈએ પૂછ્યું, 'જીવનમાં ભગવાનમાં શ્રદ્ધા રાખવાની શી જરૂર છે?' તેમણે સૂત્રાત્મક જવાબ આપ્યો, 'Where there is faith, there is love, where there is love, there is peace; Where there is peace, there is god; and Where there is god; there is no need.' અર્થાત્ જ્યાં શ્રદ્ધા છે ત્યાં પ્રેમ છે, જ્યાં પ્રેમ છે ત્યાં શાંતિ છે, જ્યાં શાંતિ છે ત્યાં પરમાત્મા છે અને જ્યાં પરમાત્મા છે ત્યાં બધું જ છે, બીજા કશાયની જરૂર જ નથી.

એક વાર બે મિત્રો ભગવાનનો સાક્ષાત્કાર કરવા વૃક્ષ નીચે તપ કરવા બેઠા. એક મિત્ર આંબલી નીચે અને એક મિત્ર પીપળા નીચે. થોડા દિવસ બાદ નારદજી તે રસ્તેથી પસાર થતા હતા, ત્યારે બંનેએ નારદજીને કહ્યું, 'નારદજી! તમે ભગવાનને પૂછી આવજો કે અમને દર્શન ક્યારે આપશે?' નારદજી વિષ્ણુ ભગવાન પાસે જઈને અને જવાબ લઈને પાછા બંને મિત્રો પાસે આવીને કહ્યું કે, 'વિષ્ણુ ભગવાને કહ્યું છે કે તમે જે વૃક્ષ નીચે બેસી તપ કરો છો, તે વૃક્ષના જેટલા પાંદડા છે, તેટલા વર્ષો પછી ભગવાન તમને દર્શન આપશે.' જવાબ સાંભળતા જ પીપળા નીચે બેસી તપ કરનારા ભક્તે તરત જ નિરાશ વદને ઘરની વાટ પકડી. જ્યારે આંબલી નીચે બેસી તપ કરનારો ભક્ત હર્ષઘેલો થઈ નાચવા-કૂદવા લાગ્યો. નારજીએ કારણ પૂછ્યું, તો તે કહે, 'આટલાં વર્ષો પછી પણ ભગવાન મને દર્શન તો દેશે ને!' તેણે જેવું વાક્ય પૂરું કર્યું કે ભગવાન ત્યાં પ્રગટ થયા. નારદજી ભગવાનની આ લીલા જોઈ વિમાસણમાં પડી ગયા અને કહ્યું, 'તમે કેમ આટલાં જલદી દર્શન આપ્યા?' ત્યારે ભગવાન બોલ્યા, 'આની શ્રદ્ધા તો જુઓ.' આમ, શ્રદ્ધા દુર્લભને પણ સુલભ બનાવી દે છે.

1985ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજે લંડનની ધરતી પર 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવની ઉજવણી કરી હતી. એના ભાગરૂપે તૈયાર થયેલ 'ભારતીય સાંસ્કૃતિક પ્રદર્શન' નિહાળવા રોજ હજારો ભાવિકો મુમુક્ષુ આવતા. એક દિવસ ડેવિસ નામનો અંગ્રેજ ત્યાં આવી ચડ્યો. પ્રદર્શનની ભવ્યતા ને દિવ્યતા જોઈને અભિભૂત થયો. આવા પ્રદર્શનના સર્જનહારને મળવાની ઈચ્છા થઈ. સ્વયંસેવકો તેને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ ગયા. ડેવિસને ગુજરાતી ન આવડે. સ્વામીજીને અંગ્રેજી ન આવડે. દુભાષિયાની મદદથી બે-ત્રણ મિનિટની મુલાકાત થઈ. બહાર આવ્યા બાદ ડેવિસ બોલ્યો કે, 'હું નાસ્તિક છું. ભગવાનમાં માનતો નથી પણ પ્રમુખસ્વામી મહારાજને મળ્યા પછી એવું લાગે છે કે કદાચ ભગવાન હોય અને એમને પૃથ્વી પર રહેવા આવવું હોય તો પ્રમુખસ્વામી મહારાજ જેવું પવિત્ર, શુદ્ધ હૃદય એમને બીજે ક્યાંય નહીં મળે.'

આમ, પ્રમુખસ્વામી મહારાજ જેવા સાચા ગુણાતીત સંતના સંગે આપણે પણ આપણી ભગવાન પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરી શકીએ છીએ. ભગવાન સ્વામિનારાયણ સારંગપુર પ્રકરણના 18મા વચનામૃતમાં કહે છે, 'જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતનાં વચનને વિશે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિશે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિ કલ્યાણકારી ગુણ પ્રગટ થાય છે અને કામ-ક્રોધાદિક વિકાર બળી જાય છે.'

મહંતસ્વામી મહારાજ પણ કહે છે કે, 'ગીતામાં લખ્યું છે કે, **શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ્.'** જેમ વૃક્ષમાં ફળ મેળવવા માટે તેને ખાતર-પાણી આપી શ્રદ્ધા રાખીએ, તો ફળ મળે તેમ આપણે પણ સંતના સમાગમરૂપી ખાતર-પાણી લઈ શ્રદ્ધારૂપી ફળ ચોક્કસ પામી શકીએ.

jivanmangalam@gmail.com

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

આપણને લાગે કે ભગવાન દુષ્ટોનો સંહાર કરે છે, પરંતુ ભક્તોની રક્ષા કરે છે અને દુષ્ટોને તારે છે

ભગવાન કોઈ વ્યક્તિની સાથે નહીં, સત્યની પડખે જ હોય છે

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે કે ધર્મની સ્થાપના અને દુર્જનોના વિનાશ માટે હું અવતાર ધારણ કરું છું. માટે જ ધરાતલ ઉપર ભગવાનનું પ્રાગટ્ય થાય છે, ત્યારે એક વાત સમજી લેવી કે તેઓ હંમેશાં, સતત ભક્તોનું ધ્યાન રાખે છે. ભક્તોની રક્ષા અને દુષ્ટોનું દમન કરવા માટે તેઓ હંમેશાં તત્પર હોય છે, કેમ કે નિર્ગુણ-નિરાકારે સજ્જનોનું રક્ષણ અને દુષ્ટોનો વિનાશ કરવા માટે સગુણ-સાકાર અવતાર ધારણ કરવો પડે છે. ઘણી વખત મનુષ્યને પોતાના અજ્ઞાનને કારણે એવું લાગતું હોય છે કે ભગવાન કોઈ એકનો પક્ષ લે છે, પરંતુ વાસ્તવમાં, ભગવાન હંમેશાં સત્યની પડખે જ હોય છે. માટે તેઓ કેવળ દૃષ્ટા નથી, પરંતુ ભક્તો માટે કરુણાવત્સલ પણ છે. ભગવાન પોતાના ભક્તની રક્ષા કરવા માટે મોરપીંછ ધારણ કરીને જાણે કહે છે કે ભક્તોના યોગક્ષેમની જવાબદારી મારી છે અને તે માટે સતત કાર્યરત પણ છું.

પ્રકાશને કારણે આપણે દૃશ્યો જોઈએ છીએ અને આ દૃશ્યોમાં ખોવાઈ જઈએ છીએ અને પ્રકાશને ભૂલી જઈએ છીએ, એવું જ પરમાત્મા માટે પણ છે. આપણી બધી ક્રિયાઓ પરબ્રહ્મની ચેતનાની સત્તાને આધારિત છે, પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરનારા ભગવાન અકારણ નિરંતર હવા પ્રસરાવે છે અને બદલાની કોઈ આશા વગર બધાંને સમાન રીતે સતત હેત વરસાવે છે. સજ્જનોની પીડાના નિવારણ માટે નિરાકાર બ્રહ્મ સાકાર રૂપ ધારણ કરે છે. આપણે સૂરજ પાસે પ્રકાશ માંગવો પડતો નથી, તે આપોઆપ મળે છે. આપણે શ્વાસ લેવા માટે હવા સતત વહ્યા કરે છે. નિર્મળ જળ વરસતું રહે છે. ભગવાનની આ બધી કૃપા નિરંતર છે અને આપણે વિસ્મરણથી તેમની હાજરી ભૂલી જઈએ તો પણ તેમની કૃપાદૃષ્ટિ સતત આપણા પર હોય છે. જેમ બાળક રમતમાં તન્મય બનીને માતાને ભૂલી જાય, પરંતુ ભૂખ લાગે અથવા કોઈ ઈજા થાય કે મારપીટ થાય તો તરત માતા દોડતી આવે છે. તેની કૃપાદૃષ્ટિ સતત બાળક ઉપર હોય જ છે.

ભગવાન તો કરુણાનિધાન પણ છે એટલે આપણા ચર્મચક્ષુથી લાગે કે તેઓ દુષ્ટોનો સંહાર કરે છે, પરંતુ ખરા અર્થમાં ભક્તોની રક્ષા અને દુષ્ટોને તારે છે. માટે જ તેઓ 'તારણહાર' પણ છે. ભગવાન 'પરમ કૃપાળુ' પણ છે અને કોઈ જાતના ભેદભાવ વગર બધાં ઉપર કૃપા કરે છે, પરંતુ ક્રિયાભેદથી આપણને એવું લાગે છે કે ભક્તોને બચાવે છે અને અસુરોનો નાશ કરે છે, પરંતુ વાસ્તવમાં ભગવાનની લીલા અસુરોના ઉદ્ધાર માટે હોય છે. બકાસુર, અઘાસુર, નાગદમન વગેરે લીલા થકી તેઓનો પણ ઉદ્ધાર કર્યો છે.

વેદનાની ટીસ ઊપડે એવી કવિતા

ઋણાનુબંધ

આચાર્ય વિજય ઉદયરત્ન સૂરિ મ.સા.

અમારો વિહાર ચાલતો રહે છે ને વિચાર પણ... શહેરના વિહારો કરતાં ગામડાના વિહારો આંખ અને અંતરને વધુ માફક આવે છે. લીલુડાં ખેતર વચાળેથી ચાલી જતી સડક માથે વહેલી સવારનો કુમળો તડકો ઢોળાય તે પહેલાં અમારું પ્રસ્થાન થઈ ગયું હોય...

શહેરનો વિહાર ગૂંગળાવે. ગામડાનો વિહાર ખુલ્લા શ્વાસમાં **'એની સુગંધનો દરિયો'** ભરી દે. શહેર ને ગામડાનો તફાવત લગભગ ભૂંસાઈ જવા આવ્યો છે તોય સાવ બદલાઈ નથી ગયો. હા, ગામડાં-ગામને હવે શહેરનું પ્રદૂષણ પોતીકું લાગવા માંડ્યું છે, છતાંય હજુ ગામડાંની નસોમાં લોહીનાં બદલે લાગણી વહે છે. આવું વારંવાર અનુભવ્યું છે.

સાંઈ મકરંદ દવેનું એક ગીત હૈયામાં અકથ્ય સંવેદન જન્માવી ગયું. એમણે શહેરની સૂકી રીતરસમ સમજાવી છે. લીલીછમ લાગણીનાં ફૂલની સુગંધ નથી ને ધુમાડિયું એકલાપણું ભીડની વચ્ચે મારા જીવને વિચલિત બનાવી મૂકે છે. આ લખું છું ત્યારે પણ મારી આંગળીમાં વેદનાના ટશિયા ફૂટ્યા છે.

'બત્તીનો થાંભલો અઢેલીને
એકલી અટૂલી આ બાઈ અહીં રૂએ;
આખો મલક અહીં આવે ને જાય,
ખાલી આવે ને જાય અને જુએ.'

ગીતનો ઉપાડ ગામડાં-ગામની વત્સલભૂમિને હૃદયનાં ઊંડાણથી ઝંખે છે.

ગામડામાં વચલી શેરીનું એક ગલૂડિયું માંદું પડે તો આખું ગામ એની ખબર પૂછવા દોડ્યું જાય ત્યારે અહીં શહેરમાં...? બધાં જ આવે છે, જાય છે, જુએ છે, પણ કોઈની પાસે સમય ક્યાં છે? જેની પાસે કોઈની પીડામાં 'કેમ છો?' પૂછવા જેટલું સૌજન્ય નથી, એને કઈ પદવી અપાય?

'માનવીનો દરિયો ને દરિયામાં મોજાં
ને મોજાંમાં કોઈ નહીં એનું;
કોઈ પાસ આવીને પૂછે નહીં કે બાઈ
ઓછું આવ્યું છે તને શેનું ?'

જેમાં જલત્વ ન હોય એવું પાણી તમે જોયું? જેમાં ભીનાશ ન હોય તેવું ઝાકળ તમે જોયું? પણ માનવતા વિનાનાં માણસોનાં તો ટોળા દેખાય છે અહીં. આખી ભીડ ભરેલી ને બાઈ એકલી... સાવ એકલી. કદાચ ત્યાં માનવનો મહેરામણ દેખાતો હતો, પણ એ મહેરામણ નહીં.. નકરું 'રણ' હોવું જોઈએ. ત્યાં માણસ એકેય ન હતો.

સંવેદનશીલ સર્જક કવિ મકરંદ દવેની કવિતાએ આજે આંસુભીની આંખે લખવા મજબૂર કર્યો. ગામડાનાં વિહારની મસ્તી અને શહેરી ઇમારતો વચ્ચે સૂસવાતી સુસ્તી ઘેરી વળી.

મકરંદભાઈએ જ બીજું એક કાવ્ય લખ્યું છે... એમાંય એમનો ફકીરી મિજાજ વર્તાય છે. પ્રકૃતિનો પ્રેમ પરખાય છે એ માણીને આપણી યાત્રાને વિરામ આપીએ.

'મુંબઈ નગરીમાં કોઈ આંબો મ્હોરે તો
એની મંજરીને રામ-રામ કે'જો!
એનાં મીઠાં ઓવારણાં લેજો...'

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

ક્રોધના પરિણામો જોતાં જિજ્ઞાસા થાય કે ક્રોધ ઊપજવાનું કારણ શું?

ક્રોધ જીવનમાં અવરોધ

અનેકવિધ કુદરતી સૌંદર્યો અને આશ્ચર્યોનો ખજાનો ધરાવતી નયનરમ્ય પૃથ્વીનું એક અન્ય પાસું પણ જાણવાલાયક છે. તે છે પૃથ્વીના પેટાળમાં રહેલો જ્વાળામુખી. સુષુપ્ત અવસ્થામાં રહેલો આ જ્વાળામુખી જ્યારે પ્રદીપ્ત થાય છે ત્યારે વિકરાળ રૂપ ધારણ કરે છે. આ વાતની ગવાહી પૂરી બે હજાર વર્ષ પૂર્વેની ગોઝારી ઘટનાએ. ઈટાલીમાં 'વિસુવિયસ' નામનો જ્વાળામુખી ફાટ્યો, ત્યારે 'પોમ્પે' અને 'હર્ક્યુલેનિયમ' એમ બે શહેરો ભસ્મીભૂત થઈ ગયેલા! જ્વાળામુખીની આવી વિનાશકારી વિગતો સાંભળી આપ કદાચ દંગ રહી ગયા હશો! પરંતુ શું તમને ખ્યાલ છે આથીય વધુ ભયંકર જ્વાળામુખી આપણા સૌની ભીતરમાં રહેલો છે? તે છે ક્રોધનો જ્વાળામુખી. સંસારના પ્રત્યેક માનવીની માંહેલી કોરે રહેલો આ જ્વાળામુખી જ્યારે ફાટે છે, ત્યારે કેટલાય સ્નેહ સંબંધોને બાળતો-દઝાડતો કે ભસ્મીભૂત કરતો જાય છે. ક્યારેક તો તેની પ્રચંડતા વ્યક્તિના પ્રાણને પણ ભરખી જાય છે. આધુનિકતાની નાવમાં બેસી શાંતિનો કિનારો પામવા નીકળેલા માનવીના જીવનની દિશા અને દશા બદલાતા આજે તે અશાંતિના આરે આવી પહોંચે છે. વ્યક્તિ, પરિવાર અને સમાજ વચ્ચેના વિવાદ, વિખવાદ અને વિષાદના મૂળમાં ક્રોધનો ફાળો અવગણી ન શકાય. વૈદિકકાળથી લઈને આજ સુધીનો ઇતિહાસ તેનો સાક્ષી છે. ક્રોધને લીધે થયેલ દુર્દશાના દાખલા શોધવા પડે તેમ નથી.

એક માણસનો ત્રણ વર્ષનો પુત્ર તેની નવી નકોર ગાડીને હથોડી વડે દરવાજા પર લિસોટા પાડી રહ્યો હતો, તેથી તે તરત જ ગાડી પાસે ગયો અને ક્રોધાવેશમાં આવી નાનકડા પુત્રના બંને હાથ પર જોરથી હથોડી ફટકારી. ક્રોધ ઊતરતા હકીકતનું ભાન થયું. ત્યારે પુત્રને લઈને હોસ્પિટલ દોડ્યો. ડોક્ટરોએ ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ છૂંદાયેલા હાથને બચાવી શકાયા નહીં. અંતે બંને હાથની આંગળીઓ કાપવી પડી. બાળક ભાનમાં આવ્યો ત્યારે પોતાના ઠૂંઠા હાથ જોઈ નિર્દોષભાવે કહ્યું, 'પપ્પા! માફ કરજો તમારી ગાડી તો ઠીક છે ને! મારી આ આંગળીઓ હવે ક્યારે ઊગશે?' પેલા વ્યક્તિને એટલો ઊંડો આઘાત લાગ્યો કે ઘરે જઈ આત્મહત્યા કરી લીધી. ઝેર થોડું હોય કે ઝાઝું તે પીનારના પ્રાણ હરવાનું જ! તેમ ક્રોધનું નિમિત્ત સામાન્ય હોય કે મોટું તેનું પરિણામ ઘાતક જ હોવાનું.

ક્રોધના માઠાં પરિણામો જોતાં જિજ્ઞાસા એ વાતની થાય કે આ ક્રોધ ઊપજવાનું કારણ શું? ક્રોધરૂપી કાંટાળા વૃક્ષના મૂળ ખોદતાં તેના કારણરૂપે બે વસ્તુ હાથમાં આવે છે – માન અને કામના (ઇચ્છા). ભગવાન સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના 76માં વચનામૃતમાં કહે છે, 'ક્રોધ માનને આશરે રહે છે.' પુરાણ કથાઓમાં પણ આ વાતનો પડઘો સંભળાય છે.

પ્રજાપતિઓના યજ્ઞ વખતે દક્ષ પ્રજાપતિને સ્વનું અપમાન થતું લાગ્યું અને ક્રોધાવેગમાં ભાનભૂલી મહાદેવજીને ન કહેવાના શબ્દો કહ્યાં, ઘણી ટીકા-નિંદા પણ કરી. આ પ્રતિક્રિયાના પરિણામ સ્વરૂપે જ તેઓનું મસ્તક હણાયું અને તે બકરાનું થયું આ વાત જગજાહેર છે!

વળી, ભગવાન સ્વામિનારાયણ ગઢડા અંત્ય પ્રકરણના 34માં વચનામૃતમાં કહે છે, 'પોતાને જે પદાર્થની કામના હોય તથા જેમાં પોતે મમત્વ બાંધ્યો હોય ને તેનો ભંગ કોઈક કરે ત્યારે તેમાંથી ક્રોધ ઊપજે.' આ જ વાતને દોહરાવતાં ભગવદ્ગીતા પણ કહે છે, "कामात् क्रोधोभिजायते" અર્થાત્ કામનામાંથી ક્રોધ જન્મે છે. માણસની ઇચ્છા મુજબ કાર્ય ન થાય કે પરિણામ ન આવે એટલે ક્રોધનો જ્વાળામુખી ફાટ્યા વગર રહે નહીં. એમાં પણ ઇચ્છાની તીવ્રતા જેટલી વધુ, જ્વાળામુખીની વિનાશકતા પણ એટલી જ વધુ.

આવા ક્રોધાગ્નિથી બચવાનો એક જ ઉપાય શાસ્ત્રોએ દર્શાવ્યો છે – સંતસમાગમ. ગોંડલ અક્ષર મંદિરમાં એક ચોરથી સૌ ઘણા વખતથી ત્રાહિત થયેલા. અંતે સૌએ યુક્તિ કરી તેને પકડી પાડ્યો. સૌએ ભેગા મળી થોડો મેથીપાક પણ ચખાડ્યો. પછી સૌ તેને પ્રમુખસ્વામી મહારાજના ગુરુ એવા યોગીજી મહારાજ પાસે લઈ ગયા અને કહ્યું, 'સ્વામી! આ ચોર છે, અમે ચોરી કરતાં પકડ્યો છે.' તેને જોઈને ક્રોધિત થવા કે દંડ દેવાને બદલે યોગીજી મહારાજે તેને માફી આપી છોડી મૂક્યો. યોગીજી મહારાજની નિર્મળતા જોઈ પેલા ચોરના જીવનમાં પરિવર્તન થયું અને સમય જતાં કુટેવો છોડી તે સજ્જન, સત્સંગી બન્યો. જો તેને સુધરવાની તક ન મળી હોત અને સૌના ક્રોધનું પાત્ર બન્યો હોત તો રીઢો થઈ ગયો હોત. તેથી જ આવા સંત માટે સ્વામીનારાયણીય સંત મુક્તાનંદ સ્વામી કહે છે, 'કબહુ ક્રોધ ન ઊપજે સો સાચા વૈરાગ્ય.' આવા વિતરાગી સંતોના સંગે આપણે પણ ક્રોધને ઓળંગી શકીએ.

સંતની શાંતિ અને આપણી અશાંતિ વચ્ચેનું અવલોકન કરતાં એટલું જરૂર જણાય છે કે, સ્વભાવ જ વ્યક્તિના જીવનને રુંધી રાખે છે. જીવનમાં વ્યક્તિઓ, વાતાવરણ, પરિસ્થિતિ અને પ્રશ્નો તો એના એ જ રહેવાના પણ તેને પનાવવાની રીત સંત શીખવે છે. આજનું શિક્ષણ કેટલાક અંશે સંસ્કારોનું ભક્ષણ કરે છે ત્યારે સમાજને શિક્ષણનું સાચું લક્ષણ આવા સંત શીખવે છે. સંતનો પારસ સ્પર્શ પામી કેટલાય લોહ્ય કંચન થયા છે. જીવનની પ્રગતિના દોરને ટકાવવો કે અટકાવવો? પસંદગી આપણી છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

કર્મનો સંબંધ સત્ સાથે, વિચારનો સંબંધ ચિત્ત સાથે અને ભાવનો સંબંધ આનંદ સાથે છે

જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય કરીએ તો જીવન પવિત્ર બને

શ્રી આદ્ય શંકરાચાર્યજીની ટીકા વાંચો તે એમનો જ્ઞાન તરફ ઝુકાવ છે. લોકમાન્ય તિલકજીને વાંચો તો કર્મ તરફ ઝુકાવ વધારે છે. તો કેટલાક વિચારપ્રધાન જીવન જીવનારા હોય છે, કેટલાક ભાવપ્રધાન જીવન જીવનારા હોય છે અને કેટલાક કર્મપ્રધાન જીવન જીવનારા હોય છે. સચ્ચિદાનંદ ભગવાનના આપણે બધા અંશ છીએ અને તેથી જ આપણી અંદર પણ એ સતથી સંબંધિત ક્રિયા, ચિદ્થી સંબંધિત વિચાર અને આનંદથી સંબંધિત ભાવના હોય છે. આ ત્રણેયનો સંબંધ સચ્ચિદાનંદ સાથે છે. કર્મનો સંબંધ સત્ સાથે, વિચારનો સંબંધ ચિત્ત સાથે અને ભાવનો સંબંધ આનંદ સાથે છે. શ્રીકૃષ્ણને આપણે સચ્ચિદાનંદ રૂપ કહીએ છીએ.

सच्चिदानन्दरूपाय विश्वोपत्यादि हेतवे,
तापत्रयविनाशाय श्रीकृष्णाय वयं नुमः।

મનના મેલાં કપડાંને ધોવાં હોય તો જ્ઞાન એ સાબુ છે, ભક્તિ એ પાણી છે અને વૈરાગ્ય એ ધોકો છે. આપણે ત્યાં સંન્યાસીઓ દંડ ધારણ કરે છે. મનનાં મેલાં કપડાંને ધોવા માટે પહેલાં તેને પાણીમાં પલાળવું પડે. પહેલાં એને ભીંજવો પછી સાબુ લગાડો. ભક્તિમાં મન ભીંજાય નહીં ત્યાં સુધી જ્ઞાનનો સાબુ ન લાગે. કોરાં કપડાં પર સાબુ લગાડવા જશો તો મેલ નહીં જાય, પરંતુ કપડું ફાટી જશે.

આ દૃષ્ટાંત બહુ સરસ છે આટલું સમજાઈ જાય ને! મન થોડું ભાવથી ભીંજાયેલું હોય, પ્રેમથી પલળેલું હોય. ભીંજાવાની મજા આવે. વરસાદ વરસે અને મન નાચે. હોળીમાં ભીના રંગોથી રમવાની મજા આવે. મન રસ કો ખોજતા હૈ. જહાં ભી ઉસકો રસ મિલે. મન કો લગાના નહીં પડતા મન લગ જાતા હૈ. એ હોય તો જ માણસ મનથી સાંભળે. પ્રેમથી કહેવાય. પ્રેમપૂર્ણ વાર્તાલાપ મનને ગમે. સદ્ગુરુ પ્રેમથી કહે :

ગુરુના પ્રેમની વાણી અમને યાદ રહી જશે,
ગુરુની પ્રેમની ભાષા અમને યાદ રહી જશે.

ગુરુની આત્મીયતા, ગુરુની શિષ્ય પ્રત્યેની વત્સલતા, શિષ્યના હિતનું ચિંતન અને ચિંતા. એ વાણી એટલી ભીંજાયેલી હોય છે કે મનને ગમે. ગુરુનો ઠપકો હોય એમાં પણ પ્રેમ હોય. ગુરુનો પ્રેમ એટલે પ્રેમનો ધોધ. દુર્જન આપણી પ્રશંસા કરે એના કરતાં કોઈ સંત ક્રોધ કરે તે સારું. એમાં આપણું હિત છુપાયેલું છે. તો મન પહેલાં એમાં ભીંજાય પછી ભીંજાયેલા મન પર જ્ઞાનનો સાબુ લગાડી ચોળીચોળીને મનના કપડાંને ધોવાનું એટલે મનન કરવાનું. જ્ઞાનનો સાબુ લગાડી ચિંતન કરો પછી કર્મનો ધોકો લઈ ધોકાવી નાખો. એને આચરણમાં લાવો. જ્ઞાન-કર્મ અને ભક્તિ એ ત્રણેયનો સમન્વય જીવનમાં થશે તો આપણા મનનું મેલું કપડું નિર્મળ થશે અને निर्मलम जन सो मोहि આવા સત્યને સરળ રીતે શ્રીકૃષ્ણે ભગવદ્ગીતામાં સમજાવ્યું છે. માટે જ આપણે જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય કરીએ તો જીવન પવિત્ર બનતું જશે. આવું પવિત્ર જીવન અન્ય માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

નિર્મળ સ્નેહની પાવનગંગા

ઋણાનુબંધ

આચાર્ય વિજય ઉદયરત્ન સૂરિ મ.સા.

વર્ષો વીત્યા એ વાતને. પણ ઇતિહાસને ઓળખતી હવામાં આજેય એનો ગુંજારવ છે. સંસ્કારની સુગંધ છે ને પવિત્રતાની અનુભૂતિ છે. એક બહેન પોતાના ભાઈને રાખડી બાંધવા નીકળી છે. ભાઈ-બહેનનો સંબંધ તો પવિત્રતાની પાવન ટોચ છે. બહેનનાં હૈયે ભાવની ભરતી ઊઠી છે : ભાઈ! વહાલો ભાઈ! સદા એની રક્ષા થાવ.

રૂપાળી ગ્રામકન્યા. એનાં ઝાંઝરમાં ઉતાવળ વર્તાતી હતી. એ દોડી ગઈ. જાણે અજવાળાનો લિસોટો પસાર થઈ ગયો. સિપાહી સલાવત ખાંની આંખમાં એનો ચમકારો ઝિલાયો, 'આહ, અદ્ભુત રૂપ! આવું રૂપ રસ્તામાં ન શોભે. આ રૂપ તો બાદશાહનાં જનાનખાનામાં જ રખાય..'

સલાવતખાંએ તેનું અપહરણ કર્યું. બાદશાહ હુમાયુની સન્મુખ એને પેશ કરવામાં આવી. બાદશાહે એના ચંદ્ર જેવા મુખ પર વિષાદની કાળી રેખા જોઈ ને એની સેંથીમાં સિંદૂર જોયું. સિંદૂરનો રંગ હુમાયુની આંખમાં પૂરાયો. એ બોલ્યો : 'તમે તો કોઈની પવિત્ર અમાનત છો, કોઈની ચીજ પર હાથ તો શું, આંખ ઠેરવવામાં પણ દોઝખ મળે. તમે અવિવાહિત હોત ને મારો સ્વીકાર કરત તો મારી ખુશનસીબી હોત, પણ આ રીતે તમને ઉઠાવી લાવ્યું કોણ? પકડી લાવો, એ બદતમીઝને!'

છોકરી રડી પડી : 'હું તો મારા ભાઈને રાખડી બાંધવા જતી હતી. આપના સિપાહી મને અહીં ઉઠાવી લાવ્યા. હવે મારું શું થશે?'

'અરે ગાંડી! રડે છે શા માટે? તું રાખડી બાંધવા જ જતી હતી ને? તો તું તારા ભાઈના ઘરે જ આવી છે. આજથી તું મારી બહેન! લે બાંધ રાખડી ને ખવડાવ મીઠાઈ!' ભીનાં હૈયે તેણે રાખડી બાંધી ને હુમાયુનો બીજો હુકમ છૂટ્યો, 'પકડી લાવો એ બદમાશને, જેણે મારી બહેન પર નજર બગાડી. સજા-એ-મૌત સિવાય કોઈ વિકલ્પ નથી.' સલાવત ખાં ધ્રૂજતો-કરગરતો આવી ઊભો.

છોકરી બોલી : 'ભાઈ! મારી રાખડીએ મને તમારા જેવા ભાઈ મેળવી આપ્યા. આવા અવસરે આને માફી આપો. હું એક નવો ભાઈ મેળવી લઉં.' સલાવત ખાંએ તલવાર માથે અડાડી બહેનની રક્ષા કરવાનાં સોગંદ લીધા. ભાઈ-બહેનનાં સંબંધની સંવેદના નિરખી ઝરૂખે બેઠેલું પંખી ટહુકો કરીને ઊડી ગયું. વર્ષો વીત્યાં, પણ ઇતિહાસ ક્યાં ભૂલી શકે આવી ઘટનાઓને!

નજીકના સ્વજનો દ્વારા પીંખાઈ જતી નાની નિર્ભયાના સમાચારો જાણવા-વાંચવા મળે, ત્યારે પવિત્રતા અને નિર્મળ સ્નેહની પાવનગંગા સૌના આતમને પખાળે! શુભં ભવતુ!

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

બીજાને સુખી કરવાની વિભાવના સાથે જીવવું કાલ્પનિક લાગે

સુખની અજમાવવા જેવી નવી ચાવી

પૃથ્વી પરના દરેક જીવની સામાન્ય અને પ્રાથમિક ઈચ્છા એટલે 'સુખની ઈચ્છા'. જન્મતાવેંત જ વ્યક્તિના જીવનમાં સુખ-પ્રાપ્તિની દોડ આરંભાઈ જાય છે, પરંતુ આ માટે ઉતાવળી થયેલ વ્યક્તિ મોટે ભાગે ભોગવાદ કે ભૌતિકવાદમાં સુખ માની બેસે છે. હા, ભોગમાંથી સુખની અનુભૂતિ થાય છે તે સાચું, પણ એ સુખ ક્ષણિક હોય છે. સમય જતાં તેમાંથી સુખનો સ્વાદ ઘટતો જાય છે. પરિણામે પૂર્ણ સુખના અભાવનો ભારોભાર અનુભવ થાય છે.

વિશ્વવિખ્યાત પુસ્તક 'Peace of mind'ના લેખક અમેરિકાના જૉશુઆ લિમ્બેનને પોતાની કિશોરાવસ્થામાં તમન્ના જાગી કે, 'બસ! મારે સુખી થવું છે.' આ માટે તેઓએ કાગળ પર કલમ દોડાવી કેટલાક મુદ્દા નક્કી કર્યા. એ હતા - 'સ્વાસ્થ્ય, સુરક્ષા, સંપત્તિ, સત્તા, સુંદરતા, આવડતો, પ્રેમ વગેરે.'

ઉપરોક્ત યાદી જોતાં આપણને પણ આશ્ચર્ય થાય કે, 'અરે! મેં પણ આ જ વિચાર્યું છે.' કેવળ તમે નહીં, દુનિયાના મોટા ભાગના લોકો પોતાના સુખને આ બીબાંઓમાં જ ઢાળવા મથતા હોય છે. સવારથી સાંજ સુધીની દોડધામ, ધમપછાડા પણ આ માટેના જ હોય છે. છતાં અંતે સરવૈયું કાઢતાં દુઃખ, શોક, વિષાદ કે ખાલીપા સિવાય કાંઈ હાથમાં આવતું નથી, કારણ કે ભૌતિક સુખ પરાવલંબી છે. અન્ય વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ પર આધારિત છે. વિપરીત સંજોગોના વાવાઝોડામાં આપણા સુખની ઈમારતને જમીનદોસ્ત થતાં વાર લાગતી નથી. કોરોનાની લહેરો થોડા અંશે તેનો અનુભવ સૌને કરાવી ગઈ. વળી, ઘણી વાર પેકિંગ સુખનું હોય છે પણ અંદર અહં-મમત્વ, અદેખાઈ, ઈર્ષા વગેરેની ગંધ હોય છે. આ બધું જોતાં એટલું જરૂર અનુભવાય કે આપણી સુખની વ્યાખ્યામાં ક્યાંક ત્રુટિ હોવી જોઈએ. માટે જ સુખી થવાની રીતમાં કંઈક ફેરફાર કરવો જરૂરી જણાય છે. હું જ સુખી બનું, મને જ સુખ પ્રાપ્ત થાય તેવી સંકુચિતતા જ સુખને અવરોધે છે. માટે સુખ માટે 'હું અને મારું'માંથી બહાર નીકળી ક્યારેક બીજાનો વિચાર પણ કરવા જેવો છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્મસ્થિતિ પામેલા મહાપુરુષોનું લક્ષણ નિરુપતાં કહે છે – 'સર્વભૂતહિતે રતાઃ' અર્થાત્ એવા મહાપુરુષો બીજાનું હિત કરવામાં, બીજાને સુખી કરવામાં રત રહે છે. તત્ત્વચિંતક ગ્રેસ પામર સુખ માટે આવી જ કંઈક વ્યાખ્યા કરતાં કહે છે, 'સુખ એટલે બીજાને સુખી કરવાના પ્રયત્નનું ફળ.' પ્રથમ દૃષ્ટિએ, બીજાને સુખી કરવાથી આપણે સુખી થઈએ એ અઘરું લાગે છે, પરંતુ 'સ્વ'માંથી નીકળી 'વિશ્વ' સુધી પહોંચવાનો આ દૃષ્ટિકોણ મહાન પુરુષો જીવી ગયા છે.

વિઝન-2020ના પ્રણેતા, મહાન અણુવૈજ્ઞાનિક તથા ભારતના લોકપ્રિય રાષ્ટ્રપતિ ડૉ. કલામ ઘણી વાર કહેતા કે, 'I am not a 'handsome' boy, but I can give my 'hand' to 'some' one who needs help.'

ડૉ. કલામે જેઓને પોતાના સર્વોચ્ચ આધ્યાત્મિક ગુરુ કહ્યા છે એવા વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનું તો જીવનસૂત્ર જ એ હતું કે 'બીજાના સુખમાં આપણું સુખ.' તેથી જ ભુજનો ભૂકંપ હોય, મોરબીની રેલ હોનારત કે પછી કારમો દુષ્કાળ, જ્યાં સુધી પીડિતોના મુખ પર સુખની લહેર પાછી ન આવે ત્યાં સુધી તેઓ રાત-દિવસ કાર્યરત રહ્યા છે. એપ્રિલ, 1985માં વેટિકન પધારેલા પ્રમુખસ્વામી મહારાજને વિશ્વવિખ્યાત રોઈટર્સ વર્તમાનપત્રના પત્રકાર ફિલિપે પૂછ્યું કે, 'આવતી કાલે આપ પોપ સાથે શી ચર્ચા કરશો?' સ્વામીજી કહે, 'દુનિયા સારા માર્ગે વળે. સૌ કેવી રીતે વધારે સુખી થાય એ જ વાત કરવી છે.'

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટને 2001માં પ્રમુખસ્વામીજી સાથેની પ્રથમ મુલાકાતમાં જ કહેલું, 'આજે દુનિયામાં કેટલાય લોકો બીજાને એકલા પાડી, નીચે પછાડી, ખંડન કરી પોતાને આગળ લાવવા મથે છે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજની વાત જુદી છે. તેઓ બીજાને આગળ કરી આગળ આવ્યા છે, તેથી જ તેઓ શાંતિ અને સંવાદિતા લાવી શક્યા છે.' મદદ કરનારાનેય લાત મારવાનો રિવાજ ધરાવતાં આ જમાનામાં બીજાને સુખી કરવાની આ વિભાવના સાથે જીવવું કાલ્પનિક લાગે છે, પરંતુ આ વાત જ માનવને મહામાનવ બનાવે છે.

સુખની દોડમાં ભાગ લેનાર દરેકે સુખી થવા માટે આ ઉપાય પણ અજમાવવા જેવો ખરો. સ્વકેન્દ્રી વિચારધારામાંથી બહાર નીકળી ક્યારેક નિઃસ્વાર્થ ભાવે બીજાને સુખી કરવાનો પ્રયત્ન કરવા જેવો ખરો. હા, એના માટે થોડું સહન કરવાનું થશે, જતું કરવાનું થશે, અગવડો વેઠવાની પણ થશે, પરંતુ અંતે પરમાર્થ માટે કંઈક કર્યું હોવાનો સંતોષ પણ થશે.

દરવાજો ગમે તેટલો મોટો હોય પણ નકુચો નાનો જ હોય, નકુચા કરતાં તાળું નાનું, તાળા કરતાં ચાવી. આમ, દરવાજા જેટલી ચાવી ન હોય, પણ એ નાનકડી ચાવી જ વિરાટ દરવાજાને સરળતાથી ખોલી આપે છે.

સુખ-મહેલના દરવાજાને ખોલવા માટે જુદી જુદી ચાવીઓ જ્યારે આપણે અજમાવી જ રહ્યા છીએ, ત્યારે બીજાને મદદ કરવાની ચાવી પણ ક્યારેક અજમાવવા જેવી તો ખરી. સંભવ છે તેમાંથી જ આપણને સુખનો ખજાનો મળી જાય.

jivanmangalam@gmail.com

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ક્રોધ મનુષ્ય પર સવાર થાય છે, ત્યારે તે મનુષ્યને જ તકલીફ પહોંચાડે છે

દુર્જનતાના સુરક્ષાકવચને દૂર કરવું એ જ ધર્મનું લક્ષ્ય હોવું જોઈએ

બહુધા ક્રોધને નિર્બળતા ગણવામાં આવે છે. જ્યારે ક્રોધ મનુષ્ય પર સવાર થાય છે, ત્યારે તે મનુષ્યને જ તકલીફ પહોંચાડે છે. જે સંયમી છે, ક્રોધના સ્વામી છે તે ક્રોધને પણ કાબૂમાં કરી લે છે.

મહાભારતનાં યુદ્ધમાં કૌરવ પક્ષે શલ્યે સારથિનું કામ કર્યું અને પાંડવ પક્ષે શ્રીકૃષ્ણે તે કાર્ય કર્યું. જ્યારે કર્ણનાં રથનું પૈડું જમીનમાં ખૂંચી ગયું અને તે બહાર કાઢી રહ્યો હતો, ત્યારે તેને કહ્યું કે, 'માર, અર્જુન માર.' થોડીક ક્ષણ માટે તો અર્જુન પણ ખચકાયો કે મને શ્રીકૃષ્ણ શું કહી રહ્યા છે? આવા સમયે મારું? કર્ણે પણ પરશુરામ પાસેથી કપટપૂર્વક વિદ્યા શીખી હતી અને પરશુરામે ક્રોધ કરીને કર્ણને શાપ આપ્યો કે, 'તેં મારી સાથે છળકપટ કરીને વિદ્યા શીખી છે, પરંતુ જે સમયે તને આ વિદ્યાની સૌથી વધારે જરૂર હશે ત્યારે તું આ વિદ્યા ભૂલી જઈશ.'

જ્યારે કર્ણના રથનું પૈડું પૃથ્વીમાં ખૂંપી ગયું અને તેણે શલ્યને કહ્યું કે, 'કંઈક કર' ત્યારે શલ્યે કહ્યું કે, 'હું રથ ચલાવવા માટે નિયુક્ત થયો છું.' કુરુક્ષેત્રનાં મેદાનમાં શલ્ય એક એવો સારથિ હતો, જેણે કર્ણને સહયોગ નથી આપ્યો. કર્ણને તો મનોમન ગુસ્સો આવી રહ્યો હતો કે મેં કેવા સારથિને નિયુક્ત કર્યો છે? આ માણસે તો મને હેરાન-પરેશાન કરી મૂક્યો છે. જેને પોતાના રથીનું ગૌરવ નથી અને તે જાણે એમ કહી રહ્યો હોય કે 'જ્યારે મરવાની ઈચ્છા હોય ત્યારે કહેજો અર્જુન પાસે લઈ જઈશ.' સામેના પક્ષમાં જ જો આવો ભાવ હોય તો જુસ્સો તૂટી જ જવાનો.

આથી કર્ણ પોતે રથનું પૈડું કાઢવા નીચે ઊતર્યો. હથિયાર રથમાં હતાં. નિઃશસ્ત્ર બની એ રથનું પૈડું કાઢી રહ્યો હતો ત્યારે જ શ્રીકૃષ્ણે કહ્યું કે, 'માર!' અર્જુને કહ્યું, 'આ સમયે મારું? આ તો ધર્મ ન કહેવાય.' શ્રીકૃષ્ણ કહે છે કે, 'ધર્મ શું છે અને નથી તે તું મારા પર છોડી દે અને માર.' આ એક આદેશ છે. ધર્મની રક્ષા કરવાની રખેવાળી તમે લોકોએ જ લીધી છે? ક્યારેક અધર્મ સજ્જનોને ધર્મની આણ આપીને પોતાનું કામ કઢાવી લે છે. માટે જ અર્જુને ભગવાન શ્રીકૃષ્ણના આદેશનું પાલન કરીને કર્ણને મુક્તિ આપી દીધી.

ભગવાન શ્રીકૃષ્ણ વ્યવહારુ છે, આજની ભાષામાં કહીએ તો ઉત્કૃષ્ટ મેનેજમેન્ટ ગુરુ છે. ક્રાઈસિસ મેનેજમેન્ટનો ગુણ તેમની પાસેથી દુનિયાએ શીખવાનો છે. કુરુક્ષેત્રના યુદ્ધમાં દુર્યોધનને છેલ્લે માર્યો અને તેની રક્ષા કરવા માટે જે કોઈ તત્પર હતા. પછી એ કર્ણ હોય, દ્રોણ હોય કે ભીષ્મ હોય તેને પહેલાં માર્યા. તે બધા ખરેખર તો સજ્જન હતા અને તેમની પાસે પણ કોઈ ને કોઈ ગુણ હતા, પરંતુ તેમની સજ્જનતા દુર્જનતાની રક્ષા કરવામાં રોકાયેલી હતી. એટલે કે સજ્જનતા, દુર્જનતાનું રક્ષાકવચ બનીને બેઠી હતી. માટે પહેલાં તેઓનો વધ પછી છેલ્લે દુર્યોધનનો. આ મહાભારતકાળનું સત્ય છે.

કૌરવો તો શકુનિનાં માર્ગદર્શનમાં ષડ્યંત્ર કરતા રહે છે અને પાંડવોને ફસાવતા રહે છે. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે 'માર!' માટે જ દુર્જનતાનાં સુરક્ષા કવચને દૂર કરવું એ જ ધર્મનું લક્ષ્ય હોવું જોઈએ.

ધર્મશાસ્ત્રોમાં સૂર્યોપાસનાનો મહિમા

હિંદુ ધર્મના મુખ્ય દેવમાંના એક સૂર્ય છે. વેદોમાં મિત્ર, વરુણ અને સવિતા/સવિતૃને સંબંધિત સંખ્યાબંધ ઋચાઓ સમર્પિત છે. ભાનુ, ભાસ્કર, દિવાકર, સૂર્યનારાયણ, વગેરે સૂર્યદેવના અન્ય નામો છે. વૈદિક મંત્રોમાં સૌથી પવિત્ર એવો ગાયત્રીમંત્ર પણ સૂર્યને સમર્પિત ગણાય છે. ભારતમાં ઓરિસ્સામાં આવેલું કોણાર્કનું મંદિર સૂર્યદેવને સમર્પિત છે.

પંચદેવોમાં સૂર્ય : પુરાણોમાં ભગવાન સૂર્ય, શિવ, વિષ્ણુ, ગણેશ અને દેવી દુર્ગાને પંચદેવ કહેવામાં આવે છે. બ્રહ્મવૈવર્ત અને સ્કંદ પુરાણમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ પંચદેવની પૂજા કરવાથી દરેક પ્રકારના દોષ અને પાપ દૂર થઈ જાય છે. આ પાંચ દેવોને નિત્ય દેવતા અને મનોકામના પૂર્ણ કરનાર પણ કહેવામાં આવે છે.

વેદ અને ઉપનિષદમાં સૂર્ય : ઋગ્વેદ પ્રમાણે સૂર્યદેવમાં પાપમાંથી મુક્તિ અપાવનાર, રોગનો નાશ કરનાર, આયુ અને સુખમાં વૃદ્ધિ કરનાર અને ગરીબી દૂર કરવાની અપાર શક્તિ છે. યજુર્વેદ પ્રમાણે સૂર્યદેવની આરાધના એટલા માટે કરવી જોઈએ કે તે માનવમાત્રનાં બધાં કામના સાક્ષી હોય છે અને તેમનાથી આપણું કોઈ પણ કામ કે વ્યવહાર છાનાં રહેતાં નથી. બ્રહ્મપુરાણમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે સૂર્યદેવ સર્વશ્રેષ્ઠ દેવતા છે. તેમની ઉપાસના કરનાર ભક્ત જે સામગ્રી તેમને અર્પણ કરે છે, સૂર્યદેવ તેમને લાખગણું આપે છે.

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

જે વ્યક્તિ નિષ્ફળતાનાં પથે ચાલવામાં સફળ જાય છે તે સફળતારૂપી ફળ પામે છે

નિષ્ફળતા સફળતાની સીડી

'I am not discouraged because every wrong attempt discarded is another step forward. So, I Haven't Failed in my life.' અર્થાત્, હું ગ્લાનિ પામતો નથી કારણ કે મારા દરેક ખોટા પ્રયોગથી હું એક પગલું આગળ વધુ છું, તેથી હું મારા જીવનમાં હાર્યો નથી.

ઉપરોક્ત શબ્દ ઉચ્ચારનાર વ્યક્તિ એટલે અમેરિકન વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસન. જેણે વિશ્વને માઈક્રોફોન, ફોનોગ્રાફ, લાઈટ બલ્બ, સ્ટોરેજ બેટરી, ધ્વનિ સહિતનાં ચલચિત્રો અને અન્ય 1000થી વધુ વસ્તુની ભેટ આપી છે. સ્ટોરેજ બેટરી પાછળ 10 વર્ષ મહેનત કરી અને ઘણો ખર્ચ થયો, પણ 1914ના ડિસેમ્બરમાં એક સાંજે ન્યૂજર્સીના વેસ્ટ ઓરેન્જ સિટીમાં આવેલી તેની પ્રયોગશાળામાં આકસ્મિક આગ લાગતાં રાસાયણિક સંયોજનો ભડકે બળ્યાં. થોડા જ સમયમાં આખી પ્રયોગશાળા આગની જ્વાળામાં લપેટાઈ ગઈ. 8 નગરોના અગ્નિશામક દળોએ ભારે લડત લીધી છતાં બધું જ વ્યર્થ. 20 લાખ ડૉલરથી વધુ કિંમતનું નુકસાન થયું જેની સામે વીમો ફક્ત 2,28,000 ડૉલરનો જ હતો! 67 વર્ષની ઉંમરે સર્વસ્વ ભસ્મીભૂત થયું તે જોઈને એડિસનનો પુત્ર ચાર્લ્સ અતિશય ગ્લાનિ પામ્યો. થોમસે પુત્રને જોઈ સૌપ્રથમ પૂછ્યું, 'ચાર્લ્સ, તારી માતા ક્યાં છે?'

'ખબર નથી.' 'તેને જલદી બોલાવ, જીવનમાં આવું દૃશ્ય તેને ફરી ક્યારેય જોવા નહીં મળે!'

બીજે દિવસે ભસ્મીભૂત થયેલી પ્રયોગશાળાના અવશેષો જોઈ એડિસને કહેલું, 'સારું થયું આમાં મારી બધી ભૂલો બળી ગઈ. હવે હું નવેસરથી શરૂઆત કરીશ.' ઉપરોક્ત વચનોનાં ઉચ્ચારણ બાદ માત્ર ત્રણ જ અઠવાડિયાંમાં તેણે સૌપ્રથમ ફોનોગ્રાફની વિશ્વને ભેટ ધરી.

ખરેખર, નિષ્ફળતા વ્યક્તિને જીવન જીવતાં શીખવે છે. ખરા અર્થમાં વ્યક્તિનું ઘડતર કરી તેને અનુભવી બનાવે છે. એક કવિએ સાચું જ કહ્યું છે,

शमा परवाने को जलना सिखाती है,
साँज सूरज को ढलना सिखाती है,
गिरनेवाले को कोसते हैं क्यों?
ठोकर इंसान को जीना सिखाती है।

ખરેખર, વ્યક્તિ જીવનના મહત્ત્વના પાઠ સફળતાની સાપેક્ષે નિષ્ફળતામાંથી વધારે શીખતી હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે માનવ પોતાનાં જીવનમાં સૌથી મોટી નિષ્ફળતા એ માને છે કે વારંવાર પ્રયત્નો કરવા છતાં સફળતા પ્રાપ્ત નથી થતી, પરંતુ સફળતા એટલી સસ્તી નથી કે સહજમાં પ્રાપ્ત થાય. સોનાંને શુદ્ધ થવા માટે તપવું પડે છે. આપણને એવું લાગે છે કે મને સફળતા પ્રાપ્ત નથી થતી, પરંતુ આપણી જાણ બહાર નિષ્ફળતાનાં ભઠ્ઠામાં સફળતારૂપી ફળ પાકી રહ્યું હોય છે.

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ આઈઝનહોવર કહે છે : 'મને હંમેશાં થતું કે સાચી લાયકાતવાળાની કદર નથી થતી, પરંતુ એવું નથી. કુદરત યોગ્ય વ્યક્તિની યોગ્યતાને અનુરૂપ સફળતા આપવા માટે યોગ્ય સમયની રાહ જુએ છે, પરંતુ તે માણસને જણાતું નથી તેથી હતાશ થયા કરે છે. જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી આપણી પાસે જે કંઈ યોગ્યતા છે તેને વિકસાવવી જોઈએ. એક દોકડા માટે ફાંફાં મારતા ફરીએ અને કહીએ કે કુદરતે મને દોકડો મળવા ન દીધો, પરંતુ તે તો આપણને સોનામહોર આપવા માગે છે.'

એટલે જ જે વ્યક્તિ નિષ્ફળતાનાં પથે ચાલવામાં સફળ જાય છે તે જ સફળતારૂપી ફળને પામે છે. નવલકથાકાર જોન ક્રિજીના પુસ્તકોને પ્રકાશિત કરવાની અરજીને પ્રકાશકોએ 753 વખત ફગાવી દીધી. છતાં પણ તે પાછો ન પડ્યો. પરંતુ ત્યાર બાદ તેનાં 564 પુસ્તકો પ્રકાશિત થયા. લૂઈ પાશ્ચરે દૂધમાંથી બેક્ટેરિયા જુદા પાડવાના 9000 નિષ્ફળ પ્રયોગો કર્યા. અંતે પોતાની ભૂલ પકડી કાર્ય કર્યું, તો 1862માં સફળ થયા અને દૂધને જંતુમુક્ત કરવાની પેશ્ચુરાઈઝેશન પ્રક્રિયાની ભેટ આપી.

પૂ. પ્રમુખસ્વામી મહારાજને ગુરુસંકલ્પને સાકાર કરવા લંડનમાં મંદિર બનાવવું હતું, પરંતુ ઘણા પ્રયત્નો કરવા છતાં જમીન સંપાદન માટે નિષ્ફળતા મળતી. ઘણા વર્ષોના પ્રયત્ન પછી એક વિસ્તારમાં જમીન સંપાદિત થઈ, પરંતુ જ્યારે મંદિર માટે પરવાનગી લેવાની થઈ ત્યારે ત્યાં નજીકમાં વસતા સદ્ગૃહસ્થોએ મંદિર બનવાથી પ્રદૂષણ થશે, ટ્રાફિક થશે જેવા પ્રશ્નો ઉઠાવ્યા. કોર્ટમાં કેસ થયો. મંદિરના પક્ષમાં રહેનારા 20,000 લોકોની સહી એકત્ર કરવામાં આવી, છતાં તે સમયે કેસ હારી ગયા. આવી ભયંકર નિષ્ફળતા મળવા છતાં પ્રમુખસ્વામી મહારાજ સ્થિર હતા. ત્યાર બાદ નિસડન વિસ્તારમાં જમીન મળતાં ત્યાં મંદિરનું બાંધકામ શરૂ થયું. તે સમય દરમિયાન જ વૈશ્વિક મંદી આવી. છતાં પ્રમુખસ્વામી મહારાજ હાર્યા કે ડગ્યા વિના પોતાની આપસૂઝ અને ભગવાનના બળથી પાર ઊતર્યા. એટલું જ નહીં, આરસનું ભવ્ય અને દિવ્ય મંદિર બનાવ્યું. જે મંદિરે મોટામોટા માંધાતાઓ, રાજવી પરિવાર, અન્ય દેશોના પ્રેસિડન્ટ્સ, ઉમરાવો અને અમલદારોને પોતાની તરફ આકર્ષિત કર્યા. ઘણા લોકોને જીવન જીવવાની પ્રેરણા આપી છે. બાળકો-યુવાનોને જીવનમાં આગળ વધવાનું પ્રોત્સાહન આપ્યું છે. લંડનનું આ સર્જન ઘણાં વિશ્વપ્રસિદ્ધ મેગેઝિન અને સામયિકોના મુખ્ય પૃષ્ઠ પર પણ ચમક્યું છે. વિશ્વપ્રસિદ્ધ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા મંદિરને 'Largest Hindu Stone mandir in the western hemisphere' તરીકે બિરદાવવામાં આવ્યું છે.

એટલે જ કહી શકાય કે જે વ્યક્તિ નિષ્ફળતાને અપનાવે છે તે વ્યક્તિ સફળતાને જરૂર પામે છે, કારણ નિષ્ફળતા એ સફળતાનો Stepping stone છે.

jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ચિતા તો મડદાને બાળે પણ ચિંતા જીવતાંને સળગાવે છે. ચિંતા અને ચિતા બેય બાળે છે

ભગવાનનો ભક્ત સદાય ચિંતન કરે, ચિંતા કદી ન કરે

ભારતીય પરંપરા ચિંતનમાં માને છે, નહીં કે ચિંતામાં. આ સંદર્ભનો એક પ્રસંગ શ્રીમદ્ ભાગવતનો છે. જે અંતર્ગત બદરીકાશ્રમમાં ચાર સનત્કુમારો વિચરણ કરતાં કરતાં પધાર્યા. તેમનાં જ્યાં ચરણ પડે તે તીર્થ બની જાય. એ સંતો પધાર્યા બદરીકાશ્રમમાં. તેઓ દિગમ્બર અવસ્થામાં છે અને વય તો ઘણી છે, પરંતુ પાંચ વર્ષનાં બાળક જેવાં દેખાય. શા માટે આવ્યા? અમસ્તા કંઈ રખડવા નહોતા નીકળ્યા. સત્સંગ માટે આવ્યા હતા. સત્સંગ માટે આવેલા સનત્કુમારોને સંત મળ્યા, નારદ. નારદ એટલે કોણ? સંસ્કૃતમાં તેના અનેક અર્થ દર્શાવ્યા છે. નારં જ્ઞાનં દદાતિ ઇતિ, બીજું છે નારં દુ:ખસમૂહં નાશયતિ ઇતિ, ત્રીજું છે નારં નરસંબંધિ અજ્ઞાનં તત્ દ્યતિ હરતિ ઇતિ.

તેઓ મળ્યા ત્યારે તેમના મુખ પર વિષાદનાં વાદળ છવાયાં હતાં. ભગવાનનો દાસ ક્યારેય ઉદાસ ન થાય. તેને તો આઠેય પહોર આનંદ હોય. તેને બદલે નારદજીને ઉદાસ જોયા. કાયમ હસતા ચહેરાવાળા માણસ ગંભીર દેખાય તો આપણને આશ્ચર્ય થાય. નારદ તો હસનારા અને હસાવનારા સંત. જ્યાં જાય ત્યાં આનંદ થાય.

સમાજમાં પણ બે પ્રકારના માણસો હોય છે. એક, જ્યાં જાય ત્યાં આનંદ થાય અને બીજા, જ્યાંથી જાય ત્યાં આનંદ થાય. નારદ તો જ્યાં જાય ત્યાં આનંદ થાય, એવા સંત. તેને બદલે આજે દુ:ખી?

સનત્કુમારોએ પૂછ્યું મહારાજ, આપના જેવા મુક્ત અને આવી રીતે શૂન્ય ચિત્ત થઈ ગયા છો? આપના જેવા ભગવદ્ભક્તને દુ:ખી થવું શોભે નહીં. તમને શેની ચિંતા છે? આપ ક્યાંથી આવો છો? અને ક્યાં જઈ રહ્યાં છો?'

ભગવાનનો ભક્ત ચિંતન કરે, ચિંતા ન કરે. ભગવાનનું ચિંતન કરે એની ચિંતા ભગવાન કરે. ચિંતા તો ચિતા સમાન છે. ફક્ત અનુસ્વાર(મીંડા)નો ફરક છે. ચિંતા અને ચિતા બેય બાળે છે, પણ ચિતા તો મડદાને ખાલી બાળે પણ ચિંતા તો જીવતાંને સળગાવે છે. નારદ જેવા મુક્ત સંતપુરુષને ચિંતા સતાવે? સંસારીની ચિંતામાં અને સંતની ચિંતામાં જમીન-આસમાનનું અંતર હોય છે. સંતની ચિંતા એ તો ચિંતામણી છે. સંતની ચિંતામાં પણ પરમાર્થ હોય છે. રામાયણમાં દર્શાવ્યું છે કે વિશ્વામિત્ર જેવા સંતને ચિંતા થઈ. એ ચિંતા સ્વાર્થ માટે નહીં, પરંતુ પારમાર્થિક કાર્ય માટે હતી. પારમાર્થિક કાર્ય જ્યારે અધૂરા રહે ત્યારે સંતને ચિંતા થાય.

નારદજીની ચિંતામાં પણ પરમાર્થ છે. નારદજીએ સનત્કુમારોને કહ્યું, 'અત્યારે હું પૃથ્વી પરથી આવું છું. પૃથ્વીને સર્વોત્તમ જાણીને હું ત્યાં વિચરણ કરવા નીકળ્યો હતો. મેં જોયું કે દેવતાઓ ભગવાનને પ્રાર્થના કરે છે કે અમને માનવ બનાવો અને પૃથ્વી પર જન્મ આપો. એમાંય વળી, ભારતવર્ષમાં જન્મ આપો.'

જીવન માંગલ્ય

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

સંપમાં અમર્યાદિત શક્તિ રહેલી છે, પરંતુ તે આત્મસાત કરવા કંઈ કરવું પડે

સંપ – અમર્યાદિત શક્તિનો ખજાનો

અમેરિકાના કેલિફોર્નિયામાં થતાં રેડવુડની ઊંચાઈ 300-350 ફૂટ હોય છે. ઊંચાઈ જોતાં પ્રથમ વિચાર એ આવે કે આવા તોતિંગ અને અતિશય વિરાટકાય વૃક્ષનાં મૂળ કેટલાં ઊંડાં હશે? પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે તેના મૂળની ઊંડાઈ માત્ર સાડા ત્રણ ફૂટ જ છે. વળી, આ વૃક્ષો એવી જગ્યાએ છે કે જ્યાં વર્ષમાં 70,000થી વધુ ભૂકંપ આવે છે અર્થાત દર 7 મિનિટે 1 ભૂકંપ. જેમાં 0.5 થી લઈને 4-5 સ્કેલ સુધીના ભૂકંપ પણ હોય છે. આશ્ચર્યની વાત એ છે કે ધરતીની આવી ધ્રૂજારીઓ વચ્ચે પણ રેડવુડનાં આ વૃક્ષો 2500 વર્ષથી અડીખમ ઊભાં છે. કેવળ સાડા ત્રણ ફૂટના મૂળ હોવા છતાં આ મહાકાય વૃક્ષોને વર્ષોથી કાંઈ નથી થયું તેનું કારણ છે, સંપ. હા, તેના મૂળ ઊંડા નથી, પરંતુ બધાં વૃક્ષોના મૂળ એકબીજાની સાથે એવી રીતે જોડાયેલા છે અને ગૂંથાયેલા છે કે તેમને જુદા પાડવા અસંભવ છે. આ સંપના પરિણામે સાડા ત્રણ ફૂટના એ મૂળ 350 ફૂટના વિરાટ વૃક્ષને ઊભા રાખવાની પ્રચંડ ક્ષમતા ધરાવે છે.

હેન્રિ લૉંગફેલો કહે છે : 'All your strength is in your union' અર્થાત એકતામાં જ તમારી શક્તિ રહેલી છે.

ગણિતમાં 1+1=2 થાય, પરંતુ સંપમાં 1+1=3 થાય. ખરેખર આ શક્ય છે. લાકડાનું 2×4 ઈંચનું બિંબ 607 પાઉન્ડ વજન સહન કરી શકે અને બે ભેગા થાય તો 1821 પાઉન્ડ વજન ખમી શકે, પરંતુ જ્યારે બંને બિંબને એકમેક સાથે જોડવામાં આવે ત્યારે બંને ભેગા મળી 4878 પાઉન્ડ વજન ધારણ કરી શકે છે. જો બે ભાગ સંપથી ભેગા થયા તો ક્ષમતા ત્રણ ગણી વધી ગઈ. અહીં આપણને એક પંક્તિ સાર્થક થતી જણાય.

બહુ જન મળીને જે કરે, તે જુદે નવ થાય,
સાવરણી ઘર સાફ કરે, સળીઓથી શું થાય?

ખરેખર, 50 વ્યક્તિઓ 50 અલગ અલગ સળીઓ લઈ મંડે તો પણ એક ઘર સાફ ન થાય, પરંતુ 50 સળીઓ ભેગી થઈ એક સાવરણી બને તો ફક્ત એક જ વ્યક્તિ દ્વારા ઘણા ઘર સાફ થઈ શકે. આમ, સંપમાં પ્રચંડ ઊર્જા રહેલી છે.

હેન્રી ફોર્ડ (અમેરિકન ઉદ્યોગપતિ) કહે છે : 'Coming together is the beginning, staying together is progress, working together is success.' અર્થાત ભેગા થવું તે શરૂઆત છે, ભેગા રહેવું તે પ્રગતિ છે, પરંતુ ભેગા મળીને કાર્ય કરવું તે જ ખરેખરી સફળતા છે.'

માટીના કણો પણ સંપે તો ઈંટ બને. ઈંટોના સંપથી ભીંત બને અને ભીંતો એકબીજાને મળે ત્યારે એક મકાન બને છે, પરંતુ જ્યારે તેમાં રહેવાવાળા મનુષ્યો સંપે ત્યારે એક ઘરનું સર્જન થાય છે. નિર્જીવ એવી માટી, ઈંટ અને ભીંત એકમેક સાથે જોડાઈને કંઈક નવું સર્જન કરી શકતી હોય તો કાળા માથાના માનવીથી શું ન થાય? કારણ આપણામાં તો શક્તિ, સમજણ અને સૂઝ બધું જ છે.

ભગવાન સ્વામિનારાયણના વારસદાર અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતમાં જણાવે છે કે, 'એક રુચિવાળા બે હોય તો લાખો અને હજારો છે.' ખરેખર સંપ એ અદૃશ્ય શક્તિ છે. જે દેખાતી નથી, પણ તેનો અનુભવ ચોક્કસ થાય. જ્યારે પણ એક રુચિવાળા એકથી વધારે મનુષ્ય ભેગા થાય ત્યારે કોઈ અદ્વિતીય સર્જન થતું હોય છે.

ભારતની રાજધાની નવી દિલ્હીમાં ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિમાં રચાયેલું વિશ્વની અનુપમ અજાયબી સમું અક્ષરધામ સંપશક્તિનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે. ગુલાબી પથ્થર અને શ્વેત આરસના સંયોજનથી બનેલા 141 ફૂટ ઊંચા આ ભવ્ય મહાલય અને 100 એકરમાં વ્યાપેલા વિશાળ તીર્થની યાત્રા કરનાર પોકારી ઊઠે છે : અદ્‌ભુત!

શિલ્પશાસ્ત્રમાં પ્રવીણ એવા એક સોમપુરા અક્ષરધામ પરિસરની વિશાળતા જોઈ બોલી ઊઠેલા કે 'આ ૪૦ વર્ષનું કાર્ય છે, આવું વિરાટ કાર્ય પાંચ વર્ષમાં પૂર્ણ થયું એ ખરેખર અચરજની વાત છે. આવું સર્જન શતાબ્દીઓમાં એકાદ વાર જ થાય છે.' 40 વર્ષનું આ અદ્વિતીય કાર્ય માત્ર પાંચ વર્ષમાં સંભવ બન્યું એનું એક મુખ્ય કારણ છે સંપ. 11000 શિલ્પીઓ, સ્વયંસેવકોનાં 30 કરોડ માનવ કલાકો તથા સંતોના સંપીલા પુરુષાર્થથી માત્ર પાંચ જ વર્ષમાં સજીવન થયું ભારતીય સંસ્કૃતિની ગરિમા સમાન ભવ્ય સાંસ્કૃતિક સ્થાપત્ય. જે જોઈને હરકોઈ બોલી ઊઠે છે, 'અદ્‌ભુત, અકલ્પ્ય, અદ્વિતીય!'

સંપમાં આવી અમર્યાદિત શક્તિ રહેલી છે, પરંતુ આવા સંપને આત્મસાત કરવા આપણે પણ કંઈક કરવું પડે. કોઈની ભૂલોને માફ કરવી પડે, કોઈને નભાવવા પડે, કોઈને સ્વભાવોને સહન કરવા પડે, વાણી પર સંયમ રાખવો પડે... પણ જો આટલું કરીને માણસ સંપ રાખવા પ્રયાસ કરે, તો એના મીઠાં ફળ તેના જીવનને મધુરતાથી ભરી દે તે વાત નિશ્ચિત છે.

jivanmangalam@gmail.com

ભાગવત ચિંતન

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

શાસ્ત્રોનાં માધ્યમથી ઋષિઓએ પોતાની અનુભૂતિને અભિવ્યક્ત કરી છે

વિખવાદ હોય ત્યાં વિષાદ આવે, જ્યારે સંવાદમાંથી શાસ્ત્રો સર્જાય

શાસ્ત્ર એટલે જેનું શાસન લોકમાનસ, લોકહૃદય ઉપર છે, તે. શાસ્ત્રોનાં માધ્યમથી ઋષિઓએ પોતાની અનુભૂતિને અભિવ્યક્ત કરી છે. તેથી શાસ્ત્રોનું સમાજ ઉપર શાસન છે. ગીતા, રામાયણ, ભાગવતજીનાં જ પાઠ-પારાયણ-અનુષ્ઠાન કરીએ છીએ, પરંતુ વર્ષોથી આ જ ગ્રંથોનું પારાયણ કેમ થાય તે ખબર છે? તે અંગે એક રસપ્રદ કથા છે.

એક વાર અકબર બાદશાહે બીરબલને પૂછ્યું, (બીરબલ હિંદુ હતો) 'બીરબલ, તમે લોકો ભાગવત અને રામાયણને આટલું મહત્ત્વ કેમ આપો છો? હવે કંઈક નવું સર્જો. તમારે ત્યાં ઘણાબધા કવિઓ છે. કંઈક નવું રચો. પછી પારાયણ કરો.' બીરબલે કહ્યું 'નવા-નવા સાહિત્યકારો આવતા જાય છે. નવા-નવા કવિઓ આવે છે. સાહિત્યક્ષેત્રે ઘણુંબધું સર્જન થાય છે, ભારતવર્ષ ગરીબ નથી, પરંતુ અમે ગીતાનાં કે ભાગવત-રામાયણનાં જ પારાયણ એટલા માટે કરીએ છીએ કેમકે તે ઋષિ-મુનિઓની અનુભૂતિનો નિચોડ છે.' અકબરને બીરબલની વાત બુદ્ધિમાં ન ઊતરી. બાદશાહને ગળે વાત કેમ ઉતારવી? બીરબલ તો યુક્તિ-પ્રયુક્તિ જાણે એટલે એણે બાદશાહને કહ્યું, 'આટઆટલું સમજાવવા છતાં તમે માનતા નથી? એક વાર તમને કહ્યું ને કે આ ઋષિઓની વાતો છે. છતાં પણ તમને બુદ્ધિમાં ઊતરતું નથી?' બીરબલ બાદશાહ ઉપર ગુસ્સે ભરાયા અને બાદશાહનાં અંગરક્ષકને આજ્ઞા કરી, 'બાદશાહને ત્રણ તમાચા માર.'

અંગરક્ષક એકદમ સ્થિર ઊભો રહ્યો. દરબારીઓને થયું કે બિરબલનું આજે ઠેકાણે છે કે નહીં? બાદશાહ શરૂઆતમાં તો હસવા લાગ્યા કારણ કે તેઓ બીરબલનાં સ્વભાવને ઓળખે છે. વળી કંઈક નવી રમૂજ કરવા માગતા હશે, પરંતુ બીરબલે બીજી વાર અંગરક્ષકને એ જ આજ્ઞા કરી, તોય અંગરક્ષક સ્થિર જ રહ્યો. ત્રીજી વાર કહ્યું ત્યારે બાદશાહની આંખ લાલ થઈ અને કહ્યું કે, 'આ તો ભરસભામાં અપમાન છે' અને પછી બાદશાહે અંગરક્ષકને કહ્યું કે, 'આને આટલી વાર તો ક્ષમા આપી, પરંતુ હવે બીરબલની ખોપરી ઠેકાણે આવે માટે તું જ એને ત્રણ તમાચા માર.' અંગરક્ષકે બાદશાહની આજ્ઞાનો પળવારનોય વિલંબ કર્યા વગર બીરબલને ત્રણ તમાચા માર્યા અને બીરબલે તે બધું સહન કર્યું. થોડી વાર પછી બિરબલ બોલ્યો, 'જહાંપનાહ, આ જ આપનો જવાબ છે. મેં આ અંગરક્ષકને ત્રણ-ત્રણ વાર આજ્ઞા કરી, છતાં એણે મારી આજ્ઞાનું પાલન ન કર્યું અને તમને થપ્પડ ન મારી. જ્યારે આપ જહાંપનાહે કેવળ એક જ આજ્ઞા કરી ત્યારે તેણે મને ત્રણ તમાચા માર્યા. શું કામ ખબર છે? આપ દિલ્હીના બાદશાહ છો. તમારી સત્તાનું બળ છે અને સત્તાનાં બળથી આપે આજ્ઞા કરી છે તેથી આપના સેવકે આજ્ઞા માની. મેં સેવકને કહ્યું ત્યારે મારી પાસે કોઈ બળ નહોતું. આજ્ઞા તો મેં પણ આપના જેવી કરી હતી અને એ પણ ત્રણ-ત્રણ વખત, પરંતુ તેણે આજ્ઞા નહોતી માની.

હું એ જ કહેવા માંગુ છું કે, સત્તાનું બળ જો આટલું કામ કરે તો અમારી ઋષિઓની સાધનાનું બળ શું અસર ન કરે? અમારા ઋષિ-મુનિઓ, સાધુ-સંતો પાસે સાધનાનું બળ હતું અને સાધનાનાં બળે એની અનુભૂતિનો જે નિચોડ આપ્યો, એ શાસ્ત્રો આજે અમારા સમાજ ઉપર શાસન કરે છે, જનમન ઉપર શાસન કરે તો એમાં કોઈ આશ્ચર્ય નથી. અમે તો પારાયણ કરીશું રામાયણ-શ્રીમદ્ ભાગવત અને શ્રીમદ્ ભગવદ્ ગીતાની.' આ રીતે સામાન્ય રીતે વિવાદ હોય ત્યારે વિષાદ સર્જાયો હોય છે, પરંતુ ઋષિઓનાં સંવાદમાંથી શાસ્ત્રો સર્જાય છે. માટે જ શાસ્ત્રોનું આપણે વારંવાર આવર્તન, ચિંતન અને મનન અને એવા શાસ્ત્રોના નિચોડને આચરણમાં મૂકીને જીવનમુક્ત બનવા માટે અગ્રેસર બનીએ.

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

મેતરાજ મુનિવર!

મેતરાજ મુનિવર. ત્રીસ ઉપવાસના પારણે નિર્દોષ ગોચરી-ભિક્ષા માટે ફરતાં ફરતાં સોનીને ત્યાં પધાર્યા. સોની રાજા માટે સોનાના જવલા બનાવતો હતો. મુનિવરને જોઈ રસોડામાં ગયો. ખૂબ જ ભાવથી ગોચરી વહોરાવી. સોની રસોડામાં ગયો ત્યારે જ ક્રૌંચ પક્ષી સોનાના જવલા ચણીને જતું રહ્યું. આ બાજુ મુનિવર પણ ગોચરી વહોરી બહાર નીકળ્યા. સોની પોતાના સ્થાને આવીને જુએ છે તો જવલા દેખાતા નથી! નક્કી, આ મુનિ ચોર હોવા જોઈએ. તેમના સિવાય બીજું કોઈ અહીં આવ્યું જ નથી, તેથી તેમણે જ ચોરી કરી હશે! હું રાજાને જવલા નહીં આપું તો રાજા મને દંડ કરશે, વિચારી સોની મુનિવરને શોધવા લાગ્યો. આગળના જ ઘરમાં મુનિવર હતા. ચોર ભાગે, મુનિવર શા માટે ભાગે? કડક શબ્દોમાં જવલાનું પૂછ્યું, પણ મુનિવર મૌન હતા કારણ કે જો ક્રૌંચ પક્ષીનું કહે તો આ સોની પક્ષીને મારી નાખે, તેથી તેઓ મૌન રહ્યા. આ બાજુ સોનીએ ચામડાંની વાધરીથી મસ્તકે કચકચાવીને બાંધીને મુનિવરને તાપમાં ઊભા રાખ્યા. ચામડું ખેંચાવા લાગ્યું. શરીરનાં હાડકાં તૂટવાં લાગ્યાં. આંખોના ડોળા બહાર આવી ગયા. શરીરની ચામડી ફાટવા લાગી.

ત્રીસ ઉપવાસનું પારણું હતું! એક ક્રૌંચ પક્ષીને બચાવવા માટે મુનિવર મૌન રહ્યા. સમભાવમાં લીન રહ્યા. સોનીનો નહીં પરંતુ પોતાનાં પૂર્વકૃત કર્મોનો જ દોષ છે, એવું વિચારતાં કેવલજ્ઞાન પામી સીધા મોક્ષે ગયા.

જીવન માંગલ્ય | આજની આધુનિકપેઢીના હૃદયમાંથી પોતાનાં માતા-પિતાનું મૂલ્ય ઓછું થતું જાય છે

સાધુ અપૂર્વમુનિદાસ, BAPS

માતૃપિતૃ દેવો ભવ

લગભગ 2000 વર્ષ પહેલાં ભારતના ઇતિહાસને જેમણે સ્વર્ણિમ વળાંક આપ્યો હતો, એ મહાન રાજનીતિજ્ઞ ઋષિ હતા ચાણક્ય!

એક વાર તેઓએ પોતાની માતાને ઉદાસ જોતાં તેનું કારણ પૂછ્યું. અતિ આગ્રહના અંતે પ્રત્યુત્તરમાં માતાએ કહ્યું, 'બેટા! મારા સામુદ્રિક ચિહ્નના જ્ઞાનના આધારે તારા આગળના બે દાંત જોઈને મને ખાતરી છે કે તું ભવિષ્યમાં મહાન થઈશ પણ... પણ તું મને ભૂલી જઈશ.' આ શબ્દો સાંભળીને બીજા જ દિવસે ચાણક્યે પોતાના આગળના બંને દાંત પાડી નાખ્યા. કારણ જણાવતાં તેઓએ એટલું જ કહ્યું, 'મારી માતાના સુખની આડે આવે તેવું મારે કંઈ જોઈએ નહીં.'

ખરેખર, માતૃદેવો ભવ અને પિતૃદેવો ભવની ભાવના ભારતીય સંસ્કૃતિના પાયામાં જ ધરબાયેલી છે.

જેમ ભગવાનના આપણા ઉપર અનંત ઉપકાર છે, તેવી જ રીતે માતા-પિતાના પણ આપણા ઉપર અનેક ઉપકારો છે. એટલે જ આપણે માતાપિતાને ભગવાન તુલ્ય કહીએ છીએ. આ ઉપકારોનું સુંદર વર્ણન કરતાં કવીશ્વર દલપતરામ કહે છે,

સૂકામાં સુવાડી ભીને પોઢી પોતે, પીડા પામી પંડે તજે સ્વાદ તો તે,
મને સુખે થાવા કટુ કોણ ખાતું ? મહા હેતવાળી દયાળુ જ મા તું...
પડું કે પીડું તો ખમ્મા આણી વાણી, પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી,
પછી કોણ પોતાતણું દૂધ પાતું ? મહા હેતવાળી દયાળુ જ મા તું...

માતાપિતાએ કુમળા છોડની જેમ આપણી સતત માવજત કરી છે, ઉછેર કર્યો છે. તેમણે સમય, શક્તિ અને સંપત્તિનો ભોગ આપ્યો છે. તેઓ આપણા જન્મદાતા અને જીવનદાતા છે.

ગાંધીજી કહેતા કે, 'મારી માતા પૂતળીબાઈએ મારી પાસે પ્રતિજ્ઞા લેવડાવી હતી કે હું માંસ, મદિરા અને પરસ્ત્રીસંગથી સદાય દૂર રહીશ. આ પ્રતિજ્ઞાઓના પાલનથી મારું સર્વોત્તમ ચરિત્ર ઘડતર થયું. મારા પિતા પાસેથી મને ક્ષમા, અહિંસા, નિખાલસતા તથા સહાનુભૂતિના સંસ્કારો પ્રાપ્ત થયા છે. હું મારાં માતા-પિતાનો જન્મોજન્મ ઋણી રહીશ.'

માતા-પિતાએ પોતાની અનેક ઇચ્છા-સુખનું બલિદાન આપીને આપણા પર અપાર વાત્સલ્ય વરસાવ્યું છે. સમયે સમયે જીવનમાં આગળ વધવાની પ્રેરણા પણ આપી છે.

'બેટા! દુશ્મનથી કદી ડરીશ નહીં. લડાઈના મેદાનમાં સદાય આગળ વધજે. સત્ય અને હિંદુ સંસ્કૃતિની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરવા પડે તો પણ કદી પાછો ન પડતો.' આવા ખુમારીવાળા શબ્દો હતા, છત્રપતિ શિવાજીના માતુશ્રી જીજાબાઈના.

સાંપ્રત સમયે જેમ જેમ કળિયુગનો પ્રભાવ પથરાતો જાય છે, તેમ તેમ આપણા સંસ્કારને લૂણો લાગતો જાય છે. આજની આધુનિકપેઢીના હૃદયમાંથી પોતાનાં માતા-પિતાનું મૂલ્ય ઓછું થતું જાય છે. માતા-પિતાનું કહ્યું ન માનવું, તેમની સાથે રીસ કરવી, ઊંચે સાદે બોલવું. અરે! ક્યારેક તો હાથ ઉગામવો!! આવી વર્તણૂક આજે એક યા બીજા ઘરમાં જોવા મળી રહી છે.

કોન્વેન્ટ સ્કૂલમાં ભણતી એક છોકરી આવેશમાં આવી તેની મમ્મીને કહે, 'બેસ છાનીમાની, તું શું જાણે છે? તારાથી હું વધુ ભણેલી છું. વધુ બુદ્ધિશાળી છું. તને ઈંગ્લિશ આવડે છે?'

આવાં ઉદાહરણો દર્શાવે છે કે માતા-પિતા અંધ હોવા છતાં એમની સેવા કરનાર શ્રવણ જેવા આદર્શોને આધુનિક સંસ્કૃતિમાં બાવળિયાની જેમ ઊગતી આજની પેઢી ભૂલી રહી છે.

એટલે જ આવા સંતાનો માટે કેટલીક માતાઓ હૈયાવરાળ ઠાલવતી હોય છે કે, 'આના કરતાં તો પેટે પથરો જણ્યો હોત તો સારું હતું.' આજના યુવાનોની આવી બેહૂદી ગેરવર્તણૂકની સાથે સાથે બીજી પણ એક વિકૃતિ ઘર કરી રહી છે. એ છે પોતાનાં વૃદ્ધ માતાપિતાને હડધૂત કરવાની.

25-25 વર્ષ સુધી પાળી-પોષીને મોટા કર્યાં-ભણાવ્યા-ધંધામાં સેટ કર્યાં-લગ્ન કરાવ્યાં ને પછી કોણ જાણે તે મા-બાપ અળખામણાં થઈ જાય છે! આ નબીરાઓને નવા ફર્નિચર, ફ્રિજ કે ટી.વી. માટે ઘરમાં જગ્યા છે, પણ સગા મા-બાપ માટે જગ્યા નથી. પોતાના જ ઘરમાં મા-બાપ નડતરરૂપ લાગતાં તેમને વૃદ્ધાશ્રમમાં ધકેલી દેતાં પણ ખચકાતા નથી. ભારતમાં આજે 5000થી વધુ વૃદ્ધાશ્રમોમાં પાંચ લાખ જેટલા વૃદ્ધો જીવનના સૂર્યનો અસ્ત થવાની રાહ જુએ છે.

મુજ વીતી તુજ વીતશે. અરે! તેથી પણ વધારે વીતશે, તેનો થોડો સરખો પણ ખ્યાલ આજની પેઢીને નથી.

એટલે જ પ્રમુખસ્વામી મહારાજ કહે છે, 'મા-બાપને ઘરડાંઘરમાં મૂકવા એ મોટું કલંક છે.'

તેઓ હંમેશાં માતા-પિતાની સેવા જીવનભર કરવાની શીખ આપતા. અટલાદરામા એક નવલોહિયા અઢાર વર્ષના યુવાનને તેના જન્મદિવસે તેનું કર્તવ્ય શીખવતાં સ્વામીશ્રીએ કહ્યું, 'સત્સંગ બરાબર રાખે અને મોટો થઈને મા-બાપની સેવા કરે એ આશીર્વાદ છે.'

મહાન પુરુષોનાં વચનોથી આપણે કેવળ એટલું જ સમજવાનું છે કે આપણી સંસ્કૃતિ અને માતા-પિતાએ ચીંધેલ રાહ પર ચાલીને સમાજમાં આપણે આદર્શ પુત્ર-પુત્રીનો દાખલો બેસાડવાનો છે. જેથી આપણાં માતા-પિતાને બધાં કહેવા આવે કે, તમે કયા પુણ્ય કર્યાં, કે આવાં સંસ્કારી સંતાન મળ્યાં! jivanmangalam@gmail.com



ભાગવત ચિંતન | રામાયણ પ્રયોગશાસ્ત્ર છે અને શ્રીમદ્ ભાગવત વિયોગશાસ્ત્ર છે

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા

ભગવાનના વિરહની અભિવ્યક્તિ છે : ગોપી ગીત

ગોપિકાઓને બીજું કઇ નથી જોઇતું. ભગવાનના વિરહની પીડાને લઇને તે ગાઇ રહી છે. એક ગીત ગોપીઓએ ગાયું, જેને ગોપી ગીત કહે છે

જે પ્રેમમાર્ગની સર્વશ્રેષ્ઠ અવસ્થા છે, ત્યાં ગોપીગીત સ્થિત છે. મોટા-મોટા યોગી અને સંન્યાસીઓ યોગાનુષ્ઠાન, કર્માનુષ્ઠાન અને જ્ઞાનપથ પર પહોંચતા-પહોંચતા જ્યાં પહોંચી શકવા સમર્થ નથી, ત્યાં આ વ્રજ ગોપાંગનાઓ પ્રેમના બળે સાહજિક રીતે પહોંચી ગઇ છે. એટલા માટે તો ઉદ્ધવ જેવા મોટા જ્ઞાની પુરુષ પણ આ વ્રજગોપિકાઓની ચરણરજની વંદના કરે છે ને કહે છે કે, હું આ વ્રજગોપિકાઓની ચરણરજને વંદન કરું છું, કેમ કે આ ગોપીઓના ચરણોને વંદન કરવાની મારી લાયકાત નથી અને પાત્રતા પણ નથી. ગોપીઓ ખૂબ ઊંચાઇ પર છે, પરંતુ છતાં હું તેમની ચરણરજને વંદન કરું છું. જેના મુખમાંથી નીકળેલા હરિગીતે ત્રિભુવન આખાને પવિત્ર કરી દીધું તે ગોપિકાઓને બીજું કઇ નથી જોઇતું. ભગવાનના વિરહની પીડાને લઇને તે ગાઇ રહી છે. બે પરિસ્થિતિમાં ગાઇ અને ખાઇ શકાય.

એક તો કોઇ આપણને પ્રેમથી જમાડે તો જમી લઇએ છીએ. 'ભાઇ મારા સમ! થોડો પ્રસાદ લઇ લો.' તમે કહો કે અમે તો ભોજન કરીને આવ્યા છીએ, ખાવાનું મન નથી, પરંતુ તેઓ કહેશે થોડુંક ખાઓ. કોઇ જો પ્રેમથી કહે તો તમારે થોડું પણ ખાઇ લેવું પડે છે, ભૂખ ન હોય તો પણ. જુઓ, ખીર ખાઓ છો કે નહીં? જમો છો તમે પરંતુ સુખ મળે છે, તેને. જ્યાં જમી લેવું પણ પરોપકાર છે. તેને સુખ આપવા માટે તમે જમી રહ્યાં છો. લોકો બહુ ભાવથી કહેતા હોય છે કે, 'અમારા મહારાજ કોઇના પણ ઘરે કંઇ ખાતા નથી પરંતુ અમારા ઘરે આવ્યા, અમે બહુ પ્રેમથી આગ્રહ કર્યો. તેથી અમારે ત્યાં તેમણે થોડો પ્રસાદ લીધો. 'તત્સુખ' તેમની ભોજનમાં કોઇ રુચિ નથી, પરંતુ જેવી રીતે પ્રેમથી તેઓને જમાડવામાં આવ્યું તો તેમણે પણ જમી લીધું.' તો જ્યારે પણ કોઇ વ્યક્તિ આપણને પ્રેમથી જમવાનો આગ્રહ કરે તો જમી લેવું પડે છે. જો ખાઇશું નહીં તો મરી જઇશું. તેથી બે પરિસ્થિતિમાં ખાવું પડે. એક તો પ્રેમથી કોઇ જમાડે ત્યારે અને બીજી આપત્તિ સમયે. બે પરિસ્થિતિમાં ગાવું પડે એક તો બહુ આનંદમાં હોય ત્યારે અને બીજું બહુ દુઃખી હોય ત્યારે. દુઃખની અભિવ્યક્તિ કરવા માટે ગાવું પડે છે. બંને પ્રકારનાં ગીતો હોય છે. સુખના અને આનંદના અને જ્યારે દુઃખમાં હોઇએ ત્યારે દુઃખના. આમ, એક ગીત ગોપીઓએ પણ ગાયું, જેને આપણે ગોપીગીત કહીએ છીએ. ગોપી ગીત, કૃષ્ણનું ગીત છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા યોગશાસ્ત્ર છે. ગીતાના પ્રત્યેક અધ્યાયના અંતમાં આપણે વાંચીએ છીએ કે 'ઓમ્ તત્સદિતિ શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે.... ' તેમાં યોગ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના પ્રત્યેક અધ્યાયમાં યોગ છે અને આ ગીતમાં વિયોગ છે. હું શબ્દોની રમત કરીને કહું તો, એમ કહી શકાય કે ગીતા યોગશાસ્ત્ર છે, રામાયણ પ્રયોગશાસ્ત્ર છે અને શ્રીમદ્ ભાગવત વિયોગશાસ્ત્ર છે. ભગવાનના વિરહમાં વ્યાકુળ ગોપીઓએ પોતાની પીડાનું જે ગીતમાં વર્ણન કર્યું છે, તે શ્રીમદ્ ભાગવતનું સર્વોચ્ચ શિખર છે.

પુણીઆ શ્રાવકની પવિત્ર ભાવના

કથાબિંદુ

મુનિ રાજપુણ્ય વિજય

શ્રી મહાવીર સ્વામીની અપરિગ્રહ દેશનાથી ભાવિત થઈ પૂનમચંદ શેઠે પોતાનું ધન ધર્મમાં વાપર્યું અને પુણીઆ શ્રાવક બની ગયા. પ્રતિદિન બે આનાની પુણી લાવે અને અઢી આનામાં વેચે. જે નફો થાય તેનાથી એક ટંક ભોજન કરે. મહાજને નક્કી કર્યું કે પુણીઆ શેઠને દોઢ આનામાં પુણી આપવી, જેથી નફો થાય. બીજા દિવસે તેઓ પુણી લેવા ગયા તો ત્રણ દુકાને દોઢ આના ભાવ સાંભળી શંકા થઈ. અન્ય દુકાને બે આના જાણી ત્યાંથી પુણી લીધી. પોતાના પર મહાજનનો દયાભાવ ખ્યાલ આવી ગયો અને જાતને પૂછ્યું, 'પુણીઆ, તું બિચારો છે કે મસ્તાનો છે?' સાંજે મહાજનને કરબદ્ધ કહ્યું, 'તમે દયાભાવ ન રાખો. મેં ભગવાન મહાવીર પાસે પરિગ્રહ પરિમાણ વ્રત લીધું છે. મારું સામાયિક વેડફાઈ જશે!' આખરે મહાજને તેમને રાખેતા મુજબ માલ આપવાનું શરૂ કર્યું. આજે ધન પાછળ અંધ બનીને દોડનારાને આ કથા સંતોષની દિશા બતાવે છે.